

જન્મ દિવસ
જુલાઈ ૨૧, ૧૯૩૪



સમાધિ મરણ
ઓક્ટોબર ૨૨, ૨૦૧૯

અજન્માજન્મ દિવસ : મે ૧૭, ૧૯૬૯

**કવિરાજ શ્રી નવનીતભાઈ ગો. સંઘવી**

# જીવન ઝરમર અને સ્મરણાંજલિ

" સજીને પ્રેમનું લશ્કર, ચઢો જંગે હે વીર આત્મા;
અમર કિર્તી વરો અક્રમ, ત્રિકાળે પુણ્યશ્લોકાત્મા.. ત્રિકાળે પુણ્યશ્લોકાત્મા! "







દરેક મહાત્મા દાદાના મીણબત્તી સ્વભાવ તણા!

દાદાની દિવ્ય દિવાસળી એ પ્રગટેલા !

ઓલવાઈ જઈએ પોતાપણામાં!

એક થઈ જઈએ મીણ સ્વભાવમાં અને

ઓગળી જઈએ એકબીજામાં !

દિવ્ય થઈ જઈએ એકજ દાદાઈ જ્યોતિમાં !

કવિની યોગ્યતા દાદાના હૃદયમાં !

મીણબત્તી ના મીણની માફક ઓગળી ગયા દાદાની જ્યોતિમાં!

**-હરીશ શાહ, કેલિફોર્નિયા**

જન્મ દિવસ
જુલાઈ ૨૧, ૧૯૩૪



સમાધિ મરણ
ઓક્ટોબર ૨૨, ૨૦૧૯

અજન્માજન્મ દિવસ : મે ૧૭, ૧૯૬૯

## કવિરાજ શ્રી નવનીતભાઈ ગો. સંઘવી

# જીવન ઝરમર
# અને
# સ્મરણાંજલિ

સંપાદન : લાલાભાઈ ડી. પટેલ અને સુરેશભાઈ એન. પટેલ

**Editing Associates**
Alpa Bharuchwala, Sohini Shah & Ela Patel

**Word Processing & Design**
Sandip Patel, Pradeep K. Patel, Ramesh Thakor & Jignesh Patel

**Editorial Team**
Lalabhai D. Patel & Sureshbhai Patel

© VVCRF 2019

*All rights reserved. No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the Publisher.*

*Copies : 1000*

*Date : 11th Nov. 2019 (112th Birthday of Shri Dada Bhagavan)*

**Published by:**
Vasantbhai U. Patel
Founder Trustee,

HOLISTIC SCIENCE RESEARCH CENTER
Vitrag Vignan Charitable Research Foundation
Near Mahavideh Teerth Dham,
Kamrej Char Rasta, N.H. 8, Surat 394185 India
TEL: +91-2621-250750 hsrcsurat@gmail.com
www.holisticscience.org

# ભૂમિકા

શ્રી દાદા ભગવાન પ્રબોધિત'અક્રમ માર્ગ'ના પાયાના સ્તંભરૂપ દાદા કૃપા સિદ્ધ કવિરાજશ્રી નવનીતભાઈ સંઘવીનો દેહવિલય તારીખ ૨૨ ઓક્ટોબર ૨૦૧૯ ના રોજ મુંબઈ મુકામે થયો; જેમના નિમિત્તે આ પુસ્તક પ્રકાશિત કરતાં અમો કવિરાજશ્રી પ્રત્યે ઊંડી લાગણી અને કૃતજ્ઞતાનો ભાવ અનુભવીએ છીએ.

પરાપૂર્વથી ચાલી રહ્યું છે તેમ હર કોઈ મહાપુરુષ કે અવતારી પુરુષને જગતમાં તેમની હયાતી દરમિયાન ગણ્યાગાંઠયા લોકો એ જ ઓળખીને રૂબરૂ લાભ લીધો છે. શ્રી દાદા ભગવાન બાબતે પણ એવું ન થઈ જાય તે માટેના પરમ નિમિત્ત એવા શ્રી કવિરાજ નવનીતભાઈએ શ્રી દાદા ભગવાનની હાજરીમાં જ તેમની સ્તુતિ-વંદના- ભક્તિ અને પૂજ્યશ્રીએ પ્રબોધેલ જ્ઞાન-વિજ્ઞાન-ભક્તિ અને અધ્યાત્મ રહસ્ય સભર આશરે ત્રણ હજાર જેટલાં પદો પૂજ્યશ્રીની કૃપાથી રચ્યાં, ગાયાં અને જિજ્ઞાસુઓ સુધી પહોંચાડી  જ્ઞાની પુરુષની વર્તમાનતામાં જ એમને ઓળખવા ટકોર્યા, પ્રોત્સાહિત કર્યા  જે બાબત એક મહદ્ આશ્ચર્ય છે !! કવિરાજ લખે છે કે 'જાતે ન બોલ્યું કોઈ કાળે 'હું' પ્રગટ ભગવાન છું, તોયે ન સમજે લોક તે આશ્ચર્ય છે કળિકાળનું..'

આનંદની વાત છે કે જ્ઞાની પુરુષ દાદા ભગવાનને તેમની હાજરીમાં જ હજારો માણસોએ ઓળખ્યા અને જ્ઞાન દ્રષ્ટિ પ્રાપ્ત કરી અને તે મહાત્માઓએ કવિરાજ નવનીતભાઈ ને પણ ઓળખ્યા એમનાં અદ્ભુત ભક્તિગીતો-પદો મારફત ! જો કે દાદા ભગવાન પરિવારની બહાર જાહેર જનતામાં અને સાહિત્ય જગતમાં હજુ સુધી કવિરાજશ્રી નવનીતભાઈની આ અદ્ભુત ભક્તિરચનાઓ પહોંચી નથી, જે માટે હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર પ્રયત્નશીલ છે. જ્ઞાન-વિજ્ઞાન ગદ્યમાં હોય તેના કરતા ગેય સ્વરૂપે પદ્ય સ્વરૂપે હોય તો અનેક ગણો પ્રસાર પામે છે અને હૈયા સાંસરવું ઉતરી જાય છે. કવિરાજ લખે છે 'તીર્થંકરી તિજોરીમાં યે સત્ય પર કરતા વિકલ્પ, વિયોગમાં માથાં કૂટે જગ દોઢડાહ્યું , અક્કલ-તર્ક.'

કવિરાજ બીજા એક પદમાં લખે છે કે 'મીરાં યા નરસી આવે તો ટ્રસ્ટી બહાર ઊભે, ''ભક્તિ કરો ને અંદર, અમને દુકાન સૂઝે''.'

ખેદની વાત છે કે ચાલુ વર્ષે દાદા ભગવાનના પરમ કૃપાપાત્ર એવા વડીલ મહાત્માવર્ય શ્રી કે.સી.મહેતા, ડૉ.જે.પી. અમીન સાહેબ, શ્રી રસિકભાઈ પટેલ અને ત્યારબાદ કવિરાજશ્રી નવનીત સંઘવી એ એક પછી એક આખરી વિદાય લીધી છે.અત્યારે આ તબક્કે સૌ મુમુક્ષુઓ તેમ જ દાદા ભગવાન પરિવારના સૌ કોઈ મહાત્માઓને યાદ દેવડાવવાની મારી ફરજ સમજું છું કે પ્રવર્તમાન જ્ઞાની પુરુષ કનુદાદાજી જેમને શ્રી દાદા ભગવાને જ્ઞાનીપદે અનુગામી પ્રસ્થાપિત કર્યા છે અને ભાવિ

તીર્થંકર તરીકે નિર્દેશ કરેલ છે અને જે હાલ નેવુ વર્ષની જૈફ ઉંમરે પણ જગતના કલ્યાણમાં કાર્યરત છે; એમનાં પ્રત્યક્ષ દર્શન અને સમાગમનો લાભ લેવાનું ચૂકે નહીં. રખેને શ્રી કવિરાજ કહે છે તેમ થાય કે, ‘કળિયુગના માનવની આંખો કાચલખોટા, હીરાને ઓળખશે નહીં ને પીછે પૂજશે ફોટા..!!’

જૂન -૨૦૧૧માં કવિરાજશ્રીનો ઈન્ટરવ્યૂ JSS youth વતી ભાઈશ્રી અક્ષય વોરા અને નિતેશ રાણાવત અને તેમની ટીમ દ્વારા લેવામાં આવેલ. પ્રગટ જ્ઞાનીપુરુષ કનુદાદાજીના નિર્દેશ અનુસાર કવિરાજશ્રીના તે ઈન્ટરવ્યુના આધારે શ્રી દાદા ભગવાનના ૧૧૨મા જન્મોત્સવની પૂર્વસંધ્યાએ (તા.૧૦-૧૧-૨૦૧૯) મહાવિદેહ તીર્થધામ, કામરેજ ખાતે કવિરાજશ્રી ની પ્રાર્થના સભા નિમિત્તે આ સુંદર પુસ્તકનું દસ જ દિવસના ટૂંકા ગાળામાં જ સંપાદન કરનાર હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટરના અમારા સહયોગી મહાત્મા શ્રી લાલાભાઈ પટેલ અને શ્રી સુરેશભાઈ પટેલ તેમજ HSRC ટીમના તમામ ઉત્સાહી કાર્યકર ભાઈ-બહેનોને ખુબ-ખુબ ધન્યવાદ આપું છું.

આ પુસ્તકની સનાતન સંસ્કાર કેન્દ્ર હિંમતનગર વતી પ્રભાવના કરી કવિરાજશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરનાર મહાત્મા શ્રી ઈશ્વરભાઈ પટેલ, સતિષભાઈ પટેલ અને હિંમતનગર વિભાગના સૌ મહાત્માઓ નો ખુબ-ખુબ આભાર.

જય સચ્ચિદાનંદ !!

વસંતભાઈ યુ. પટેલ,
પ્રમુખ, વીતરાગ વિજ્ઞાન ચૅરિટેબલ રિસર્ચ ફાઉંડેશન,
કામરેજ, જી. સુરત
તા. ૬ નવેમ્બર, ૨૦૧૯

## *:: Index ::*


૧. શ્રી 'કવિરાજ' – 'નવનીતભાઈ ગોકુળદાસ સંઘવી'ની મુલાકાત ....................૦૧

૨. મન-વચન-કાયાથી ... પદની સમજ કવિરાજ ના હસ્તાક્ષરમાં ....................૩૫

૩. કવિરાજ રચિત પદો બાબતે શ્રી દાદાભગવાનનાં સહજ વચનો ....................૩૯

૪. કવિરાજશ્રીનાં પદોના પ્રથમ પુસ્તક 'મુક્તિસુખ-૧'ની પ્રસ્તાવના ભાવિ તીર્થંકર - શ્રી ચન્દ્રકાંતભાઈ પટેલ ....................૫૦

૫. કવિરાજશ્રી રચિત પદોના પ્રથમ પુસ્તક 'મુક્તિસુખ-૧'નું પ્રકાશકીય નિવેદન - શ્રી રસિકભાઈ રામભાઈ પટેલ ....................૫૨

૬. કવિરાજશ્રી નવનીત સંઘવીનાં પદો અંગે ઉપોદ્ઘાત- શ્રી જી. એ. શાહ ....................૫૫

✍ **શ્રદ્ધાંજલિ**

૭.૧ પૂજ્ય કનુદાદાજી નો કવિરાજ સાથે વિડિયો સત્સંગ – ૨૪-૦૯-૨૦૧૯ ....................૬૮

૭.૨ મારા મોટા ભાઈ કવિરાજ નવનીતભાઈ - ભૂપેન્દ્રભાઈ ગોકળદાસ સંઘવી, મુંબઈ ....................૭૦

૭.૩ અમેરીકામાં કવિરાજ - વસંતભાઈ પટેલ ....................૭૬

૭.૪ હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર ટીમની શ્રદ્ધાંજલિ ....................૮૨

૭.૫ જય સચ્ચિદાનંદ સંઘ, હિમ્મતનગરની શ્રદ્ધાંજલિ ....................૮૫

૭.૬ કવિરાજશ્રીનાં પદો અને તેની સમજ અંગેના રિસર્ચ પ્રોજેક્ટ - સુરેશભાઈ અને ઈલાબેન પટેલ ....................૮૭

૭.૭ મારા Friend, Philosopher & Guide એવા કવિરાજ - લાલાભાઈ ડી. પટેલ ....................૮૮

૭.૮ કવિરાજ: મારા સંગીત ગુરુ - ભૂપતભાઈ પટેલ ....................૯૦

૭.૯ Nagarjee Dada Parivaar Tribute to Shri Kaviraj - Shaila Mulji ....................૯૨

૭.૧૦ સંસ્મરણો - ડૉ. મહેન્દ્રભાઈ ....................૯૪

૭.૧૧ કવિની કરજો કવ્વાલી - કૃણાલ પટેલ ....................૯૬

૭.૧૨ My Musical Guruji - Ramtirth Patel ....................૯૮

૭.૧૩ "સ્મરણાંજલિ" - વડોદરાના મહાત્માઓ ....................૧૦૦

૭.૧૪ Tribute by Jai Sachchidanand Sangh - USA ....................૧૦૧

૭.૧૫ "સ્મરણો" - હીના લિંગાયત ....................૧૦૫

૭.૧૬ દાદા દરબારના અમૂલ્ય રત્ન - રાજેશભાઈ લાકડાવાલા ....................૧૦૬

૮. કવિરાજ સંબંધી ઓડિયો-વિડિયોની લીંક ....................૧૧૧

૧૦. HSRC Mobile Apps for Audio Satsang & Kaviraj Pad (Hymns) ....................૧૧૩

૧૧. કવિરાજનો સૌ મહાત્માઓને સંદેશ ....................૧૧૪



કવિરાજનું પહેલું પદ... ૧૯૬૯

અંધારાં કોટિ વર્ષનાં, પળ સાઠમાં ઉલેચશે;
ટંકોત્કીર્ણ જ્ઞાન–અભેદના, જ્યોતિસ્વરૂપે પ્રગટશે.

# ૧. શ્રી 'કવિરાજ' – 'નવનીતભાઈ ગોકુળદાસ સંઘવી'ની મુલાકાત

**તારીખ :** ૦૯[મી] જૂન, ૨૦૧૧ ને ગુરુવાર (બપોર પછી) **સ્થળ:** મુંબઈ

JSS Youth વતી અક્ષય વોરા તથા નીતેશ રાણાવતના જય સચ્ચિદાનંદ !

અક્રમ વિજ્ઞાની શ્રી દાદા ભગવાનના - વીતરાગ વિજ્ઞાનના એક જ્યોતિર્ધર એવા 'શ્રી નવનીતભાઈ ગોકુળદાસ સંઘવી', આપણા પ્રિય, બધાના વહાલા, કવિરાજશ્રીની મુલાકાત લેવાનો સ્વાનંદ મોકો અમને મળ્યો છે, એની હૃદયથી અમે અનુમોદના કરીએ છીએ અને અમને સદ્ભાગી સમજીએ છીએ.

**કવિરાજનાં પદો વિશે દાદા ભગવાનના ઉદ્ગારો :**

"અમારી તળપદી બોલી(ભાષા) ને, કવિએ જે રીતે અસલ કાઠિયાવાડી ગુજરાતી ભાષામાં પદ્યમાં ઉતારી છે એનું વૅલ્ડીંગ અજોડ છે. અમે જ્ઞાની ભલે હોઈએ, પણ અમારાથી આવી એક પણ *line* લખી ન શકાય. કવિને સાંભળતાં અમારામાં ઝણઝણાટી થવા માંડે છે. અને પુદ્ગલ ઠંડું પડ્યું હોય ત્યારે એમાં કવિરાજનાં ક્રાંતિ ગીતોથી અમને પણ ગરમી આવી જાય છે. જ્ઞાની છીએ તેથી શું !? અમારી પણ પ્રકૃતિ તો ખરી ને !"

(Everyone says - જય સચ્ચિદાનંદ)

જેમના માટે દાદાશ્રીના આવા ઉદ્ગારો છે, તેવા કવિરાજશ્રીને, જેમનાથી દાદાનું જ્ઞાન-ગદ્યમાંથી પદ્યમાં રૂપાંતરિત થઈ, અને ગેય સ્વરૂપે, એટલે કે ગાઈ શકાય તેવા સ્વરૂપે, જગતમાં મહાત્માઓ અને જગતના આંતરિક કલ્યાણ અર્થે પ્રસર્યું, એવા અક્રમ વિજ્ઞાનના પ્રસારના, અદ્ભુત નિમિત્ત, કવિરાજજીને શત-શત પ્રણામ !!

**કવિરાજશ્રી:** જય સચ્ચિદાનંદ !

**અક્ષય અને નિતેશ:** જય સચ્ચિદાનંદ !

**કવિરાજશ્રી:** (ત્રિમંત્ર બોલાવે છે)

**અક્ષય:** તો કવિરાજશ્રી, હવે આપણે પ્રશ્નોત્તરી શરૂ કરી શકીએ ?

**કવિરાજશ્રી:** ચોક્કસ........

**અક્ષય:** જ્ઞાન પામ્યા પહેલાંની આપની જિંદગી, જેમ કે જન્મતારીખ અને દાદાને મળ્યાનું વર્ષ, તથા જ્ઞાન પામ્યાનું વર્ષ

જણાવો.

**કવિરાજશ્રી:** જન્મતારીખ ૨૧-૦૭-૧૯૩૪, દાદાને મળ્યાનું વર્ષ - એપ્રિલ ૧૯૬૯ અને જ્ઞાન પામ્યાની તારીખ ૧૭-૦૫-૧૯૬૯.

**અક્ષય:** આપની શૈક્ષણિક કારકિર્દી, વ્યવસાય વગેરે........

**કવિરાજશ્રી:** 'નોન-મેટ્રિક પાસ'! અત્યારે જેમ બારમું ($12^{th}$ Standard) ને આ બધા આવે છે ને, તેમ એ વખતે metric ગણાતું; અને Metric માં fail થયા એટલે આપણે તો fail થયા એને બદલે non-metric pass. આવો શબ્દ હું બોલતો.

**અક્ષય:** કવિરાજશ્રી ! દાદાજીને મળ્યા પહેલાં આપનું બાળપણ, આપનો ઉછેર એ વિશે કાંઈ જણાવો.....

**કવિરાજશ્રી:** નાનો હતો ત્યારે મારા..... મારા બાપુજી, છ વર્ષનો હતો ત્યારે દેરાસર લઈ જાય રોજ, ત્યાં પૂજા ને બધું સાંભળું, મને પૂજા ને બધું બહુ ગમે, એના રાગ, ઢાળ ને બધું બહુ ગમતું, એટલે બસ ત્યાંથી સંગીતનાં બીજ પડવા મંડ્યા, ઘરે આવીને પૂછું કે "આ મહાવીર ભગવાનની આ પૂજા હતી, એનો ઢાળ, એનો અર્થ શું થાય ?", આવું બધું પૂછ્યા કરું. એટલે સંગીતનાં બીજ આ દેરાસરોમાંથી મળ્યાં મને બધા. બાકી ભણવામાં આપણે 'ઢબુ' ના 'ઢ' હતા. ગણિતમાં તો ઝીરો આવે. ખાલી સંગીત અને ચિત્રકામ, આ બે વસ્તુ બહુ ગમતી. ત્યારે ચિત્રકામ પણ કરતો. જેમ અત્યારે હજારો પદ લખાયાં છે, એવી રીતે હજારો ચિત્રો પણ ચિત્રેલાં. V.T. Station પર વહ્યો જાઉં, અહિયાં museum માં વહ્યો જાઉં, તમે બેઠા હો તો તમારો pencil sketch કરી નાખું, આવી બધી આદતો હતી. કળામાં રસ હતો પણ ભણતર કે એમાં કોઈ રસ નહોતો. બિલકુલ રસ નહોતો. પછી મિત્રોમાં પણ સંગીતવાળા બધા હોય, એવાની દોસ્તી ગમે. Cricket નો થોડો શોખ હતો. બાકી કોઈ રમત-ગમતનો એટલો શોખ નહિ બધો. સંગીત સિવાય વધારે રૂચિ નહોતી કશામાંય પણ. ને એક પ્રવાસનો બહુ શોખ હતો. દર અઠવાડિયે ક્યાં ને ક્યાંક વહ્યા જઈએ. કોઈ picnic spot હોય, વિહાર, પવઈ lake આવી બધી જગ્યાએ ફરવાનો, આવો બધો બહુ શોખ હતો. કુદરતી વાતાવરણો બધાં ગમે.

**અક્ષય:** આનાથી જણાય છે કવિરાજશ્રી, કે આપને કળાઓમાં રસ હતો. તો આનાથી વધારે અન્ય કોઈ કળાઓ ખરી ?

**કવિરાજશ્રી:** ના, બસ. આ સંગીત અને ચિત્રકામ. એમાં સંગીત વિશેષ. એમાં પણ પદ્ધતિસર ક્યાંય શીખવા નહોતું મળતું. પણ જ્યાં કંઈ સારું સાંભળવા મળે ત્યાં બેસી જાઉં. કોઈ મંદિરમાં કોઈ ભજન ગાતું હોય ત્યાં પણ જઈને બેસી જાઉં. આવી

બધી આદત હતી.

**અક્ષય:** કવિરાજશ્રી, શું સંગીત, ગાયન, વાદન આપની કારકિર્દી પણ હતાં ?

**કવિરાજશ્રી:** ના. એ હવે અમુક સંજોગવશાત્ હું કલકત્તા ગયેલો, મને રવીન્દ્ર સંગીત ને એ શીખવાનો રસ હતો. ત્યારે બાપુજી બહુ strict (કડક) હતા. મેં એમને લખ્યું કે મને એકત્રીસ રૂપિયા ફક્ત લૉજ માટે મોકલી આપો તો અહિયાં પછી આગળ મારે રવીન્દ્ર સંગીત શીખવું છે. તો એમણે વળતો જવાબ લખ્યો કે 'ત્યાં ભણવું, કંઈ પણ કરવું હોય તો ત્યાં કમાતાં શીખી જાઓ, ને નહીતર આવવું હોય ત્યારે ઘર ખુલ્લું છે.' આવો જવાબ આપ્યો. એટલે પછી મારી મેળે જ મેં કીધું, ચાલો મને જેટલું સંગીત આવડતું હતું ને ટ્યુશન કરું ને આવું બધું કરું. એમાં ૫- ૬ ટ્યુશન કરવાનાં મળી ગયાં. બસ, એમાં મારી એ રીતે મેં શરૂઆત કરી દીધી. કોઈપણ સ્કૂલમાં જાઉં, ત્યાં બધાય અમુક એવા પૈસાદાર લોકો હોય કે એના ઘરે ટ્યુશન આપું. આવી રીતે આપણો ખર્ચો નીકળી જતો. એ રીતે કારકિર્દી શરૂ કરી. એ પછી મુંબઈ આવ્યો ત્યારે અવિનાશ વ્યાસ, પુરુષોત્તમ ઉપાધ્યાય, એમની સાથે ગરબાપાર્ટી, રાસપાર્ટી, નૃત્ય નાટિકાઓ આ બધામાં પણ મેં બહુ આગળ પડતો ભાગ લીધો'તો, લીડર તરીકે હતો હું એમાં બધામાં. પણ હું ત્યારે ગાતો નહીં. હું બધા ગુજરાતી કલાકારોની સાથે ખાલી હાર્મોનિયમ વગાડતો. પણ એક હાર્મોનિયમ ઉપર ૨૫-૨૫ જણા ગાતા મારી સાથે.

**અક્ષય:** આપે એ સમયે કંઈ કવિતાઓ કે ગીતો લખ્યાં છે ?

**કવિરાજશ્રી:** જોડકણાં જેવાં લખતા કે આમ બે-ચાર મિત્રોની વચમાં હોઈએ ને, કેવું કે - ''ઊંઘમાં જોયું તો ગોરું-ગોરું મુખડું, ને જાગીને જોયું તો ઓશિકું ને ગોદડું.'' આવા-આવા છે ને, લોકોને મિત્ર વર્ગને ગમે એવા અને કોઈ ગરબા ને એવું નાના-નાના ટ્યુન (ધૂન)ને એવું બનાવતો પણ એટલી બધી હથોટી નહોતી. કવિતાઓ પર એટલી હથોટી નહોતી. અને ખાસ તો બધા નવા-નવા ટ્યુન્સ્ (ધૂન) એટલે દરેક કલાકાર સાથે હું કોઈપણ પટ્ટીથી વગાડી શકતો. એ મારી ખાસિયત હતી. જેમ કે કાળી ૧ હોય, ૨ હોય, ૫ હોય કે સફેદ, કોઈપણ સૂરથી વગાડી શકતો. એ મારી એક speciality હતી.

**નિતેશ:** જય સચ્ચિદાનંદ કવિરાજશ્રી ! દાદાજીને આપ કેવા સંજોગોમાં મળ્યા અને એ માટે કોણ નિમિત્ત બન્યું હતું ?

**કવિરાજશ્રી:** મારી લગભગ ૩૫ વર્ષની ઉંમર થવા આવી'તી, મેં આંતરજ્ઞાતિય લગ્ન કરેલાં, એટલે કુટુંબ તરફથી મને બહુ એટલો ક્યારેય પણ response મળ્યો નહિ, હું કુટુંબમાંથી આમ તરછોડાયેલો જીવ કહેવાય એવો હતો, અને કોઈ ધંધા કે business ની કોઈ આવડત નહિ, એટલે 'hand to mouth' (ખિસ્સાં હરદમ ખાલી) જેવી દશા હતી, અને પાન અને cinema અને સંગીત ને આવા બધા તો બહુ રસ હતા. એટલે દર રવિવારે તો બે cinema જોઈ નાખતો. સવારે ૭ વાગે

નીકળું અને રાત્રે બાર વાગે આવું. આવી life હતી. અને hardly ૨ કલાક ઊંઘ આવતી. બહુ બળતરા હતી. એવા સંજોગોમાં, મારી બહેન, મારા મકાનમાં નીચે રહે છે - લીલાવંતીબેન અમૃતલાલ ભીમાણી, એમણે મને કહ્યું કે - "નવનીતભાઈ, એક જ્ઞાની પુરુષ આવે છે ને જે બોલે છે ને, ત્યારે દેવતાઓ સાંભળવા આવે. આવી-આવી વાત કરી એટલે મને કૈંક વિચિત્ર લાગ્યું કે આવું કોણ હોય ? એટલે મને તો એમ કે કોઈ ભગવાં કપડાં કે સાધુના વેશમાં હશે કોઈક, એવું લાગેલું. એટલે મને કહે કે તું રવિવારે ઘરે રહેજે. હવે રવિવારે મારે તો બે cinema જોવાનું; મારી આદત બધી. પણ તે દિવસે બહેને કીધું એટલે વળી રહ્યો. ને કોણ જાણે કેવું નિમિત્ત હશે કે દાદા ભગવાન પોતે પણ પહેલીવાર આ નિમિત્તે બહાર નીકળ્યા. અમારી મુલાકાત થવાની હશે. નહીંતર Santacruz ની રૂમમાંથી કોઈ દિવસ ક્યાંય બહાર નીકળતા નહિ. એવી રીતે વડોદરામાં પણ મામાની પોળની પોતાની રૂમમાંથી ક્યારેય પણ બહાર નીકળતા નહિ. આ પહેલી વખત આ રીતે બહાર આવ્યા. હવે એ વખતે મને બીજા-બીજા સાધુ સંતો કે મોટા વક્તા હોય સારા, એનું બધું program ને સારું ક્યાંય પણ સાંભળવાનું વક્તવ્ય હોય ત્યાં જવાની ટેવ હતી મને. એટલે આગલે દિવસે સાંજે જ રજનીશજીનો માટુંગા સેવા મંડળમાં કાર્યક્રમ હતો. એમાં એમણે એક પ્રશ્ન કર્યો કે "મેં કૌન હું" આમ તમે પૂછો ને તો તમને અંદરથી જવાબ મળશે. મેં કીધું 'હવે આમાં આટલા વર્ષથી ફરીએ છીએ. હજી આવો જવાબ મળ્યો નથી. આટલા દેરાસરો ને બધે ફરીએ છીએ' અને બીજું એમણે એક વાત કરી કે - "ગાંધીજી એક એવા જીવ થઈ ગયા કે એમને હજી એવી કોઈ માતા નથી મળી કે જે એનો ગર્ભ ધારણ કરી શકે." આ વાત મને બહુ ખૂંચી કે ગાંધીજી જેવા મહાત્મા ત્રિશંકુની જેમ આકાશમાં અધ્ધર લટકે નહિ. એ બહુ મને ખૂચતું'તું. એ આગલા શનિવારે સાંજે બન્યું અને રવિવારે દાદા આ રીતે માટુંગા પહેલી વાર આવ્યા. એટલે અમે સાંભળવા ગયા.

### દાદા ભગવાન સાથે પ્રથમ મુલાકાત

**કવિરાજશ્રીઃ** મારી બહેને કીધું'તું એટલે અમે ઊંબરામાં બેઠા'તા ત્યાં. દાદા એ વખતે ખાખી બીડી પીતા હતા. એટલે એક મારો ભય ટળી ગયો. હું ત્યારે, મારા મોઢામાં પણ પાન હતું એટલે એક ભય ટળી ગયો કે આપણને કોઈ બાધા તો નહિ અપાવે. ને સાદા ડ્રેસમાં હતા એટલે મને ખબર ન પડી કે આવા જ્ઞાની પુરુષ આવા ડ્રેસમાં હોય. એટલે પહેલું આશ્ચર્ય એ થયું. પછી કહે 'કાંઈ પૂછો, પૂછો, પૂછો'. આમ કર્યા કરે. એટલે મારી પત્નીએ મને આમ પાછળથી ઘોંચ-પરોણું કર્યું - "તમે ઓલું કહેતા'તાને, ગાંધીજીવાળું, એ પૂછી નાખો", એટલે મેં પૂછી નાખ્યું સીધું કે 'ગાંધીજીનો આત્મા અત્યારે ક્યાં છે?' આની પાછળ એક વાણિયાગત બુદ્ધિ હતી કે જવાબ મળે તો જ્ઞાની છે એ આપણને ખબર પડી જશે અને ઓલો અંદર પ્રશ્ન ગૂંચાતો'તો. તો દાદા તો આમ વેધક દ્દષ્ટિથી છે ને, આમ આંખ સામે જોઈ રહ્યા ને બોલ્યા -"એ જન્નતમાં હોય કે

જહન્નુમમાં હોય ! તારે શું છે ? તું અત્યારે ક્યાં છો એ જો.'' આમ બોલ્યા ને એટલે મેં તરત જ બે કાન પકડી લીધા. ને કહ્યું - ''દાદા ! હું વ્યવહારમાં પણ કાંઈ નથી જાણતો અને ધર્મમાં પણ કંઈ જ જાણતો નથી. મને ફક્ત ગાતાં આવડે છે.'' આ મારી પહેલી મુલાકાત.......

**નિતેશઃ** દાદાજી જોડેના પ્રથમ પરિચય વખતે આપને શું અનુભવ થયો ?

**કવિરાજશ્રી :** હા ! એ પછી દાદા કહે -''કંઈ વાંધો નહિ. ચાલો વિધિ કરો.'' હવે દાદા અંતર્યામી છે એ પહેલી વખત ખબર પડી ગઈ. બીજા જેટલા બધા બેઠા'તા ને એને દાદા શું કરાવતા હતા કે - બોલો, ''દાદા ભગવાનને નમસ્કાર કરું છું. દાદા ભગવાનને નમસ્કાર કરું છું.'' આવી રીતે વિધિ કરાવતા હતાં. અને મને એમ કહ્યું કે - બોલ, ''સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ''. આ હવે એમને કેમ ખબર પડી.? મને એ આશ્ચર્ય લાગ્યું. કારણ કે હું દસ વર્ષથી, છેલ્લાં દસ વર્ષથી ઘાટકોપરમાં જે જ્ઞાન મંદિર છે ત્યાં દર રવિવારે હું આ બધું બોલવા જતો. જ્ઞાન મંદિરનું પણ પાયારોપણ કવિરાજના હસ્તે થયું છે હં. અમે વર્ષમાં ચાર કાર્યક્રમ કરતા. પણ અહિંયા માટુંગા સાવલા સ્કૂલમાં અમે કરતા. પછી એમાંથી એક જણાએ કીધું કે 'આપણે એના કરતાં, ઘાટકોપરમાં એવી જમીન મળી જાય તો ?' તો અમે ટહેલ નાખી. તો એક જણાએ જમીન આપી દીધી. બીજા અમારે એક પડોશી ઓળખીતાએ ૧૧,૦૦૦ રૂપિયા જાહેર કર્યાં અને આ રીતે જ્ઞાન મંદિરની શરૂઆત થઈ. એટલે હું એ અનુસંધાનમાં હતો કે દર રવિવારે 'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ', આત્મસિદ્ધિ, આ બધું બોલવા જતો. પણ દાદા ભગવાને મને વિધિમાં આ બધું બોલાવ્યું કે - બોલ, 'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ', 'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ'. હું બોલ્યો પછી ૭૨ કલાક સુધી મને આની અસર રહી. મને ૭૨ કલાક સુધી દાદા ભગવાનનું મુખારવિંદ યાદ આવ્યા જ કરે, એનું નિદિધ્યાસન રહે. હું ક્યારે ઊઠ્યો, ક્યારે સવારે જમ્યો, ક્યારે નોકરીએ ગયો, રાતના પણ એમ જ, એટલે લાગ્યું કે 'There is something'. આમની પાસે કંઈક છે !

## શ્રીમદ્ રાજચંદ્રજીનો પરિચય

**અક્ષયઃ** કવિરાજશ્રી ! આપને દાદાજીને મળ્યા પૂર્વે શ્રીમદ્ રાજચંદ્રજીનો પરિચય ખરો ?

**કવિરાજશ્રીઃ** હું આ બધું ગાવા જતો એટલે. હું 'આત્મસિદ્ધિ' ગાતો એમાં આ બધું બોલાવતો, ''જેહ સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.'' હવે આ લાઈન આખી બોલું એ બધાને બહુ ગમે. આખા મુંબઈમાં બધાય 'આત્મસિદ્ધિ' ગવડાવવી હોય ને તો મારી પાસે ગવડાવે. પણ મને છે ને 'સ્વરૂપ' એટલે શું ? 'સદ્ગુરુ' શું કહેવાય ? કાંઈ ખબર નહિ. અવાજ સારો એટલે બધાને મારું સાંભળવું ગમતું. પણ મને પોતાને એમાંથી કક્કો ય ખબર

પડતી નહિ. હું ગાઈ જતો, પણ એનો અર્થ ખબર નહોતી પડતી. જેમ મુસલમાન હોય ને ઈ 'રામ-રામ' બોલે તો પણ રામ એટલે શું ? એને ખબર નો હોય. અને અલ્લાહ કહો તો ખબર પડે. એવું મારે ય એવું હતું. એક શબ્દ પણ સમજાતો નહિ, 'નમો અરિહંતાણં'નો પણ અર્થ શું થાય એ ખબર નહોતી. આ બધું દાદાજીને મળ્યા પછી આ બધો ઉઘાડ થવા માંડ્યો.

**અક્ષય:** દાદાજીને મળ્યા પૂર્વે, આપની માન્યતાઓ, આપની beliefs.....

**કવિરાજશ્રી:** કોઈ.....કોઈ લક્ષ વગરનો....સુકાન વગરનું વહાણ ડોલતું હોય ને એવી હાલત હતી. કોઈ દિશા વગર નાવડી પાણીમાં વહી જતી હોય એવી જિંદગી હતી. કોઈ ધ્યેય નહોતું. જે બાજુ હવા આવે એ બાજુ વહ્યા જઈએ એવું હતું. પછી.... લક્ષ મળી ગયું. દાદા મળ્યા પછી. 'ના ! આપણો જન્મ શાને માટે થયો છે ?' આ સત્સંગ ને બધું મળવાથી આ બધું થવા મંડ્યું.

## જ્ઞાન પ્રાપ્તિ

**અક્ષય:** પદો લખવાની કે લખાવાની શરૂઆત કેવી રીતે થઈ આપની ?

**કવિરાજશ્રી:** જ્યારે મારે બેનને ઘરે આ રીતે સત્સંગ થયો, ત્રણ દિવસ પછી મારી બેનને પૂછ્યું કે દાદાજી રહે છે ક્યાં ? પછી એ કહે કે Santacruz રહે છે. પછી દાદા ભગવાને પોતે કહ્યું કે - "આપણે એમ કરીએ-આવતા રવિવારે બધા Elephanta Caves જઈએ." ત્યારે એમનો jetty બાંધવાનો contract લેવાનો હતો. એટલે એમણે એ site જોવાની હતી. ને અમને બધાને લઈ ગયા. અમે દસ-બાર જણા Gateway of India થી બધા બેઠા. ત્યારે પાંચ-પાંચ રૂપિયા ટિકીટ હતી. અને સાથે થેપલા ને અથાણાં ને બધા પોત-પોતાના ઘરથી કાંઈ ને કાંઈ....ઉજાણી જેને કહીએ ને, એવું લઈ આવ્યા. ને Elephanta પહોંચ્યા અમે, તો તરત જ ત્રિમૂર્તિનાં દર્શન કરતી વખતે દાદા બોલ્યા – "જુઓ ! આ વસ્તુ આપણે જ બનાવેલી લોકોના મનોરંજન માટે, અને આ જગ્યા જ આપણને કમાવી આપે છે." એ પછી ઘણા વર્ષો પછી દાદા બોલ્યા કે અગાઉના જન્મોમાં આપણે બધાયે શિલ્પ કામ ને આવું બધું બહુ કરેલું. એટલે મને Ellroa Ajantaની આ ગુફાઓ, શિલ્પકામ, ચિત્રકળાઓ, નૃત્યના એવા બધા pose ને બધું મને બહુ નાનપણથી ગમતું. એટલે દાદા બોલ્યા કે - "આ આપણે આ બધું બનાવેલું હતું ને આપણને આ જગ્યા આજે કમાવી આપે છે." ત્યાં એમને contract મળ્યો jetty બાંધવાનો, એ site જોઈ ને અગિયાર વાગે લગભગ ઉજાણી જેવું બધું કરી, ત્યાં જમ્યા. પછી દાદાને કલાકેક આરામ કરવાની ટેવ હતી. એટલે થોડુંક આમ હાથનું ઓશીકું બનાવીને સૂઈ ગયા. અને કનુભાઈ, (અમે ત્યારે કનુભાઈ જ કહેતા) કનુભાઈ બોલ્યા કે "અમે સાંભળ્યું કે તમે બહુ સારું ગાવ છો, તો કંઈ ગાવ ને". એટલે મેં....... મને ત્યારે કૃપાળુદેવનું આવડતું'તુ બધું – 'બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ

દેહ માનવનો મળ્યો', એટલે મેં જેમ લાઈન શરૂ કરી, તો લલિતામાસી, નીરુબેનના માસી બા છે ને, એમણે મને કહ્યું કે - "દાદાના પગ તમે આમ ખોળામાં લઈ લ્યો ને પગ પણ દબાવો" એટલે મેં તો આ શરૂ કર્યું - 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તો યે અરે ભવ ચક્રનો આંટો નહિ એકે ટળ્યો', એમાં છેલ્લી લાઈન આવી, 'રે આત્મ તારો, આત્મ તારો, શીઘ્ર એને ઓળખો, સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો,' આ લાઈન જેવી આવી ને તો દાદા આમ સફાળા બેઠા થઈ ગયા. આમ સીધા સૂતાં'તા હં ! પણ વગર હાથનો, ટેકો દીધા વગર એમ ને એમ ઊભા થઈ ગયા અને જોસથી બોલ્યા - "સર્વાત્મમાં સમ-દૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. રે આત્મ તારો, આત્મ તારો શીઘ્ર એને ઓળખો, સર્વાત્મમાં....." અને આ 'સર્વાત્મમાં' વખતે જેટલા બેઠા હતા ને અમે બધા, પંદર એક જણા, બધા ને આમ હૃદય સામે આમ જોઈને, "સર્વાત્મમાં સમ-દૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો." પોતાના છાતી ઉપર આમ ગોળ-ગોળ ફેરવતા જાય આમ હાથ. આ વચનને હૃદયમાં લખવું, અને પછી મારી પીઠ થાબડી આમ, એવો ધબ્બો થાબડ્યો, ને બોલ્યા -"તેં કોનાં ચરણ સેવ્યાં છે તેની તને ખબર નથી. જા, તારું કલ્યાણ થઈ જશે." આ પહેલા-વહેલા આશીર્વાદ મળી ગયા મને. બસ ઈ કામ કરતા થઈ ગયા. પછી ઘરે આવ્યો તોય મને આનંદ-આનંદ-આનંદ ઊભરાયા કરે, ઊભરાયા કરે બસ. પછી મારી બેનને કહે કે - "આ ભાઈ-ભાભી તારાં સાદાં છે, સારાં છે, સરળ છે, આપણે ગુરુવારે એમ કરો જ્ઞાન રાખશું ને, એ લોકોને બેસાડી દેજો." હવે જ્ઞાન શું છે ? એ કાંઈ અમને ખબર નહિ - "એને બેસાડી દેજો." આટલા જ શબ્દો. Background શું છે, જ્ઞાન શું છે એ કશી જ ખબર નહિ. ને ગુરુવારે ૧૭મી મે ૧૯૬૯માં અમને જ્ઞાનવિધિ પ્રાપ્ત થઈ. એમાં પેલું 'હું શુદ્ધાત્મા છું', 'હું શુદ્ધાત્મા છું', એટલું યાદ રહ્યું. પછીનાં એકે ય વાક્યો ખબર ન પડે, બધું bumper જાય. કારણ કે આવા શબ્દો જ નહોતા સાંભળ્યા -'અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી....''. બાપ જન્મે ય આવા શબ્દો નહોતા સાંભળ્યા કોઈ'દી. 'અવસ્થા માત્ર કુદરતી રચના છે', છતાં પણ અંદર ગુંજ્યા કરે. આવું થયું બધું. આ રીતે જ્ઞાન પ્રાપ્તિ થઈ ગઈ.

**નિતેશ:** ત્યારના બીજા કોઈ યાદગાર અનુભવો કહો, જેમ કે પ્રથમ પદ કેવી રીતે લખાણું વગેરે......

**કવિરાજશ્રી:** હા ! હવે આ ગુરુવાર, પછી વળી પાછું, મને આનંદ બહુ થઈ ગયો, બહુ આનંદ થઇ ગયો મને. એવો આનંદ થઈ ગયો...... એટલે મારા ભાઈને ને બધાને વાત.... Office માં હું મારા ભાઈને ત્યાં જ હતો. એને કીધું મેં - "જ્ઞાની પુરુષ મળ્યા છે ને મને સાલું બહુ સરસ એમનું આ જ્ઞાન મળ્યું ને મને ૭૨ કલાક સુધી એમનું આમ મોઢું યાદ રહ્યું. ને આ લેવા જેવું છે ખરેખર મજાનું છે." આવી બધી વાત કરી. એટલ પછીના શનિવારે પછી આ જ્ઞાનવિધિ હતી પણ ... એ લોકો તૈયાર ના થયા પહેલાં. પણ હું જતો.... મેં કીધું મારે તો ફરીથી જાવું છે. તે ભાયખલા આવ્યું ને... એટલે ઓચિંતું મને અંદર સૂઝવા માંડ્યું, એટલે પહેલી આ લાઈન લખાઈ ગઈ મારી -'અંધારાં કોટિ વર્ષનાં, પળ સાઠમાં ઉલેચશે, ટંકોત્કીર્ણ

જ્ઞાન અભેદના જ્યોતિ સ્વરૂપે પ્રગટશે', 'પ્રગટશે' કે 'ઝળકશે' આવું કાંઈ લખાઈ ગયું. ને ત્રણ લાઈન લઈને સીધો દાદર પહોંચીને દાદાને કીધું - "આ સરસ એક કવિતા આવી છે, બોલું ?", એમ કરીને દાદાને બોલ્યો. દાદા કહે -"બહુ સરસ લખાણું છે." તો કહે -"બોલો જો... બરાબર બોલો". પછી બીજી વાર બોલ્યો. પાછું કહે - "બહુ સરસ લખાણું હોં." એટલે આપણને જરા આમ ઉત્સાહ આવી ગયો કે અત્યાર સુધી આપણે ગાતા હતા કે બોલતા તો કોઈએ 'શાબાશ' નહોતું કીધું. બહુ જ સારું લાગ્યું. ને તે દિવસે શનિવાર હતો, જ્ઞાનવિધિ થઈ ગઈ. ને રવિવારે પાછો Santacruz પહોંચી ગયો. શનિવારે કનુદાદા નહોતા આવ્યા ત્યારે. અમે ત્યારે એમને 'કનુભાઈ' જ કહેતા. તો દાદા કહે -"આ ભાઈએ છે ને, કાલે બહુ સરસ લાઈન લખી છે." એટલે.... દાદા કહે કે - "ગાઓ ને પાછું." એટલે 'તેત્રીસ કોટિ દેવી દેવતા', 'સામાયિક', ને 'શુદ્ધ આત્મની', 'જ્ઞાની અપૂર્વ લાવશે', ને એ બધું સંભળાવ્યું. એટલે કનુદાદા પણ આમ વેધક દૃષ્ટિથી જોઈ રહ્યા, ને દાદા સામે જોઈને બોલ્યા કે -"મને તો પહેલેથી જ ખાતરી થઈ ગઈ'તી કે આ કોઈ અલગ પ્રકારની મૂર્તિ આવી છે." એટલે એમના તરફથી પણ મને પુષ્ટિ મળી ગઈ. એટલે પાછું ઘરે જઈને બીજું ઓલું - 'દાવા નળની જ્વાળા મહીં, બ્રહ્માંડ પણ ભડકે બળે, પાતાળી ઝરણ કરુણા ભર્યા, જળ શીતળ છંટકારશે, અમૃત વાણી ભગવાનની જળ શીતળ થઈ ઠારશે', આ બધું, એટલે પાંચ-પાંચ કડી થઈ ગઈ. તો આપણને થયું, 'આપણે કાંઈ સારું લખી શકીએ છીએ'. અંદર એવું થઈ ગયું. પછી બીજે દિવસે પાછો સત્સંગ હતો ત્યારે દાદાએ ગવડાવ્યું. મને કહે કે - "ગાવ ઓલું ફરીથી". એટલે પછી આપણને આમ જરા શૂરાતન ચડી ગયું હવે. પછી દાદા એક શબ્દ બોલે ને એના ઉપરથી આમ થાય કે ચાલો લખી નાખીએ. એમ લખવા મંડ્યું, ને ચોથું કે પાંચમું જ પદ આ લખાઈ ગયું 'સર્વસ્વ અમારું અર્પણ છે'.

## યાદગાર અનુભવ

**નિતેશ:** દાદા ભગવાન સાથેનો કોઈ યાદગાર અનુભવ કહો.

**કવિરાજશ્રી :** યાદગાર અનુભવમાં તો આ પેલું કીધું ને ૭૨ કલાક એક નિદિધ્યાસન રહેવું સામાન્ય વાત ન કહેવાય ને ! એક નો એક face સામે, નજર સામે. એ પહેલાં મને સંગીતનો રસ હતો. કોઈપણ film નું ગાયન બહુ ગમે ને તો લગભગ આમ બે કલાક, ત્રણ કલાક, ચાર કલાક યાદ રહે એ. પણ હવે ૭૨ કલાક એકની એક અસર રહે એ મોટામાં મોટો અનુભવ કહેવાય. જિંદગીમાં આવું કોઈદી નહોતું બન્યું. કદાચ આપણને school life માં કોઈ છોકરી પણ ગમી હોય ને તે પણ ૭૨ કલાક યાદ ના આવે કાંઈ. આતો એ યાદ આવ્યા જ કરે એ મોટામાં મોટું આશ્ચર્ય. અને આ લખવાનું શરૂ થઈ ગયું એ પાછું આશ્ચર્ય નહિ ? !!

**અક્ષયઃ** દાદા ભગવાન માટે આપને થતી લાગણી, આપના શબ્દોમાં કહો....

**કવિરાજશ્રી :** હા. પછી તો આમ કલાકમાં છે ને પાંચ સાત વખત યાદ જ આવી જાય. ને એ જે બોલ્યા હોય ને એ શબ્દો આમ અંદર ગુંજ્યા કરે. જેટલું બધું હોયને સત્સંગમાં, સત્સંગનો એક પણ શબ્દ મારી આમ ધારણાની બહાર ન જાય, કારણ કે દાદા જે બોલે એ મને તરત જ અંદર ધારણ થઈ જાય. જે બોલે એ આખાં વાક્યે વાક્ય, આખાં કહીએ ને, type થઈ જાય એવું થઇ જતુ'તું મારે. ને એમને જોઉં ને, મને બહુ ઉલ્લાસ આવી જાય એકદમ આમ. ને દાદાને પોતાને પણ. ઘણી વખત માસી બા પણ કહેતાં કે - "દાદા વહેલા આવે પણ એમ ને એમ સુસ્ત બેઠાં હોય. પણ જેવા તમે સાત-સવા સાતે આવો તો આમ એકદમ પલોંઠી વાળીને બેસી જાય ને એકદમ ઉલ્લાસમાં આવી જાય. ને તરત જ ખાખી બીડી કાઢી એ ત્રણ કલાકમાં જેટલું નીકળ્યું હોય ને એટલું ત્રીસ - પાંત્રીસ મિનિટમાં બોલી નાખે આખું. જેને summary કહેવાય. Summary, short summary. ફરીથી આખું...... કારણ કે મને એમાંથી પાછું કાંઈ પણ પદ સ્ફૂરે એટલા માટે.

## પદ રચના

**અક્ષયઃ** કોઈપણ વિષય પર પદ લખાય, ત્યારે બુદ્ધિના ડખા વગર એ પદો આપ કેવી રીતે લખી શકતા હતા ? એ વિશે પ્રકાશ પાડો.

**કવિરાજશ્રી :** દાદા દર વખતે છે ને, કોઈ ને કોઈ નવો subject કાઢે. Entry થાય ને મારી, હવે તે દિવસે સવારે ઘરમાં જે બન્યું હોય ને, હજી દરવાજામાંથી આવતો હોઉં ને દાદા બોલે કે - "શાકમાં મીઠું ઓછું પડી ગયું હોય તો એને માટે કકળાટ કરવાનો ના હોય. આપણા માટે આજના દિવસે એ હિતકારી હશે. ને ભોગવે એની ભૂલ." આવો subject કાઢે. પછી ઈ subject ઉપર એક અઠવાડિયું સત્સંગ ચાલે. એવી રીતે 'બ્રહ્મચર્ય' ઉપર આવે, વાત કાંઈ પણ, તો અઠવાડિયા દસ દિવસ સુધીની એને માટેની જે ત્રણસો ને સાઈઠ degree કહીએ ને, આવી રીતે બધી વાત ચાલતી. હવે ચાર દિવસ અહિયાં અધૂરું રહ્યું હોય....... પછી વડોદરામાં ચાલે. એ વડોદરામાંથી મને નટુભાઈ કરીને આપણા મહાત્મા હતા નટુકાકા. અમે 'વાસુદેવ' કહેતા. એ લખીને મોકલે. એટલે મને continuity આવી રીતે સત્સંગની રહ્યા કરતી. અને એટલે મારો સત્સંગ કોઈદી ચૂકાતો નહિ. અહીંથી દાદા વડોદરા પણ જાય તો વડોદરાથી પણ મને નટુકાકાના પત્ર આવી જતા. એમાં મને ખબર પડે કે ત્યાં શું નીકળ્યું. એટલે મારી continuity આ રીતે બહુ રહી. નવ વર્ષ સુધી આ continuity મારી રહી. એટલે કે 'બ્રહ્મચર્ય' ઉપર મારે લખવું હોય તો 'બ્રહ્મચર્ય' વિશે દાદા જેટલાં વાક્ય બોલ્યા હોય એ બધાં 'at a time', તમે computer માં આમ click કરો એટલે કેમ આવી જાય એમ મારી નજર સામે આવવા મંડે. પછી એને કેમ ગોઠવવા એ મને આ મારી

ગાવાની આદત હતી ને, આ વાગોળવાની, સંગીતની મારી ટેવ હતી ને એટલે automatic જ આમ.... આમ એની મેળે જ આવવા મંડે અને પછી એ કોઈવાર મગજમાં ટ્યુન આમ આવ્યા કરે... (Kavirajshri is humming) આવી રીતે ચાલે. એટલે મને થાય કે બ્રહ્મચર્ય ઉપર નથી આવ્યું. એટલે આમ મનમાં બોલું - 'એક બ્રહ્મચર્યમાં', પછી દાદા બોલ્યા હોય કે - "એનું ખંડન થાય તો બધા (વ્રત) તૂટી જાય", (now Kavirajshri sings) 'પાંચે વ્રતો આવી જાય'. પછી દાદા કહે કે – "જો બ્રહ્મચર્ય પાળે ને તો એનાથી આમ તેજ આવે." (now Kavirajshri sings) 'આખા શરીરે જો શીલ ઊભરાય'. આવી રીતે મને આવી લાઈન આવી જાય. એમાં પાછું મગજમાં ઘૂંટું અંદર કે આ ગાઈ શકાય છે કે નહિ બરાબર. આ રીતે આ પદ આવી જાય. પછી એને લગતાં બધાં connection માં જે પણ વસ્તુ હોયને ઈ બધું આવતું જાય. ને પછી એમ થાય કે ના, આના પછી આ લાઈન શોભે. કોઈવાર પેલી લાઈનને, એમ થાય કે ના, આને છેલ્લી કરી નાખું. અને વચમાં આની વચમાં હજી આવું હોઈ શકે. ઈ બધું આખા દિવસમાં ઘૂંટાય. ને સવારે પાંચ વાગે મારી ઊંઘ ઊડી જાય. ને આખું પદ લખાઈ જાય. બસ આ રીતે લગભગ બે-અઢી વર્ષ સુધી રોજે-રોજનું એક પદ આવતું. રોજે-રોજ.....

**અક્ષય:** શું આવા ઉચ્ચ આધ્યાત્મિક શબ્દોના અર્થો આપ સમજતા હતા?

**કવિરાજશ્રી:** હા. કોઈક વખત આમ બરાબર સમજણ સાથે આવે. કોઈક વખત એમ ને એમ બી આવી જાય. કે ચાલ, આની સાથે આ શબ્દ શોભે છે ને. પણ ઈ ખરેખર accurate જ આવ્યું હોય. ને – "કવિનો શબ્દ ભૂલવાળો હશે તો પણ એનો અર્થ નીકળશે, જાવ", એ blessing હતા દાદાના. ને લગભગ કોઈ એવો આવ્યો નહોતો કે છેકો પડે. એટલે દાદા પોતે કહેતા કે -"પદનો એક પણ શબ્દ કોઈ છેકતા નહિ." અને કહે સહજ, સહેજા-સહેજ નીકળ્યું છે ને સરળ. એટલા માટે.

**અક્ષય:** દાદાના દર્શન મુજબ જ શબ્દોનું આ અદ્‌ભુત welding કેવી રીતે થતું?

**કવિરાજશ્રી:** ના. એ તો દાદા પોતે આશ્ચર્ય પામતા કે - "આ welding તો જુઓ !" દાદા એને welding કહેતા. Welding એટલે કહે ને કે ઈ સાંધો ઉખડી ન શકે, એને welding કહેવાય. આ બધાય ધાતુઓની ભાષામાં કે એને છેકાય જ નહિ, દરેક શબ્દ આમ જે special શબ્દ આવ્યો હોય ને દાદા ખૂબી એની કાઢતા ને બધાને બતાવે કે -"જો આ welding જુઓ, જો કેવું, કેવું સરસ welding છે ! કેટલું સરસ welding છે !"

## નૈમિત્તિક પદ રચના

**અક્ષય:** આપના માધ્યમ થકી આપને નિમિત્ત બનાવીને 'દાદા જ આ બધું કરી રહ્યા છે', એવું આપને સમજાતું, અનુભવાતું?

**કવિરાજશ્રી:** હા. હા. ઘણી વખત એમ થાય કે આ મગજમાં વિચાર બીજો ચાલતો હોય ને ઓચિંતું automatic બીજો flow આવતો હોય. ને એવી રીતે આમ બધા બીજા શબ્દો આવવા મંડે, લાઈન આવવા મંડે. બધું આવું આ subject ઉપર વિચાર નહોતો કર્યો આપણે. એવું આવવા મંડે. અને પછી આમ..... પછી કલમ રોકાય નહિ. હાથમાં જે કાગળિયું આવ્યું એના ઉપર લખી નાખું. અત્યારે પણ હજી લખતાં, અહિયાં, ઓચિંતું તમારી સાથે અત્યારે વાત કરું છું અને બે શબ્દ કે કાંઈ નવા આવી જાય તો એને આ અત્યારે આ કાગળિયું હોય ને એની ઉપર લખી તો નાખું એક વખત. ટપકાવી નાખું. હજી આ ટેવ ખરી આજે. એવી રીતે આવી જતું. એને કોઈ સ્થળ, કાળ, સમય કોઈ બંધન નહિ. એકવાર ઓચિંતું માસીબાનો ફોન આવ્યો. ત્યારે એ વખતે છે ને દાદા જણાવતા નહિ કોઈને કે - ''ક્યારે જઈએ છીએ ને ક્યારે આવીએ છીએ''. એટલે પછી મેં કીધું - ''દાદા, અમને બહુ ખરાબ લાગે છે. અમે પછી દાદર ઉતરીએ અને કોઈ કહે કે આજ દાદા વયા ગયા સવારે. એના કરતાં તમે જાવ કે આવો ત્યારે અમને જણાવો.'' એટલે પછી આવે ત્યારે, છે ને માસીબાને સીધો ફોન કરી દે કે - ''અમે આવી ગયા છીએ.'' માસીબાએ મને ફોન કર્યો કે -''દાદા આવી ગયા છે.'' બસ આટલા શબ્દો બોલ્યા ને હજી office ખોલીને બેઠો'તો કે તરત જ લખાઈ ગઈ લાઈન - 'લાગે છે દાદા આવી ગયા છે.' અને પંદર મિનિટમાં આખું પદ લખાઈ ગયું.- ''જડ ને ચેતન છાંટી ગયા છે, લાગે છે દાદા આવી ગયા છે.'' આવી રીતે લખાઈ જતું. પંદર મિનિટમાં આખું પદ લખાઈ ગયું. સાંજે જઈને દાદાને બતાવ્યું. દાદા તો ખુશ-ખુશ થઇ ગયા એકદમ - ''કહેવું પડે !''. આવી રીતે લખાઈ જતું. એક ટકોર લાગેને આમ બસ આમ spark (ઝબકારો) થઈ જાય ને આમ લખાઈ જાય.

## સૂરની મધુરતા

**અક્ષય:** આજે આટલી જૈફ વયે પણ આપના અવાજની ગુણવત્તા આપ કેમ કરી જાળવી શક્યા છો ?

**કવિરાજશ્રી:** એમાં મને છે ને, બહુ ઓછું બોલવાની ટેવ છે. ને બહુ બરાડા પાડીને બોલવાની ટેવ નથી. એટલે આ જળવાઈ રહે છે. બાકી તો God gifted, એને કુદરતી બક્ષિસ કહેવાય આ બધી. અને આને સ્વરપેટી કહેવાય. દરેકની સ્વરપેટી પોત-પોતાની નિરાળી હોય છે. જેવા ભાવ કર્યાં હોય ને એ પ્રમાણે કોઈ કહે કે મારે આવી જાતનો અવાજ જોઈએ છે, તો એવી જાતનો. ઘણા ગમે એટલી કોશિશ કરે છતાં - 'અ અ અ..... એવો જ ખોખરો અવાજ નીકળે. કારણ કે effect એ બધાની સરખી જ હોય. પણ એને જાળવવી પડે. મેં કોઈ નિયમ નથી પાળ્યો, બાકી વરિયાળી, દૂધ, એલચી, સાકર, આ બધું ખાય તો અવાજ સારો રહે. અને મેં જિંદગીમાં આવું કાંઈ ખાધું જ નથી. એનાથી વિરુદ્ધ મારો બધો આહાર હતો. તમાકુવાળાં પાન હોય, એમાં કડક સોપારી હોય. આવું બધું, સાવ.... સાવ વિરુદ્ધ આહાર હતો છતાંય ગવાય છે ! આ

કુદરતી બક્ષિસ કહેવાય.

**નિતેશઃ** કવિરાજશ્રી, એને દાદાની કૃપા કહેવાય ?

**કવિરાજશ્રીઃ** દાદાની કૃપા તો ૧૦૦% કહેવાય ને. ૧૦૦%. હજી મને ઘણી વાર છે ને, અરે America માં એકવાર થઈ ગયુ હતું , વસંતભાઈ લઈ ગયા હતા એક ઠેકાણે. અને આગલે દિવસે જ બહુ જોર-જોરથી બધું બોલેલા ને. કારણ કે ઓલું કોઈદી આવી ઠંડી પડે એમાં સફર કરેલી નહિ. એટલે ને વસંતભાઈ તો ગાડી ચલાવે તો બસો-બસો કિલોમીટર દૂર જવાનું હોય. આવો ખોખરો અવાજ થઈ ગયો. અને ત્યાં જાહેર કર્યું, એક મોટું મંદિર હતું એમાં. ત્યાં તો શું છે કે બધાય જેટલાં ગુજરાતી હોયને, તમે... તમે જૈન હો તો મંદિરમાં 'મહાવીર'ની મૂર્તિ બેસાડો, સામે વળી કોઈ બાજુવાળો વૈષ્ણવ હોય તો 'કૃષ્ણની'. મંદિર એક જ હોય ને બધા બધાયના ઉત્સવમાં જતા હોય. આવે ઠેકાણે મારો કાર્યક્રમ રાખેલો. હવે અવાજમાં સાવ આવો બેસેલો. પગથિયા ચડતાં જ સીધી અંદર દાદાને પ્રાર્થના કરી - 'દાદા આજ લાજ તમારા હાથમાં છે.' કારણ કે બધી.....બધી કોમના માણસો આવવાના હતા. ને આખું મંદિર ભરાઈ ગયેલું. મંદિર હતું હોં ! રીતસરનું. ને ત્યાં જઈને આપણે 'નવ કલમ' બોલ્યા ને એવા ફાટેલા અવાજે પણ ગાયું ને, એકે-એક જણે વખાણ્યું કે -"શું સરસ તમે ગાયું છે !" પણ ત્યાં મારે 'વૈષ્ણવ જન તો તેને કહીએ' ને આવું બધું ગાવું પડે. પણ એકે-એક જણે વખાણ્યું. મેં કીધું એટલે જો આ લાજ.....'લાજ રાખે ભગવાન' એ આ. સાવ અવાજ બેસી ગયેલો. તોયે સરખું ગવાણું. એટલે સત્સંગ વખતે ક્યારેય વાંધો નથી આવતો. તબિયત આવી હોય કે ગમે એમ હોય. એ વખતે છે ને, એ flow આવી જાય છે. આ કૃપા. આને કૃપા કહેવાય.

**નિતેશઃ** આપ જૈનધર્મ અને શ્રીમદ્ રાજચંદ્રને દાદા જોડે કેવી રીતે સંલગ્ન કરો છો ?

**કવિરાજશ્રીઃ** શ્રીમદ્ રાજચંદ્રે છે ને, જૈનિઝમના વિજ્ઞાનની શોધ ખોળ બધી કરી'તી. પણ અમુક જગ્યાએ અટકી ગયા હતા. ને આ વ્યવસ્થિત કેમ ચાલે છે એ નહોતું સમજાયું. છતાંય એમણે લખ્યું......લખાણમાં છે એમના કે - "જગત કોઈ અકળ વ્યવસ્થિત રીતે ચાલે છે." પણ આ 'વ્યવસ્થિત શક્તિ' એ ફોડ દાદાએ પાડ્યો. એટલે દાદાએ અમુક વખતે ઉલ્લેખ કર્યો કે- "એમનું જે બાકીનું કામ રહી ગયું હતું ને એ અમારા આ દેહ થકી પૂરું થાય છે." એટલે આ link પૂરી થઇ જાય કે શ્રીમદ્નો આત્મા એ જ આ આત્મા છે. ને દાદા એ અમુક વખતે અમને ફોડ પણ પાડ્યા હતા. અમે જયારે ખંભાત ગયા હતા ત્યારે ફરતાં-ફરતાં દાદા કહે કે – "જુઓ ! અમે અમારી મૂર્તિને પગે લાગીએ છીએ. અમે ના પાડી'તી... અમે ના પાડી'તી. છતાં લોકોએ જો અમારી આ મૂર્તિ બનાવી. અમે ના પાડી'તી." એટલે અમારું ઓલું પદ છે ને, એ લાઈન એમાં - "જાતે

અમે આવ્યા છીએ પૂર્વે આ વદેલ જો, કાઢી લેજો કામ, હું છું મૂળ મોક્ષ પહેલ જો. સત્પુરુષનો ભેટો થવો, અતિશય દુર્લભ જો. ભેટો થયે ઓળખાણ પડવી મુશ્કેલ જો. ઓળખાણ પડ્યે કામ કાઢી લેવું કહેલ જો. કામ કાઢી સાંધો મળ્યે કાયમી ઉકેલ જો.'' Prove થઇ જાય છે કે, 'અમે પહેલાં કહી ગયા છીએ ને એ જ અમે આવ્યા છીએ'. - 'જાતે અમે આવ્યા છીએ, પૂર્વે આ વદેલ જો'. (કવિરાજ ગાય છે). ''અમે પૂર્વે આ કહી ગયા છીએ કે મોક્ષ મળશે તો અમારા થકી જ. તો અત્યારે prove થઈ ગયું છે કે અમે આવી ગયા છીએ.'' આ તો આનો ગૂઢાર્થ સમજે તો માણસને ખબર પડે.

## ગાયક-ગાયિકા

**અક્ષય:** કવિરાજશ્રી ! આપના જ પદની એક લાઈન છે - 'ગાયક ને ગાતો જોવા ને, ગાયિકા ખૂબ-ખૂબ રોઈ છે.'........

**કવિરાજશ્રી:** એમાં એટલે કે, હું પહેલા છે ને, મારી આમ ઠામ ઠેકાણાં વગરની જિંદગી હતી. એટલે દાદા ભગવાને મારું નામ 'ગાયક' પાડ્યું હતું. અને દમયંતીનું નામ 'ગાયિકા' પાડ્યું હતું. એટલે -''એ ગાયક આવી ગયો.'' પછી દમયંતી આવે તો કહે - ''ગાયિકા આવી ગઈ.'' એટલે આવા શબ્દો દાદા બોલતા. પણ ત્યારે છે ને જિંદગી કોઈ....ઠામ ઠેકાણા વગરની હતી. એટલે માણસને tragedy તો લાગેને. એટલે પછી દાદા મળ્યા પછી આ balance આવવા માંડ્યું. એટલે કોઈ regularity નહોતી. આ કહું ને રવિવારે સવારે નીકળી ગયો હોઉં નવ વાગે, તો રાત્રે બારે છેલ્લી ગાડીમાં આવ્યો હોઉં. એવી life હતી. અરે લગ્ન કર્યાં ત્યારે મને ખબરે ય નહોતી કે આપણે કમાવું પડે ને ઘરમાં ખર્ચો આપવો પડે. આવાં મગજ હતાં બેકાર. એટલે એને દુઃખ તો થાયને.

**અક્ષય:** આ લાઈન જરા...... ગાઈને સંભળાવો.

**કવિરાજશ્રી:** ''ગાયક ને ગાતો જોવાને, ગાયકી ખૂબ-ખૂબ રોઈ છે'', આ તો આખું પદ.... વર્ષો પહેલાં આ તો.... ૩૮-૪૦ વર્ષ પહેલાં લખાયેલું પદ છે. કઈ bookમાં છે એ પણ મને ખબર નથી.

## આશ્ચર્યકારી અદ્ભુત વિશેષણો

**નિતેશ:** દાદા ભગવાન માટે આશ્ચર્યકારી અદ્ભુત વિશેષણો જેમ કે 'કલ્કિ અવતાર' અને બીજા, એ આપ કેવી રીતે આપી શક્યા છો ?

**કવિરાજશ્રી:** ના, ના. એ તો જે.... કવિએ જે આ બધા વિશેષણો આપ્યાં છે ને, એને જ દાદા welding કહેતા. - ''રોકડનાથ મારા દાદા ભગવાન, તીર્થંકર નૂર મારા દાદા ભગવાન, બ્રહ્માંડી શક્તિ મૂળ દાદા ભગવાન, ચોવીશી રચનાર દાદા ભગવાન'', આ બધા કોઈ અજોડ, કોઈ કલ્પનામાં ન હોય એવા બધા શબ્દો છે. આવા ઘણા શબ્દો છે. આવા એક

જયંતભાઈ હિરાણી કરીને અમદાવાદમાં હતા. એમણે આખી એક diary લખી'તી કે કવિના પદોમાંથી નવા શબ્દો કે જે શાસ્ત્રોમાં ન હોય એવા. અને એક-એક શબ્દ પર આફરીન થઈ જતા. એમણે બહુ શાસ્ત્રો વાંચેલાં... અને એમાંયે એમને અમુક લાઈન તો આપણી બહુ ગમતી. ઓલું -"જગતમાં મિશ્ર ચેતન સંગ, ન બનશો ક્યાંય પણ નીડર, મળો ત્યારે શુદ્ધાત્મા જોઈ, છૂટા પડતાં પ્રતિક્રમ કર." આવી....આવી લાઈન તો ઘરમાં રીતસર સુવર્ણ અક્ષરે લખીયે ને, આવી રીતે લખી નાખતા.

**અક્ષય:** તો કવિરાજશ્રી ! આવા અજોડ welding થયેલા શબ્દો, 'વિશેષણો' આપનામાં કેવી રીતે આવતાં ?

**કવિરાજશ્રી:** એમાં.....અમુક એવા શેરબજારવાળા માણસ પણ આવતા કે - "દાદા તમે જેમ કવિને આશીર્વાદ આપ્યા ને એ કવિ થઈ ગયો એમ અમને પણ આશીર્વાદ આપોને. અમે પણ કવિતા લખી શકીએ." દાદા કહે - "એમ ના થાય. એને આગલા જન્મોનું આરાધન હોય આ બધું." કહે આગલા જન્મોમાં પણ બધું આવું કામ કર્યું હોય. દાદા તો નરસિંહ..... નરસિંહ મહેતા જ કહેતા. એટલે કહે કે એ જ આ આત્મા છે. આમ એટલે કે નરસિંહ મહેતા આમ ગુજરાતીમાં આદ્ય કવિ ગણાય અત્યારે. જે ગુજરાતી કવિતાનું સાહિત્ય કહેવાય ને, તે તો નરસિંહ મહેતા થકી સાહિત્ય તરીકે આવ્યું બહાર. એટલે આદ્ય કવિ કહેવાય નરસિંહ મહેતા. દાદાએ એમ બે-ત્રણ વાર ઉલ્લેખ કર્યો છે કે -"આ એ જ આત્મા છે નવનીત".

**સરસ્વતી વહેશે !**

**અક્ષય:** આપને આપનું પ્રિય પદ કયું ?

**કવિરાજશ્રી:** મને પોતાને મારું સહુથી...... સહુથી વધારે છે ને 'સર્વસ્વ અર્પણ'. કે આમ તો ઘણાં છે બધાં. તમે કોઈ માને પૂછો કે - "તમારે છ બાળક છે એમાં કયું પ્રિય ?". તો કંઈ એમ કહે કે - "પહેલો વહાલો છે ને બીજો વહાલો નથી, અળખામણો છે." એમ કવિને છે ને...... દરેક પદ અમને પ્રિય જ હોય. જ્યાં પ્રસુતિની વેદના થાય ને એવી અંદર વેદના થાય. પછી આ જન્મ પામે છે. એમ ને એમ નથી લખાતું એકે ય પદ. બહુ અંદર વેદના થાય. ને જ્યારે લખાઈ જાય સરસ, તો આમ બહુ આનંદ થાય. લાખો રૂપિયા મળી ગયા હોય ને એવો....એવો આનંદ અંદર થાય. પણ મારું પોતાનું પ્રિય આ -"સર્વસ્વ અમારું અર્પણ છે, ભગવાન તમારા શરણોમાં સુચરણોમાં.....સુચરણોમાં.....સુચરણોમાં". શા માટે ? કે આ જ્યારે લખાણું ને ત્યારે.... ત્યારે દાદા પાસે ગયો હું ને સંભળાવ્યું. દાદા આમ જોઈ રહ્યા. ને કહે -"માગ માગ... જે માગે એ આપી દઉં." મેં કીધું -"દાદા આપો....એવા આશીર્વાદ આપો કે આ ગીત છે ને દુનિયાના કોઈપણ મંદિરમાં ગાઈ શકાય. એવા આશીર્વાદ આપો." ને ખરેખર મને પોતાને એમ હતું કે આ... આ ગીત તો આપણું એવું છે કે કોઈપણ

temple માં તમે christian, મદ્રાસી, આ તે, ક્યાંય પણ ગાઓ ને તો ગવાય એવું છે. એટલે દાદાએ વધારે રાજી થઈ ગયા એ વખતે..... ઊલટા વધારે રાજી થઈ ગયા એ વખતે, એકદમ. ને કહે કે – "જા ! તારા મોઢે...." આ તો ચોથું કે પાંચમું જ પદ છે હં. હા !! આ 'સર્વસ્વ'. ને કહે કે -"જા ! તારી કલમે અને જીભે સરસ્વતી વહેશે.". અને પછી તો રોજ ના રોજ પદો લખાવા લાગ્યા આ blessing થી. આ blessing થી આ બધું લખાવા માંડ્યું.

**અક્ષય:** આ જ સંદર્ભમાં જયારે દાદાજીએ કહ્યું કે - "તારા મોઢે સરસ્વતી વહેશે." એવા દાદાના આશીર્વચન મળ્યા, એના પહેલા આપ કેટલીવાર દાદાજીને મળ્યા હશો ?

**કવિરાજશ્રી:** ના ! બસ જો આ... આ તો આ જ્ઞાન પછી આ લખાવાનું શરૂ થયું ને. એ પહેલા તો મળ્યો જ નહોતો ને. પહેલું આ 'અંધારા કોટિ', ને પછી બે-ચાર બીજા પદ અને પછી પાંચમું-છઠ્ઠું આ લખાઈ ગયું.

**અક્ષય:** આપની ત્યારની અનુભૂતિને વર્ણવો જેણે દિવસો, મહિનાઓ, વર્ષો સુધી દાદાના એ આશીર્વચનથી, આપના મોઢેથી સરસ્વતી વહાવી છે.

**કવિરાજશ્રી:** એટલે આ.... ફક્ત આ દાદાનું લખવાનું ને એના સિવાય મારાથી કાંઈ બીજું કાંઈ લખાણું પણ નથી, બોલો ! ઘણીવાર કોઈ કહે કે - "આનો લગ્ન પ્રસંગ છે ને એને માટે લખી આપો ને આવું." મેં કીધું કે -"ભઈ હું ઓલો ફરમાઈશીયો કવિ નથી." મને દાદાના, અંદરના અંદરથી, આમ ટકોરો વાગેને, દાદા માટે જ લખાય છે. બીજા કોઈને માટે લખાતું નથી. એક મારા માતૃશ્રી ગયાં ત્યારે મેં એક પ્રાર્થના સભામાં એક ગીત ગાયું'તું. તે છ મહિના પછી બીજા એક જણા આવ્યા મને કહે કે -"અમારાં પણ માતૃશ્રી ગયાં છે. લખી આપોને." મેં કીધું - "હું ઓલું ફરમાઈશ ઉપર લખનારો કવિ નથી. મને તો અંદરથી, અંદર ટકોરો થાય, અંદર પ્રેરણા થાય, તો જ મારાથી લખાય છે, નહીતર નથી લખી શકાતું. જેને ready-made કહીએ ને એવું નથી મારામાં. નથી એવું ભઈ."


Kaviraj
Navnit G. Sanghavi

## પ્રભાત-ફેરી

**અક્ષય:** દાદાજીનું પ્રિય પદ કયું હતું ?

**કવિરાજશ્રી:** દાદાજીને પોતાને તો આ "અમોને મોક્ષ મળતો'તો, છતાં રોકાઈ ગયા જાણી, અમારી ભાવના જ હતી, જગત-કલ્યાણ કરવાની. અમે ખુદ મોક્ષ રોક્યો'તો, 'વ્યવસ્થિત' શોધને કાજે. અબજ વર્ષો જે ગુપ્ત હતું, તે નીકળ્યું વિશ્વમાં આજે. કરે છે કોણ...? એ ભ્રાંતિ..." એ આખું પદ દાદાને મોઢે હતું. બીજાં ઘણાં પદ હતાં 'કેસરિયા વીરના' - "કેસરિયા વીરના યા હોમ, ફતેહ વિના જંપે નહિ." આ આખે આખા પદ મોઢે -"આત્મ જ્ઞાન સરળ સીધું, સહજ થયે છકે નહિ". પાછા આમ બોલે કે -"છાક ચડેને એ બધું અજ્ઞાન કહેવાય." એનું આખું સમજાવે. ને એક-એક પદની પછી એની વિશિષ્ટતા શું છે ? એ બધું. ને આવાં ક્રાંતિકારી પદ દાદાને બહુ ગમતાં. પછી એવાં જ્યારે અમુક વધારે લખાણાં ને ત્યારે દાદા કહે કે - "એમ કરો, સવારે છે ને.. પાંચ થી સાડા છ સુધી 'પ્રભાત-ફેરી' કાઢો." પછી તે વખતે બધા-ખેતસીભાઈ, નીરુબેન, દિપકભાઈ, યોગેશભાઈ, કવિરાજ, દમયંતી બધાં આમ એક-એક area નક્કી કરીએ કે દાદર મળવાનું. દાદર station થી ફાળકે road સુધી જવાનું. પછી કાલે માટુંગા તો અરોરા side જવાનું. પછી કાલે મુલુંડ જવાનું. આવી રીતે પહેલી ગાડી પકડીને બધા ભેગા થઈએ. દોઢ કલાક આવી રીતે 'પ્રભાત-ફેરી' કાઢતા. છ મહિના લાગ-લગાટ આવું કાઢ્યું. ને એની પાછળ દાદાનો આશય શું હશે એ અમને ખબર નહિ. પણ લગભગ એવું કાંઈક હતું તે મહાવીર સ્વામીને છે ને.. ત્યારે બે-ત્રણ મહિના બાકી હતા, ૨૫૦૦ વર્ષ પૂરાં થવાને. એટલે એ પહેલાં હવા જમાવવી હતી. એ પહેલાં દાદા ના પાડતાં'તા – "આનો propaganda કરશો નહિ. પ્રચાર કરશો નહિ." ના જ પાડતાં'તા દાદા. આનો બહુ propoganda કરવાનો નહિ. ને આ જેવું આ 'પ્રભાત-ફેરી' ને આ બધું થઈ ગયું ને, પછી ભગવાનને ૨૫૦૦ વર્ષ નિર્વાણને પૂરાં થઈ ગયાં ને પછી કહે - "હવે open-to-sky. કહેવા મંડો બધાને." એ પછી એટલે ૧૯૭૪ પછી આ દાદાએ open કર્યું. એ પહેલા છ મહિના 'પ્રભાત-ફેરી' ને બધું કઢાવ્યું આવું.

**અક્ષય:** એટલે આ જે આપે કહ્યું કે - દાદાનું પ્રિય પદ 'અમોને મોક્ષ મળતો'તો'. એ કેવી રીતે લખાણું આપનાથી, એ ઉપર થોડો પ્રકાશ પાડો.......

**કવિરાજશ્રી:** એ તો આ દાદા સત્સંગમાં વાત કાઢે ને બધી કે - "ભઈ, અમને પણ મોક્ષ મળતો'તો, પણ આ 'વ્યવસ્થિત' શું છે. એ મેં કહ્યું." કૃપાળુદેવે પણ લખ્યું છે -"છતાં જગત કોઈ રહસ્યમય શક્તિથી ચાલે છે." આ કૃપાળુદેવનાં વાક્યો છે. એવું જ કૃપાળુદેવનું બીજું વાક્ય છે. અને એમને એ ઘણા કહેતા'તા કે - "તમે જે આ ચાર જણને આપ્યું" સોભાગભાઈને ને

બધાને આપ્યું, લઘુરાજ સ્વામીજીને અને બધાને આપ્યું, તો એવું બધાને આપોને. તો કહે -"ના ! હજી કાળ નથી પાક્યો." એમ કહેતા હતા, એ વખતે પછી. એટલે કે દાદા કહે કે - "ભગવાનના વખતમાં પણ અમને તો મોક્ષ મળી જતો'તો, પણ અમારી ઈચ્છા હતી કે આવું....આવું જ્ઞાન અમે જગતમાં રસ્તે ચાલતા માણસને પણ આપી શકીએ ને ત્યારે અમે મોક્ષે જશું."

## કનુદાદાજીનું પ્રિય પદ

**અક્ષય:** હવે, કનુદાદાજીનું પ્રિય પદ કયું ?

**કવિરાજશ્રી:** હા ! કનુદાદાજીને તો વધારે પ્રિય તો છે ને - "મન, વચન, કાયાથી તદ્દન જુદો એવો, બ્રહ્મસંબંધવાળો હું શુદ્ધ-આત્મા છું." આ એક એમનું પ્રિય છે અને બીજું ઓલું "જેના, વાણી, વર્તનને વિનય છે મનોહર પ્રેમાત્મા," પછી આ પણ એમનું પ્રિય હતું - "ખુદાના જન્મ પૂર્વે...". હા, એ શબ્દ યાદ નથી આવતો......."અલ્લાહના જન્મ પૂર્વે મુસ્લિમ હતા જે." આ પણ એમનું બહુ પ્રિય છે. પાંચ-સાત બહુ પ્રિય છે એમને. આમ બાકી તો છે ને પહેલી 'મુક્તિ-સુખ'નાં એમને બધાં જ પદો પ્રિય છે. કારણ કે એ વખતે અમારી આમ બીજી રીતે જોઈએ તો છે ને, સંઘનું પહેલું પ્રકાશન...... 'મુક્તિ-સુખ' છે. 'જય સચ્ચિદાનંદ સંઘ'નું. એટલે અમારી system શું હતી એ વખતે છે ને, હજી આપણે સત્સંગમાં tape-recorder નહોતું આવ્યું. હું મુંબઈમાં સત્સંગમાં ગાઉં, કનુદાદા ધારણ કરી લે. અને વડોદરામાં કનુદાદા ત્યાં બધાને ગવડાવે. રસિકભાઈ આવ્યા હોય તો રસિકભાઈ અહિયાં ધારણ કરી લ્યે. એક પદ આવું લખાણું હોય ને જેમ આ - "લાગે છે દાદા આવી ગયા છે." તો અઠવાડિયા સુધી હું ગાયા કરું. બસ. એટલે એ લોકો જેટલા હોય એ બધાને મોઢે આવડી જાય. અને ત્યાં જઈને વડોદરામાં બધાને શીખવાડે. એવી રીતે વડોદરામાં.....વડોદરામાં કોઈ સાંભળે એ અમદાવાદમાં, આવી અમારી link હતી બધાની. એટલે.....એટલે એ લગભગ 'મુક્તિ-સુખ'નાં પહેલા બધાં જ પદો છે ને કનુદાદાને મોઢે જ છે. દાદા ભગવાનને પણ મોઢે હતાં. નીરુબેનને પણ બહુ ગમતાં બધાં. એ તો સર્વમાન્ય થઈ ગયાં બધે ય.

## દાદાને કવિના પ્રેમપત્રો

**અક્ષય:** દાદાજીને આપ કેવી રીતે આલેખશો ? આપની લાગણીઓને..... આપની દાદાજી માટેની લાગણીઓને વ્યક્ત કરવા ?

**કવિરાજશ્રી:** મેં કહ્યુંને એમાં લખ્યું છે કે - "દાદા માટેના પદ એ જ દાદા માટેના અમારા પ્રેમપત્ર છે." ને બીજા એક પદમાં પણ હતું કે - "પ્રેમ કોને કહેવાય ? તો કે આંખ બંધ કરીએ અને જે આપણને નજીક લાગે એને પ્રેમ કહેવાય." આવા બધા

શબ્દો લખાયા છે. અને બીજા અમુક છે -''પ્રથમ મુલાકાત પ્રથમ પરિચય, છતાંયે લાગ્યો સંબંધ અવિચળ. બહુ ન સમજું છતાંયે ચોક્કસ, છો આપ અદ્‌ભુત અને અદ્વિતીય.'' અને આ અદ્વિતીય ને આવા શબ્દો આપણે જ વાપર્યા છે. બીજા કોઈ શાસ્ત્રમાં મળે નહિ આ બધા. છે સાવ સામાન્ય શબ્દો, છતાં આપણા પદમાં આવી ગયા છે આ બધા. એટલે દાદાને આ બધા પદ બહુ....બહુ ગમતાં, બધાં ય ગવડાવતા..... બહુ ગવડાવતા આ બધાં. ઘણીવાર તો સત્સંગમાં, છે ને પહેલા બાર વર્ષમાં ફક્ત ૨૧૦૦ જણને જ્ઞાન આપ્યું દાદાએ, એ વખતે પછી નવા ન આવ્યા હોય, પાંચ-સાત-દસ જણા હોય ને તો ઘણીવાર ત્રણ-ત્રણ કલાક સુધી પદ જ ગવડાવતા, અને 'મુક્તિ-સુખ' નાં અમુક પદ છે આ 'મન, વચન, કાયા' છે ને એના જેવા. - ''અંબાલાલ મૂળજીભાઈ મહીં દાદા ભગવાન, સ્થાવર જંગમ હરતું-ફરતું તીર્થ છું.'' આવા બધા હોય ને એ છું-છું-છું વાળા એ કાઢે દાદા - ''આ ગાવ, આ ગાવ....'' આખું એક કલાક કાઢી નાખે એની ઉપર. એટલે એક  સામાયિક થઈ ગયું જાણે એવું લાગે.

## પૂર્વનું અનુસંધાન

**અક્ષયઃ** દાદાજી અને આપનું અનુસંધાન - નિમિત્ત અને નૈમિત્તિકપણું, એટલું સુંદર ઘટ્યું કે આપની જિંદગીમાં આટલો ઉચ્ચકક્ષાનો બદલાવ આવ્યો. તો એના વિશે આપની શું સમજણ છે?

**કવિરાજશ્રીઃ** આમ તો દાદા ભગવાને પોતે જ ઉલ્લેખ કર્યો છે. તમે હમણાં site પર 'નટુકાકાની નોંધપોથી' માંથી દાદા ભગવાન પદ માટે જે બોલ્યા છે ને, એમાં મને પોતાનેય ઘણા વાક્યો ખબર નહોતી. પણ એ દાદા ભગવાન વડોદરામાં બોલેલા, 'નટુકાકાની નોંધપોથી'માં હતું, એમાં દાદા ભગવાન પોતે બોલ્યા છે સ્પષ્ટ. એટલે નટુકાકા એ મને વંચાવતા પછી- ''પહેલા તીર્થંકર વખતે કવિ અહિયાં હિન્દુસ્તાનમાં નહોતો બાકીના ત્રેવીસે-ત્રેવીસ તીર્થંકરમાં કવિ અને અમે એક જ સભામાં બેઠાં છીએ.'' એવું દાદાશ્રી કહેતા. એટલે આ અનુસંધાન છે બધાં. એટલે દાદા બોલેને એ મને આમ ઠેઠ ઊંડે સુધી ઉતરી જાય. એટલે દાદા ઘણીવાર કહેતા કે-''કવિને ભલે આમ વ્યવહારિક જ્ઞાન નથી પણ દર્શન બહુ ઊંચું છે......દર્શન બહુ ઊંચું છે.'' એક શબ્દ બોલે ને મને આખું આમ ઊંડાણ સુધી સમજાઈ જતું એમનું.

**અક્ષયઃ** મહાત્માઓ અને જગતને આ સુંદર યોગદાન મળી રહે છે એ માટેના કારણોમાં પાછલા જન્મોનું આપનું અનુસંધાન કારણભૂત ખરું?

**કવિરાજશ્રીઃ** આ કહ્યુંને ત્રેવીસ જનમ. એટલે દરેક તીર્થંકર શું કહેવા માંગતા'તા. જેવું દાદાના મનમાં હતું, એવું અમારા મનમાં પણ બેસી ગયું હશે. એટલે એમની મુલાકાત પછી એ બધો ઉઘાડ થઈ ગયો. એ પહેલાં મારે કોઈ ધર્મ પ્રત્યે એવું

આકર્ષણ કે કાંઈ નહોતું. એટલે દાદા અમને અમારા જેવાને બધાને - "કોરી પાટી" કહેતા. કે -"આનામાં જે લખોને એ લખાઈ જાય." કોઈ....કોઈ પક્કડ નહોતી કે આ ક્રિયાથી જ આમ થાય. ક્રિયા-બ્રિયા તો ગમતી જ નહિ. કોઈદી પૂજા-બુજા કરવા ગયા નહિ. હજી યે ધોતિયું પહેરતા નથી આવડતું એટલે પૂજા કેમ થઈ શકે ? કારણ કે જૈનના દેરાસરમાં તો ધોતિયા વગર કોઈ allow જ ન કરે ને. એટલે ક્રિયા મને આવડી જ નહિ. મગજમાં પણ નો આવ્યું ને હજીયે....હજીયે નથી બેસતું.

**અક્ષય:** દાદા ભગવાન થકી કશું જાણવા મળ્યું હોય તો એ એમના જ શબ્દોમાં જણાવો.

**કવિરાજશ્રી:** આ જે લખાણું છે એ બધું એમના જ શબ્દોમાં છે ને.

## દાદા ભગવાનના અસીમ જય જયકાર હો

**નિતેશ:** "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો"- આ મહામંત્ર કેવી રીતે, કેવા સંજોગોમાં આપને સ્ફૂર્યો ? એ વિગતવાર કહો.

**કવિરાજશ્રી:** જ્ઞાન મળ્યું પછી છ-સાત મહિને દાદા કહે કે - "ચાલો આપણે હવે બધા જાત્રાએ જઈશું". તે અહીંથી અમે બધા લોકો નીકળ્યા. અહીંથી માસીબા, લીલીબેન-મારા બેન, દમયંતી ને બધાં. ત્યાં સવારે ગયા, તો દાદા કહે કે - "આજ સાંજે આપણે બધાયે જાત્રાએ જવાનું છે." એટલે કોઈ અનિશ્ચિત. કોઈ નિર્ણય નહિ. તો ક્યાં-ક્યાં જશું ? બધાયે નક્કી કર્યું list. એટલે તરત જ રસિકભાઈ દોડ્યા. એ સંઘપતિ ત્યારના હતા, ને નટુકાકા ને આપણે. આટલી-આટલી જગ્યાએ જવું છે, તો'કે ચાલો નીકળી જઈશું. એટલે પછી અમુક ઠેકાણે busમાં ગયા. અમુક ઠેકાણે trainમાં ગયા આવી રીતે બધે જઈએ. એમાં કેસરિયાજી પહોંચ્યા અમે ત્રીજે દિવસે. ત્યાં કેસરીયાજીમાં સાંજે બરાબર આરતીના ટાઈમે પહોચ્યાં. તો ત્યાં આરતી થતી હતી. ધૂપ, ચંદન, અગરબત્તીને એનાથી. ને એટલું સરસ સુગંધીમય વાતાવરણ હતું. તે જેવી આમ આરતી થઈ ને પછી દાદા આમ ગભારામાંથી બહાર આવ્યા ને આમ છાતી ઉપર આમ હાથ રાખ્યો. ને બોલ્યા - "કવિરાજ ! જે ઋષભદેવ દાદા ત્યાં છે ને એ અહિયાં પ્રગટ થઈ ગયા છે." બરાબર આમ વચમાં હાથ રાખ્યો. ને મારા મોઢામાંથી નીકળી ગયું, - "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો". હું બોલ્યો એટલે તરત જ બધા ય મારી સાથે ૩૨ જણ હતા એ બધા સાથે બોલ્યા - "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો". અને પછી દાદા અમને ખાસ શું કામ લઈ ગયા'તા કે ત્યાં શિવ મંદિર પણ છે અને કૃષ્ણનું પણ મંદિર છે. એટલે પછી દાદાએ પ્રદક્ષિણા કરાવી બરાબર એક કલાક સુધી. એક કલાક ચાલ્યો હું. આખી પ્રદક્ષિણા ફરી-ફરી ને અને જોર-જોરથી બધા બોલ્યા - "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો". આ એક કલાક ચાલ્યું. અને મને બહુ શાબાશી આપી દીધી. દાદા કહે -"કવિરાજ, તમે જગત ઉપર બહુ ઉપકાર કર્યો. આ અજોડ વસ્તુ



બહાર પડી છે.'' અને પછી તો એના માટે દાદા ઘણે ઠેકાણે, ઘણી વખત.... કહેતા કે - ''જે લોકો કદાચ અમારા જ્ઞાન...જ્ઞાનથી વંચિત રહી જશે. તો આ કીર્તનભક્તિથી પણ લાભ પામશે.....'' ત્યારે કીર્તનભક્તિ નામ નહોતું પડ્યું, ''પણ આ જયકારા બોલાવે છે ને આનાથી પણ લોકોને સમકિત થઈ જશે.'' આટલા blessing આપ્યા. અને જ્યારે પોતે છેલ્લા બીમાર હતા ત્યારે ત્રણ અઠવાડિયા અગાઉ કહ્યું કે - ''હવે ચોવીસ કલાક માટે આ બોલાવો.'' ને ત્યારે ૨૨મી નવેમ્બર, ૧૯૮૭ લગભગ હતી અને ચોવીસ કલાકની પહેલી-વહેલી વડોદરામાં કીર્તનભક્તિ રખાવી હતી. અહિયાં મુંબઈમાં પણ અમે રાખી'તી. - ''ચોવીસ કલાક દાદાએ આજ્ઞા કરી છે. આ કીર્તન બોલવાનું છે.'' અને પછી તો હવે રિવાજ થઈ ગયો, કોઈપણ આવું બીમાર પડે એટલે કે -''કીર્તનભક્તિ બોલાવો બે કલાક.'' હવે આપણે તો આવા ટુકડા કરી નાખ્યા. પણ દાદાએ પહેલી ચોવીસ કલાકની કરાવી'તી.-''કે ચોવીસ કલાક બોલજો બધા.'' ને અત્યારે જો દુનિયાના એક આશ્ચર્યમાં Guiness Book of World Recordમાં મૂકાય એવી વસ્તુ બની ગઈ છે કે આજે પચીસ વર્ષ થઈ ગયાં, ૧૯૮૮માં દાદા ભગવાનના દેહાંત પછી, દર પખવાડિયે કીર્તનભક્તિ રહી છે. અને ૧૯૮૮ થી ૧૯૯૪ સુધી તો આપણે માટે બધા મહાત્માઓ માટે, સંઘ માટે 'black period' જેને સાડા સાતી કહીએ ને એવો period હતો. ત્યારે આખા ગુજરાતમાં બધા આપ્તપુત્રો અને ઠેર-ઠેર.....અઠવાડિયે-અઠવાડિયે કીર્તનભક્તિ ઉપર જ છે ને.. સાડા-સાત વર્ષ કાઢ્યાં છે. બધા પોત-પોતાની રીતે પ્રયત્નો કરતા હતા. પણ કોઈનું જામતું નહોતું બરાબર. પણ મોટામાં મોટો, વધારે આ કીર્તનભક્તિ ઉપર જ આધાર બધા.....ને. બધા તે વખતે નીરુબેન પણ આવે, દીપકભાઈ પણ આવે, કનુદાદા પણ આવે, બધાય આવતા. ને ઠેર-ઠેર નાના ગામડાઓમાં, કોઈને રાગ પણ નહોતા આવડતા. એ વખતે હું બધી જગ્યાએ પહોંચી જતો. એ વખતે 3rd Classની ticket કઢાવતા મહાત્મા. બેંતાલીસ રૂપિયા સુરતના થતા... વડોદરા..... અમદાવાદના સાંઈઠ રૂપિયા ને આવી રીતે. પણ બધે પહોંચતો. ને ચૌદ-ચૌદ કલાક મેં એકલાએ કીર્તનભક્તિ કરાવી..... ગવડાવી છે. કોઈને એના રાગ નહોતા આવડતા...... એટલે મને પાછું થાય કે ના-ના એક ને એક ઢાળમાં બધા monotonous, બધાને થાય..... એટલે એના કેટલી-કેટલી જાતના રાગ બનાવ્યા-''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' (Kavirajshri sings in different tunes). કારણ કે ચૌદ કલાક મારે ગવડાવવાનું હોય, હવે એક ના એક રાગમાં હું ગવડાવ્યા કરું તો મને પોતાને ય ન ગમે. ને યોગેશભાઈને તો એવી ટેવ હતીને C-90 ની cassette પૂરી કરવાની ત્યાં સુધી મારે દોઢ કલાક ગાવાનું. પછી અડધો કલાક જઈને ચા-પાણી પીવું ને જરા..... ત્યાં પાછા કહે કે -''ચાલો હવે બીજું કોઈ નથી ગાતું એટલે તમે પાછા ચાલો.'' એટલી વારમાં નવી ટ્યુન મગજમાં બેસાડી દઉં. કે ચાલો આ રીતે ગવડાવું -''દાદા ભગવાનના અસીમ જય જયકાર.....'' (Kavirajshri sings). આવી રીતે અલગ-અલગ રાગમાં ગવડાવ્યું'તું. આનું પણ એક આશ્ચર્ય થઈ

ગયું કે Americaમાં એક આપણા મહાત્મા છે હસમુખભાઈ કરીને એના ઘરે Neumerologist.....અંકશાસ્ત્રી કહેવાય. એણે આ sticker વાંચ્યું. ત્યારે મારી પાછી એવી ટેવ હતી કે sticker અલગ-અલગ colourમાં હજારોના હિસાબે છપાવતા ખેતસીભાઈ. જ્યાં પણ આ પૂરી થાય ને આપણી આ કીર્તનભક્તિ એટલે હું આમ ઉલાળતો અને નાના છોકરાઓ તો મારી આજુ-બાજુ ટોળે વળી જતા. ખિસ્સામાં નાખે બધા ય. ને જ્યાં જગ્યા આવે ત્યાં ચીટકાડી દયે. એ Neumerologistએ એવું જ એના ઉપરથી તારણ કાઢ્યું'તું. એણે પહેલાં વાંચ્યું કે આ કોઈક મંત્ર લાગે છે. પછી કહે ના. એણે ગણતરી કરી આમ - ''મંત્ર નથી. આ મહામંત્ર છે''. અને ચૌદ લાખ જાતના સૂરોમાં દુનિયામાં ગવાવાનું છે એકવાર. આવું જ બીજા એક મહારાજસાહેબે પણ કહ્યું છે - ''આના ચૌદ લાખ જાતના ટ્યુન્સ્ થશે.'' એટલે કે દરેક ચૌદ લાખ જાતના માણસના layers છે કે નાનામાં નાના layersના માણસ પણ આ સમજી શકશે અને ઊંચામાં ઊંચા layersના માણસ પણ સમજી શકશે. આના માટે વિશેષ તમારે વાંચવું હોય તો 'કીર્તનભક્તિ' નામની આપણી book છે. એના ઉપોદ્ઘાતમાં મેં આ લખ્યું છે કે આ કેવી રીતે લોકોને પહોંચશે. બહુ સમજવા જેવી વસ્તુ છે કે એમાં Western બધી...- ''દાદા ભગવાનના...... દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' (Kavirajshri sings in different tunes). ગરબા રીતે, Westernised, બધી રીતેના... અને દુનિયાભરના જે તાલ છે ને, એ બધા તાલમાં પણ આવી જાય. - ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' (Kavirajshri sings in different tunes). આ.....અલગ-અલગ રાગથી શું થાય કે દરેક રાગના પણ અમુક time હોય છે. સવારના timeમાં આ રાગ ગવડાવો તો એની effect થાય. અમુક રાગ રાતના ગવડાવાય તો સરસ. એટલે આ ચોવીસ કલાકની ચાલેને એટલે અલગ-અલગ સમયે અલગ-અલગ રાગમાં ગવાય તો એનું વાતાવરણ આખું ઊભું થઈ જાય. એને માટે....ને....મેં કેટલાય એવા લોકો જોયા છે કે જેમ તમે કોઈને લઈ આવ્યા હોય friend ને કે -''ચાલ ને અહિયાં કીર્તનભક્તિ છે આ.'' ખાલી કીર્તનભક્તિમાં આવ્યો હોય ત્યારથી દાદાના સત્સંગમાં આવતો થઈ ગયો. આવા Americaમાં એક નરેન્દ્રભાઈ કરીને છે. એ આવ્યા'તા. L.A. માં મને ૧૯૯૨માં બોલાવ્યો'તો. એ કીર્તનભક્તિ હતી. એ ભાઈ તો કહે કે - ''હું તો Universal Studio ને એ બધું જોવા આવ્યો છું.'' તો એને સાથે જે ભાઈ લઈ આવ્યા હતા....લગભગ નલીનભાઈ કરીને હતા, કે -''કાંઈક દર્શન કરી પછી જતો રહેજે .'' એણે બહાર ગાડી પણ ઊભી રાખી'તી. Family સાથે આવ્યા હતા ભાઈ. પણ અંદર entry મારી ત્યારે મારી હજી ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' (Kavirajshri sings). આ મારી શરૂઆત થઈ - ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.....દાદા......'' (Kavirajshri sings). એણે સાંભળ્યું. એ પગે લાગે છે દાદા ભગવાનને...ને....એને સુખડ ને ચંદનની ને એવી..... સુગંધ આવવા માંડી. પછી તો પાછું bathroom માં ગયો તો bahthroomમાંય સુગંધ આવ્યા કરે.

એ દરવાજા સુધી પહોંચ્યા ત્યાં પણ આવે. - "આ સાલું ગજબનું !! સાલું bathroom જેવી bathroom માં.....ત્યાં પણ સુખડને આની સુગંધ." એટલે બહાર જઈને એની wife ને...ને બધાને કહે કે -"હું અહિયાં બેસું છું તમે લોકો ફરી આવો જાવ." ને ચોવીસ કલાકમાં ઊઠ્યો નહિ એ માણસ. ચોવીસ કલાક સુધી બેઠો રહ્યો ! આશ્ચર્યમાં જાય આ બધી વસ્તુ. હવે એ ત્યાંની પ્રજા, એ લોકોને ગુજરાતી આવડે નહિ. છતાંય એને જેણે....એ માણસે હિંમત કરી છે. 'નટુકાકાની નોંધપોથી', કે જે ૮૦ books અને લગભગ હજારો પાનાં થાય છે. એને ગુજરાતીમાં type કર્યું છે. ને અત્યારે......internet પર લાગી ગઈ છે આ 'નટુકાકાની નોંધપોથી'. એમાં મને પોતાને પણ ખબર નથી, કે પદો માટે લગભગ ૪૦૦ વાક્યો દાદા ભગવાન બોલ્યા છે. -"કવિના પદમાં શું ખૂબી છે ?" એ હમણાં છેલ્લા આ વખતના અક્રમમાં ઉલ્લેખ કરવામાં આવ્યો. ....છેલ્લા ત્રણ અંકમાં. હજી અડધા બાકી છે હં. ત્યારે લોકોને સમજ પડી કે આ પદનું ઊંડાણ શું છે. ને દાદા કહે છે કે - "હજી પાંચસો વર્ષો પછી તો લોકો ગોતશે કે કવિ ક્યાં રહેતો હતો ? એના મા-બાપ કોણ હતા." આવું બધું ગોતવા આવશે. જેમ નરસિંહ મહેતા માટે અત્યારે શોધ-ખોળ ચાલે છે. એમ પાંચસો વર્ષ પછી 'કવિ ક્યાં રહેતો'તો ?' એની શોધ-ખોળ લોકો કરશે. આવું દાદાનું એમાં બધું એ નોંધપોથીમાં આવે છે. ને site પર લાગી ગયું છે 'simandhar.org', આમાં આ બધુ લાગી ગયું છે. પણ આશ્ચર્યની વાત કે ગુજરાતી ભાષા માણસ જાણતો નથી છતાં ગુજરાતીમાં એણે type કર્યું છે આ બધું. એ ખૂબીની વાત છે. ગુજરાતી....ને....એક-એક પાનું લખતાં કેટલો time લાગે ખબર છે, ગુજરાતી type કરતાં ?. હવે...ત્યાંની, Americaની ભૂમિમાં આવું લખી, કરી શકે છે. એ આશ્ચર્યમાં જાય આ બધી વસ્તુઓ અમુક.

**નિતેશ:** આ કીર્તનભક્તિનો મહિમા અને એમાં રહેલી અદ્‌ભુત શક્તિઓ વિશે પ્રકાશ પાડો.

**કવિરાજશ્રી:** હાં. એ તો દાદા ભગવાન ઘણાં વાક્યો બોલ્યા છે એના માટે. અમીન સાહેબે પણ આ કીર્તનભક્તિ વિશેની આખી book બહાર પાડી છે. એ આખી વાંચો તો આખો સત્સંગ થઈ જાય એવું છે. એટલી સરસ એમાં matter લખી છે. કે દાદા કહે કે - "આ તમારી પોતાની આત્માની ભક્તિ છે. એમાં.....દાદા....કોઈ વ્યક્તિ વિશેષની ભક્તિ નથી. આપણા પોતાના આત્માની ભક્તિ છે આ." એ વખતે બિલકુલ - ગાનાર ગાય છે, જ્ઞાતા દૃષ્ટા રૂપે આપણે અંદર સ્થિર થઈ જવાનું. આત્મસ્વરૂપે. ને નવનીત કેવી રીતે ગાઈ રહ્યો છે એ સાંભળવાનું. એ પોતે સાંભળવાનું. ને પોતાના આત્માના ગુણોમાં રમણતા થયા કરશે. ઘણા.... કંઈ-કંઈ પ્રકારે આ રમણતા થાય છે એ ઘણું આ કીર્તનભક્તિની book માં આપ્યું છે. એટલે દાદા કહે - "આ આપણા પોતાના આત્માની જ ભક્તિ છે." અને ઘણીવાર તો આશ્ચર્ય રીતે કહેતા. કોઈ નવું માણસ આવે ને એટલે... દાદા કહે - "ચલો આ બોલો", એમ કરીને - "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો... બોલો." એમ બોલાવે પછી... પછી પાછા કહે કે -"આ શું કામ ગવડાવીએ છીએ ?! અમે અમારા ગુણલાં નથી ગવડાવતા. અમારે પણ'

ચાર degree ખૂટે છે ને જ્ઞાનમાં, એટલે અમે ગાઈએ છીએ. તે આ ચાર degree અમારી, આ ગાવાથી પૂરી થઇ જશે. તમારે પણ એક-બે degree તો ખૂટતી હશેને.?'' આવો કટાક્ષ મારે. એટલે કે - ''અમે પોતે જ્યારે આ ગાઈએ છીએ ચાર degree માટે તો તમારે ગાવી જોઈએ.'' પણ બધાને વાત આવી રીતે કરે. - ''તમારે એક-બે degree તો ખૂટતી હશે ને ?'' ઓલું પણ દસ મિનિટ ગાય ને પછી તો જે એનો ઉલ્લાસ આવી જાય ઈ આશ્ચર્યજનક છે. કહે કે -''પછી ભૂલાતા જ નથી.'' દસ મિનિટ દાદાએ જેને પોતાની સામે ગવડાવ્યું હોય ને એ માણસ પછી ભૂલ્યો નથી જિંદગીમાં, દાદાને. ભલ ભલા હં !! મોટ-મોટા એવા. એ દાદા 'એ' ગવડાવતા ત્યારે ઈ વાતાવરણ બનતું. એ ગાનાર ભલે ગમે તેમ-''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' (Kavirajshri singing out of tune). આવી રીતે ગાય છતાં દાદા એ રીતેય એની સાથે આમ બરાબર એને કે -''ગા...ગાઓ.'' કે આમ....એમ કરીને એનામાં ભાવ જગાડતા દાદા.

## નમસ્કાર વિધિ અને આરતી

**અક્ષયઃ** આ બધી આરતીઓ, સીમંધર સ્વામી ભગવાનની, દાદા ભગવાનની, કૃષ્ણ વાસુદેવની, શિવ ભગવાનની, જ્ઞાનાંજન, રાજીપો - એ બધું કેવી રીતે, appropriate, યથાયોગ્ય શબ્દોનું જોડાણ અને એમની 'સ્થિતિને' અનુલક્ષીને ભાવો સાથેની, આપમાં કેવી રીતે ઉદ્ભવી ?

**કવિરાજશ્રીઃ** અમે શરૂઆતમાં જયારે પચાસ-પંચાવન પદ લખાણાં ને ત્યાં સુધી દાદાના ઘરે Santacruz જતા સાંજે. સાંજે જતા તો ત્યાં કૃપાળુદેવનું પુસ્તક દાદા લે અને પછી ઓલું - છેલ્લે દાદા પોતે આ બોલતા - ''હે પ્રભુ ! હે પ્રભુ શું કહું, દીનાનાથ દયાળ, હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ.'' આ ગાતા. પછી નટુકાકા મને કહે - ''એલા, તું કવિ પાક્યો ને દાદાને માટે કાંઈ નથી લખતો ? કાંઈક લખને દાદા માટે, આરતી કે એવું કૈં. આ પછી આરતી વખતે આપણે આ ગાઈએ ને આમ-આમ... કરીએ એના કરતા.'' એટલે મને શોલો ચડ્યો. 'મૂળ દીવાથી' આપણે લખી નાખ્યું પહેલું. હાં ! દાદા કહે - ''ગાવ...ગાવ'', દાદા પછી રોજ ગવડાવતા કારણ કે પાંચ આજ્ઞા વણાઈ ગઈને. પછી આ... પછી આ બધી આવતી ગઈ ધીમે-ધીમે. દાદાનું મેં જોયું છે કે આ તમે 'નમસ્કારવિધિ' છે ને એ પણ એક જ જગ્યાએ નથી લખાણી. 'નમસ્કારવિધિ'નું પહેલું વાક્ય નીકળ્યું ખંભાતમાં - ''પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રે વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.'' આ જે મેં પહેલી જાત્રાની વાત કરી તે કેસરીયાજીની. ત્યારે અમે છેલ્લા ત્યાં પહોંચેલા અને સાંજે પોણા-સાત થઈ ગયા, તે વડવામાં. ઓલો કહે કે - ''હવે ચોવિયાર થઈ ગયો. તમારે અહિયાં કાંઈ મળે નહિ.'' તો પછી અમે ખંભાતથી બધા નાસ્તાનાં પડીકાં લઈ આવ્યા હતા. તે ત્યાં ખોલ્યાં. જેવાં ખોલ્યાં ને,

દાદા કહે - ''ઊભા રહો.'' ત્યારે પછી આમ દાદા છે ને એક આવી....એક...એક ખાસ આવી...આવી એક કૃષ્ણ ભગવાન આમ છેલ્લે બેઠા'તાને આમ (Kavirajshri puts his left leg on his right knee and shows the way Dadaji used to sit) એવી મુદ્રામાં ખાસ બેસતા. કોઈ વખત કહેતા કે - ''જો તીર અહિંયા વાગ્યું હતું આમ.'' (Kavirajshri points at the centre of his left foot while sitting in the position described above) આવું યે બતાવતા. તે એ મુદ્રામાં....... પછી કહે કે - ''પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ.........'' અમે બધાં પડીકાં ખોલ્યાં'તાને કે હવે જલ્દી ઝાપટીએ. બધાની નજર એ પડીકાં ઉપર હતી. ભૂસું ને આ ને.... ખંભાતનું ભૂસું ને બધું વખણાય ને ! તો કહે - ''ઊભા રહો.'' આમ બોલાવ્યું હાથ જોડીને. ને કહે - ''હવે બોલી નાખો બધા.'' પણ આવડું મોટું વાક્ય કોઈને યાદ નો રહ્યું. નટુકાકા.... નટુકાકાને કેવી ટેવ, દાદા બોલે ને એટલે આમ તરત જ આમ લખી નાખે આમ. - ''દાદા બોલો, ફરીવાર બોલો.''.....ભાઈએ લખી નાખ્યું. દાદા કહે - ''તમે તો લખી નાખ્યું હવે.'' પણ બધા...... બધાય છે ને એ વાંચીને જ બોલ્યા. દાદા કહે - ''બધા બોલો ચાલો.'' બત્રીસ જણા હતા. બોલ્યા. પછી મારો વારો આવ્યો ત્યારે મેં આ રાગમાં જ ગાયું, બોલો - ''પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા, તીર્થંકર ભગવાન, શ્રી સીમંધર સ્વામીને નમસ્કાર કરું છું.'' મેં આ રાગમાં ગાયું ત્યારે. પછી બીજું વાક્ય ''ઓમ પરમેષ્ઠી'' ને બધું વડોદરામાં નીકળ્યું હોય. ''પંચ પરમેષ્ઠી'' મુંબઈમાં નીકળ્યું હોય પંદર દિવસ પછી. પછી ''વિહરમાન તીર્થંકર'' ત્રણ મહિના પછી નીકળ્યું હોય. આવી રીતે એક વર્ષના અંતે આ બધું.....એ બધું મેં ને નટુકાકાએ સંકલન કર્યું કે આપણે આખી આ વિધિ બનાવીએ આની. ને પછી તો રોજ દાદા છે ને અહિયાં સત્સંગ પૂરો..... અહિયાં થાય ને એટલે સાડા આઠમાં પાંચ હોય ને તો દાદા.... કનુદાદા કહે કે - ''ચાલો દાદા, હવે સાડા આઠ થવા આવ્યા.'' - ''ના, કવિ આવશે.'' હજી હું નોકરી કરતો'તોને એટલે, પણ સાડા આઠે પહોંચુંને. પછી મને કહે - ''બોલાવો હવે.'' એટલે આખી વિધિ આપણે establish કરી છે આ આખી. હું પણ એટલા જોરથી બોલાવતો કે ત્રીજે માળેથી બોલાવતો તે નીચેના bus stand સુધી સંભળાતી. -''પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ......'' (Kavirajshri speaks very loudly). નીચે કોઈ ઊભું હોયને એને પણ સંભળાય. એટલા જોરથી બોલાવતો. ને.....એટલે બધા સમજે. લગભગ નવ...નવ-દસ મહિના સુધી આ મારી પાસે બોલાવી છે દાદાએ. આ પછી......એવી રીતે....એવી રીતે જેમ એટલે.... કહેવા હું ઈ માંગું છું કે જેમ-જેમ સમય સંજોગ આવતા ગયા એમ-એમ દાદા આમ બધું ખોલતા ગયા. તો આ જ્યારે કૃષ્ણ....આપણું દેરાસર થયું ને, મંદિર. સુરતનું......સુરતનું ત્રિમંત્ર મંદિર થયું ને આપણું કામરેજનું. એટલે કૃષ્ણ ભગવાનનું થયું એટલે મને થયું આપણે કૃષ્ણ ભગવાનની પણ આરતી હોવી જોઈએ, શંકર ભગવાનની હોવી જોઈએ. હવે કૃષ્ણ ભગવાનની આરતી તો આવી ગઈ

મને..... પણ શિવ ભગવાનની આવતી નહોતી કારણ કે આપણે એ પૂજન......... પૂજન નહીંને આપણામાં વધારે. તે મારા ઘરની સામે શિવ મંદિર છે. એટલે ત્રણ-ચાર દિવસ સુધી ત્યાં ગયો. મેં કીધું - "સવારના તમે.... આ ડંકા વગાડો ત્યારે ગાવ છો શું ?" તો કહે -"અમે ગાતા નથી, અમે તો એમ ને એમ ડંકા વગાડી નાખીએ. ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય." બીજા પાંચ-છ મંદિરમાં ફર્યો એ કહે કે -"અમારી પાસે આના શબ્દો છે જ નહિ." મેં કીધું - "અરે શંકર ભગવાનનું....." એટલે મેં કીધું આપણે એવી લખો કે અત્યારે જ્યાં પણ જો શંકર ભક્ત હશે, ને આપણી આરતી સાંભળશે ને, એ લખી નાખે છે. Americaમાં કેટલાય જણાએ મારી પાસે લખાવી'તી કે - "અમારી પાસે આ આરતી જ નથી." અને ખરેખર શંકર ભગવાનની કોઈ આરતી છે જ નહિ. ક્યાંય પણ આરતી......એ ત્યાં જય જગદીશ હરે ને અંબા માતાની આરતી ગાય છે એ બધા. શંકર ભગવાનની special આરતી કોઈની પાસે છે નહીં. આપણી... આપણી જ આરતી શંકર ભગવાનની special આરતી છે. એવી રીતે આપણી સાંઈ બાબાની આરતી, કૃષ્ણ ભગવાનની. આ unique છે. એની ઉપર પણ કોઈ સત્સંગ કરેને તો આખો સત્સંગ થાય એવું છે. સારો કોઈ speaker હોય ને શંકર ભગવાનની life જાણતા હોય બરાબર, તો એની પર બોલી શકે એવું છે. એટલે 'નિશ્ચય' -'વ્યવહાર' બંને રીતે બંને માર્ગે બોલી શકાય. એવી જ ઓલી સાંઈ બાબાની પણ. સાંઈ બાબાની trainમાં લખાઈ છે. અમારે રામજી બાબા શિરડી લઈ ગયા'તા બધાને. ને પછી.... એટલે રસ્તામાં જ મને સ્ફુરેલું. એમાં સાંઈ બાબાનું. એક લાઈન તો wonderful આવી છે -"ધર્મ કે નામ પે ચલતા હુઆ ઝઘડા મિટા દો, કહાં તલક જીવ સબુરી રખે, મારગ બતલા દો. હે સાંઈ બાબા ! હં.....લારારા....રા.... રા...રા." કે....કે ધર્મના નામના ઝઘડા એ બાબા મિટાવી દ્યો. ને એમાં એનો 'સબુરી' ને એ શબ્દ આવી ગયો. 'કહાં તલક જીવ સબુરી રખે, મારગ દિખલા દો.' પછી એનો જ, સાંઈ બાબાનો જ -"સબકા માલિક એક, હે સાંઈ બાબા." સાંઈ બાબાના શબ્દો પણ પાછા આવી જાય છે એમાં. એટલે એ રીતે આશ્ચર્યજનક છે. આ બધી આરતીઓ બની ગઈ છે એ. એ તો એનું કોઈ વિશ્લેષણ જયારે કરશેને, કોઈ સમજદાર માણસ ત્યારે. હવે આ.....આ શું છે મને તો નાનપણથી છે ને કવિતા સંગીતને આ બધો રસ હતો, એટલે હું બધા મુશાયરા શાયર સંમેલન, કવિ સંમેલન બધું attend કરું. હજી પણ....હજી પણ સારું કાંઈ એવું હોય તો જોવા જાઉં છું જ. તો મારામાં આ બીજ બધાં પડેલાં હતા. પણ આપણા કોઈ મહાત્માને મેં એ program માં કોઈને જોયા નથી. એટલે હું સમજી જાવ. એટલે એ લોકોને આ....આ વાત પકડવી જરા મુશ્કેલ પડે છે. હજી પરમ દિવસે જ અહિયાં કે.લાલનો program જોવા ગયો હતો. કે. લાલ પહેલીવાર મુંબઈમાં આવ્યાને, - એટલે હું તો આડી અવળી ગમ્મે એ વાત કરીશ હો. મારો flow એવો છે. પછી તમે કહો કે - "આ પ્રશ્ન આ પૂછ્યો ને," એવું નહિ. પણ લોકોને ગમશે. કે. લાલ પહેલીવાર મુંબઈમાં આવ્યા ને, એ પહેલા અમે બેય કલકત્તા હતા.

હું....રવીન્દ્ર સંગીત મારે શીખવું'તું ને. રવીન્દ્ર સંગીતમાં આપણું.....મારું આ રવીન્દ્ર સંગીત છે પાછું -"દાદા દૂર છતાં પાસે લાગે છે, ગૂઢ ચાવીયુંથી તાળુ ઉઘાડે છે." આ રવીન્દ્ર સંગીતની લાઈન છે. એ એનો base છે. એવું હમણાં પેલું છેલ્લું લખાણું છે - "પછી પડખું ફરીને સૂઈ ગયા. નવું પહેરણ પહેરી આવીશ હું, શુદ્ધ આશ્વાશીને શાંત થયા. પછી પડખું ફરી......" આ રવીન્દ્ર સંગીતની લાઈન છે. આ ટ્યુન એની છે. એ વખતે હું ગુજરાતી ગરબા ને એવું બધું program કરતો અને કે. લાલ જાદુના ખેલ કરતા. મફતમાં હોં ! જાહેર પ્રોગ્રામોમાં. ત્યારથી મારી એની ઓળખાણ. તે પહેલીવાર મુંબઈ આવ્યા ત્યારે મેં જ......મને કહે - "નવનીત ક્યાં program કરું ?" મેં કીધું -"ભારતીય વિદ્યાભવનમાં કરો." તો પછી આજે એના ૨૨,૫૦૦ ખેલ થઈ ગયા છે. તો હમણાં પરમ દી' અહિયાં જોવા ગયો'તો ખેલ, ઘાટકોપર હતોને. હું કહુંને મને હજી આ રસ ખરો આવો બધો. તો તરત જ મને આમ interval પહેલાં છે ને કહે, - "આજે આપણી વચ્ચે એક મહાન વિભૂતિ નવનીત સંઘવી મોટા સંગીતકાર છે, આવ્યા છે. હું એમને stage પર બોલાવું છું." ને મને હાર પહેરાવ્યો બધાયની વચ્ચમાં.... એમણે...... કે. લાલે. આજ તો એમના ૨૨,૫૦૦ ખેલ થઈ ગયા છે હોં એના !! ને એમને ખબર છે કે હું સર્વોદય હોસ્પિટલમાં કામ કરતોને, એ શેઠ....શેઠ પણ એના સગા થાય. એમણે ત્યારે એને કીધેલું -"નવનીતના ભજન ન સાંભળુંને તો મને ઊંઘ ન આવે." એ એને બહુ યાદ રહી ગયું હતું. કહે કે - "મને હજી યાદ છે કે કાંતિભાઈ શેઠ કહેતા'તા કે....." ને.... સર્વોદય હોસ્પિટલનું પણ જે તીર્થ છે ને પેલું પાર્શ્વનાથનું મંદિર, એનો પાયો મારી પાસે ખોદાવ્યો'તો. એને છોકરાં નહોતા, કાંતિભાઈને. પાયો મારી પાસે ખોદાવ્યો છે. હવે તો તીર્થધામ થઈ ગયું છે. અંદર તમે જુઓને કેટલા દુનિયાભરના.....દુનિયાભરની મૂર્તિઓ છે અંદર. મસ્જીદ પણ છે. Church છે. ને પહેલું વહેલું ત્રિમંત્ર આમ મંદિર કહો ને તો એમણે, ૧૯૮૦માં બનાવ્યું હતું. આવડા મોટા શિવલિંગ છે. જબરજસ્ત છે. તમારે જોવા જેવું છે. ને એ દરેક....દરેકના opening વખતે prayer કવિ નવનીત પાસે કરાવી છે એમણે. એટલે દાદા કહે ને -"ત્રેવીસ જનમ સાથે હતા." આ બાજુના પર્યાય ખરા આ બધા આવા. એ જ્યાં જઈએ ત્યાં તીર્થ ઊભા થઈ જાય બધું. આ...આ આપણું કામરેજનું પણ.... કામરેજની પણ જમીન લીધી ને..... ત્યારે ત્રિમંત્ર...કવિરાજ પાસે બોલાવ્યો હતો. ત્યારે એમાં જુઓ..... નીરુબેનને બધાં તો રસ્તા ઉપર આમ public માં બેઠાં છે બધા. ત્રિમંત્ર મારી પાસે બોલાવ્યો હતો. ત્યારે પણ હું આ બોલતો - "ત્રિશૂળ છતાંયે જગત ઝેર પીનારો, શંકર પણ હું જ ને નીલકંઠ હું જ છું." એ ને પછી ઓલું -"અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી..." એવા.... ત્યારે ગામના બધા માણસો બોલેલા કે - "આ જગ્યા પર આ મોટા સંત છે, મંદિર બનાવવા માંગે છે. ને આ ભાઈએ ગાયું એમ શંકર ભગવાનનું દેરાસર બનશે, જૈનોનું દેરાસર બનશે." આ બધું બોલ્યા છે. એ સો... સો વર્ષની આપણી દાદા ભગવાન શતાબ્દીની CD બહાર પડી છે એમાં છે આ બધું. ત્રિમંત્ર પહેલો-

પહેલો મારી પાસે બોલાવ્યો હતો દાદાએ.

## મહાત્માઓ કામ કાઢી લો

**અક્ષયઃ** આપનું નૈમિત્તિક યોગદાન, જે મહાત્માઓ અને જગતને મળ્યું છે. એ અદ્દ્ભુત છે. અને દાદા ભગવાનની દિવ્ય કૃપા અને આશીર્વાદ જે આપના પર વરસ્યાં છે તેથી છે. આના સંદર્ભમાં, આપણા હાલના "દિવ્ય આશીર્વાદ દાતા - કનુદાદાજી"ની પ્રત્યક્ષતામાં, 'નિશ્ચય' અને 'વ્યવહારના' સંદર્ભમાં -"મહાત્માઓ કામ કાઢી લો", એ વિશે મહાત્માઓને આપના તરફથી સંદેશો આપો.

**કવિરાજશ્રીઃ** હાં ! જેમ દાદા ભગવાનનું આખું નિયાણું હતું ને કે - "રસ્તે ચાલતા માણસને હું આ જ્ઞાન આપી શકું." પછી કનુદાદાજીએ જોયું કે - "હજી આજ્ઞામાં જોઈએ એવા બધા પાક્કા નથી થયા." એટલે એમણે આજ્ઞા ઉપર બહુ ભાર આપ્યો. આજ્ઞા એટલે શું કે આ સવારથી ઊઠીને શુદ્ધાત્મા તરીકે આપણે કેટલું જીવ્યા. હજી આપણે...તમે તો અક્ષય તરીકે જીવો. હું નવનીત તરીકે જીવું. હવે આ બધી આપણી અવસ્થા આવી જાયને. કારણ કે આપણે discharge થતો માલ બધો સહુ-સહુનો અલગ છે. એટલે કે આ જનમમાં એવું 'કામ કાઢી લ્યો', કે જેમ દાદા ભગવાન કેવળ આત્મા તરીકે જીવ્યા. બહારની અવસ્થાની કોઈ એમને અસર ન થઈ. એ રીતે જીવતા શીખી જાવ. એનું નામ 'કામ કાઢી લેવું' કહેવાય. હજી આપણને બધી અસર થઈ જાય છે ને બહારની. સંજોગોની, આ તે. એ બધી ન થવી જોઈએ એમ. એનું નામ 'કામ કાઢી લીધું' કહેવાય. કારણ કે બીજી રીતે જુઓ તો વીતરાગો પણ કહે છે કે - આ જે દેહાધ્યાસમાં 'હું નવનીત છું' એમ કરીને જે કામ થયાં ને એ આત્માનું ભાવમરણ થઈ ગયું. એટલે એ સમય આપણા ખોટા ગયા. ને સત્સંગમાં કે આ હેતુમાં જેટલા ગયા, એટલા જ સમય આપણા સજીવન થયા. એટલે આપણો બરબાદીમાં કેટલો time ખોટો જાય છે ને. એટલે એ કહેવા ખાસ માંગે છે કે - "કામ કાઢી લ્યો" આ. આ રીતે જીવતાં શીખી જાવ બરોબર. અહીંથી હવે નીચે ઉતરીએ તો ૧૦-૨૦ પગથિયા તો 'હું શુદ્ધાત્મા છું', એટલા બોલતાં જઈ શકીએ. એને બદલે આપણે કહીએ કે -"આ પછી scroe શું થયો ?" આ પતી ગયું. એટલે કે સત્સંગમાં કેવો તમારો રસ છે ને બહારનો કેટલો રસ છે એ દેખાઈ આવે ને તરત જ. પ્રત્યક્ષ ભેદ દેખાઈ આવે.

## પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ

**અક્ષયઃ** આપના અનુભવના તારણ પરથી..... 'પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ કનુદાદાજીને સંપૂર્ણ સમર્પણ કરીને, તેમની હાજરીમાં, તેમની દિવ્યકૃપાથી મહાત્માઓ તેમનું જીવન વિજ્ઞાન સહિત જીવે.....' તેની મહત્તા સમજાવો.

**કવિરાજશ્રીઃ** આ હમણાં કહ્યું ને કે આ રીતે 'હું કેવળ આત્મા છું' એ નિશ્ચય સાથે દિવસ જાય તો સમજવું ત્યારે. .....ને આ

માર્ગ કૃપાનો છે. કોઈના શીખવાડવાથી કોઈનું આવતું નથી. એ જોવાથી આવડે કે એ કેવી રીતે જીવે છે. એમની..... દરેક અવસ્થામાં કેવા નિર્લેપ રહી શકે છે. કોઈને ખિજાય તો પણ second time પાછી એની મુખમુદ્રા સરખી જ હોય. એમાં પછી ઓલો તાંતો ન હોય કે -''આ ઓલો અક્ષય આવો છેને આમ તેમ.'' ઈ....ઈ વસ્તુ આપણામાં આવવી જોઈએ. એમ. આ કૃપાનો માર્ગ છે, કોઈ ક્રિયાનો માર્ગ નથી કે આ ક્રિયા કરવાથી આમ આવશે, એવું નથી. ઉપરાંત બીજું શું છે કે એક medical ની shop હોય તો એમાં તો હજારો દવાઓ પડી હોય. પણ કોઈને ફાકી માફક આવે, કોઈને injection થી સારું થાય, કોઈને ખાલી ઓલું....ઓલું....(સૂંઘણી) હાં ! એવું સૂંઘવાની દવાથીયે સારું થઈ જાય. કોઈને....કોઈને બાટલો ચડાવવો પડે. કોઈને acid માં તળવો..... બધું હોય ને. એ ભાત-ભાતની દવા હોય. એટલે જેમને જે માફક આવ્યું એ સાચું. કોઈને પદથી માફક આવી જાય. કોઈને અમુક સૂત્રથી માફક આવી જાય. એ સૂત્ર જ....હમણાં. હમણાં, મારી એક પદની એક લાઈન છે. એક જણને એ માફક આવી ગઈ તો દસ મહિના સુધી એ જ ભાઈ બોલ્યા.... એ કે આખો દિવસ એના પર જ - ''અંદર છે ભગવાન, બહાર વ્યવસ્થિત.'' બસ-બસ એ આ બે જ શબ્દ. કે અંદર ભગવાન છે ને બહાર વ્યવસ્થિત છે. એ કે -''એક વર્ષથી એના પર જ આખો દિવસ કાઢું છું હું.'' બોલો! એટલે કોને શું કૈં થઈ જાય છે ઈ આમાં કહેવાતું નથી. જે પોતાના જેવા પર્યાય છે એ પ્રમાણે એને લાગી જાય છે બધું આ.

**અક્ષય:** પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ કનુદાદાજીની પ્રત્યક્ષતામાં આપના બધા પદોના અર્થો યથાર્થતા સાથે recrod થાય જેથી આવનારી પ્રજા (Next Generation) સમજ સાથે પદો ગાય તો મહત્તમ આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે. આપને લાગે છે કે આ માટે ખાસ પ્રયત્નો થવા ઘટે? આપનો અભિપ્રાય જણાવો.

**કવિરાજશ્રી:** એટલે મારે મનમાં છે ને જે શરૂઆતમાં પદો લખાતાં ને એ વખતે સતત ઉત્સાહ હતો કે લોકો આ ગાય. પણ વધારે પડતું તો દાદાને ગમતું ને એટલે મને ખ્યાલ નહોતો કે આટલું બધું લોકો સુધી આ પહોંચી જશે. પણ દાદાને ગમતાં એટલે એમની સામે ગાતો હું. પછી આ અર્થ સાથે બોલવાનું ઓચિંતું જ મારે આવી ગયું. ૧૯૯૧માં ગયો ને America કે..... મારે આનું સાડા ત્રણ કલાક કાઢવા કેમ ?!! એટલે પછી સાથે-સાથે બોલતો ગયો. નહીં તો હું પહેલાં બોલતો નહિ કાંઈ. ખાલી પદ. દાદા આમ આંખ કરે ને એટલે પદ ગાઈ જાઉં. સત્સંગમાં બે કે ત્રણ પદ ગાવાનાં હોય. એના સિવાય મારે કાંઈ..... મને લાગે, મારે બીજું કાંઈ કરવાનું નથી. ને દાદા મને બીજી સેવા આપતા પણ નહિ. મને કોઈદી.....હું boot લેવા જાઉં ને મને બેસાડી દે - ''બેસ,'' મને કહે - ''આ બીજા બધા છે ને એ લોકોને આપવી જોઈએ ને કાંઈ સેવા.'' મને કહે -''તમારે ખાલી પદ ગાવાનાં. બીજું કાંઈ નહિ કરવાનું.'' એમ જ કહ્યા કરે. બસ. ને હવે....એટલે મારાથી જેટલું બોલાય.... મને જેટલું....... એવું ઘણું બોલી ગયો છું.... આ બધો stock અમદાવાદમાં મહેશ.....આપણા

મહેન્દ્રઆનંદ અને યોગેશની પાસે છે. જો એની CD બહાર પડી જાયને, લોકોને એમાંથી ઘણું મળશે. કારણ કે હું.....જ્યારે પહેલીવાર મારું પદ લખાયને, ને છતાં મારું એક જ પદ મેં....પાંચ વખત ગાયું હોય ને, તો પાંચે-પાંચ વખત અંદર દાખલા ને વિસ્તાર બધું જુદું-જુદું આવશે. એકસરખું જ નહિ આવે. એટલે એ બધું જો સંકલન થઈ જશે ને તો લોકોને બહુ કામ આવશે. એક જ પદ તમે સાંભળજો - "ભક્તિ કરતાં કદીયે હું થાકું નહિ, એવી શક્તિ દયો." પાંચ વખત ગાયું હશે તો પાંચેય વખત છે ને એમાં દાખલા ને અર્થ બીજી જાતના નીકળ્યા હશે, દરેક વખતે. એક વખત આ કડીનો નીકળ્યો, તો બીજી વખત બીજી કડીનો નીકળ્યો હોય. ને ઓછામાં ઓછું એક-એક પદે મારા બે કલાક કે ત્રણ કલાક જતા રહ્યા હોય. એવો ઘણો stock પડ્યો છે. લોકોને બહુ કામ આવશે એ. કારણ કે કોઈપણ પ્રકારે એનાથી છે ને, આપણા દરેક પદમાં કાં ભક્તિ હોય, દાદા નામ હોય. તે સહેજા સહેજ દાદા નામ પણ બોલાઈ જશે, સહેજા સહેજ નિદિધ્યાસન થશે. સહેજા સહેજ કોઈ ને કોઈ સિદ્ધાંત પકડાઈ જશે. સિદ્ધાંત પણ આવે, આપણે લખ્યું છે એ રીતે કે એકાદ સિદ્ધાંત અંદર વણાયો હોય. ભક્તિ ઊભી થાય ને નિદિધ્યાસન તો દાદા શબ્દ આવે જ આપણા પદમાં અચૂક. ને આ ખાસ કે -"કવિના પદની....." પાંચ કડી હોય તો પાંચેયના રાગ જુદા હોય. બાકી તમે આજથી પહેલાનાં....આજથી સો વર્ષ પહેલાં, પચાસ વર્ષ પહેલાંનાં કોઈપણ ગીત જુઓને તો સો કડી હોય ને તો સોયે કડીના રાગ સરખા હોય. એટલે આપણું આ પણ એક variety છે. અક્રમ છે આપણું. એમાં બધા પ્રયોગ આપણે મૂક્યા છે. Classical, લોકસંગીત, ગરબો, Westernised, Indian, ભાવગીત, બધા જ મૂક્યા છે. બધા જ પ્રયોગ કરી છૂટ્યા છે આમાં. કામ લાગશે લોકોને. અત્યારે આપણે તો એક વખત આપી દીધું છે. લોકોને બહુ કામ લાગશે. આજે એક જ વાક્ય હોય તમને 'ભોગવે તેની ભૂલ', એમ ને એમ તમે બોલી જાઓ એને બદલે એ તમે છે ને -"ભોગવે તેની ભૂલ", આ રીતે કવિતામાં હશે ને તો તમને....તમે બરાબર એ ગાયા કરશો. - "બીજાની કાંઈ ભૂલ નથી. હું ભોગવું છું માટે મારી ભૂલ !!" આવું આવું...... આ તો હમણાં જ તમારી સામે જ બોલ્યો. આ આવી કવિતામાં હોય ને તો લોકો તરત જ યાદ રાખશે. ને ઓલા શબ્દોમાં હશે તો એ તરત જ યાદ નહિ રહે. આ રીતે યાદ રહે. એટલે દાદા એને....બહુ........ વખાણતા કે - "આ poetry માં આવી ગયું ને એટલે લોકોનું બહુ કામ થઈ જશે એમાં." આપણે ઘણાં તો આખી-આખી લાઈન જ દાદા બોલ્યા એ શબ્દે-શબ્દ જ મૂકી દીધા છે એમાં. ઓલું -"દૂધમાં ટીપું છાશ, પડેને દહીં કરે કુદરત." આ છેને...આ...દાદાની સીધી લાઈન જ.....આખે-આખી લાઈન જ છે. એ હમણાં છેલ્લા અંકમાં આવ્યું છે કે 'કુદરત શેને કહેવાય અને કુદરતી રચના શેને કહેવાય ?' કે 'દૂધ છે એ કુદરત કહેવાય, અને દહીં છે એ કુદરતી રચના કહેવાય.' ઓલું મેળવણ પડ્યું ને એવી રીતે વિભાવ ઊભો થયો, એ કુદરતી રચના થઈ ગઈ. ને સ્વભાવમાં છે original તત્ત્વ તે આત્મા તો એ કુદરત થઈ ગયું. ને આ વિભાવિક ભાવમાં થઈ ગયું, કુદરતી રચના થઈ ગઈ એ પ્રકૃતિ

થઈ ગઈ. એટલા સાવ simple શબ્દોમાં ઊંડાણ બહુ છે એનું. - "દૂધમાં ટીપું છાશ, પડે ને દહીં કરે કુદરત." કેટલું simple છે !!

## પાન

**નિતેશઃ** કવિરાજજી ! આપ આપની પાન ખાવાની વર્ષો જૂની આદત કેમ છોડી શક્યા ? એ વિશે પ્રકાશો.

**કવિરાજશ્રીઃ** અમારે જૈન પુદ્ગલ રહ્યું ને એટલે આપણને થયું કે હવે દાદાના ઓલામાં આવ્યા છીએ. આપણે ક્રિયામાર્ગને અપનાવ્યો હતો. એટલે એવી બે.....બે અઠ્ઠાઈ પણ કરી નાખી'તી. અઠ્ઠાઈ કરી હોય આપણે. તો બીજા લોકો તો શું - "શાતા છે ને ?" એવું પૂછે ને ? પછી દાદાને જ્યારે મળ્યોને, મને કહે કે - "પાન યાદ આવ્યું હતું ?" દાદાએ પ્રશ્ન આ કર્યો મને. મેં કીધું - "નહોતું આવ્યું." તો કહે - "જો આઠ દિવસ ના યાદ આવ્યુંને તો તમે ધારો ત્યારે છોડી શકશો." એ પહેલાં પાન માટે પુષ્ટિ પણ એવી આપતા. આમ જરા ઉદાસ લાગું ને, યોગેશ, દિપકભાઈ, બધાને, કોઈપણ આપ્તપુત્રને દોડાવે સત્સંગમાંથી - "જાવ કવિનું પાન લઈ આવો." બધાને બહુ દોડાવ્યા છે હં !! વસંતભાઈ સીખ્ખે.......ખેતસીભાઈનેય - "કવિનું પાન લઈ આવો." અને ક્યાંય જાત્રાએ જવાનું હોયને તો - "કવિ અમારી સાથે આવશે. એના પાનનો બંદોબસ્ત રાખજો." એટલે આપણને તો એમ કે પાન ખાવું બહુ સારું છે. એટલે બે-બે પાન લગાવીને અમે તો નવકારમંત્ર બોલાવતા. (Kavirajshri laughs out loud). આવું પણ થતું. દેરાસરોમાં યે પાન ખાઈને ગયો હતો. બધી જાત્રાય મેં પાનવાળા મોઢે જ કરી છે. છતાં દાદાએ એને માટે કોઈદી ટોક્યો નથી મને, ટોક્યો નથી. એટલે પણ પાછું એ પણ કહ્યું હતું કે -"ધારો ત્યારે છોડી શકશો." ને હમણાં એક એવો પ્રસંગ બની ગયો. એટલે મેં...... મેં કીધું, આપણે કેમ છોડી ન શકાય ?!!" તો આજે ચાર વર્ષ થઈ ગયા, હવે નથી ખવાતું. ચાલે છે, એ રીતે.

## ચરણવિધિ

**અક્ષયઃ** આપનાં કેટલાંક પદો - જે JSS Youth એ પાકા કરવા જ જોઈએ એવા પદો કહો.

**કવિરાજશ્રીઃ** આ વખતે છે ને 'ગુરુપૂર્ણિમા' અને 'નિત્યક્રમ' ની આપણી CD બધાને આપવાની છે. બધું આપણા અવાજમાં જ છે. ને આમ જુવો તો 'નિત્યક્રમ', 'ચરણવિધિ' આ બધાનું છપાવવાનું નિમિત્ત કવિરાજ બન્યો છે હં !! 'ચરણવિધિ'.... આ તો સાથે-સાથે વાત નીકળી છે એટલે કહી દઉં છું. 'ચરણવિધિ' પણ છે ને નિમિત્ત.....એ પહેલા દાદા ભગવાન શું કરતા હતા કે જે જ્ઞાન લેને, એમાં પંદર વર્ષનો છોકરો હોય તો એને કહે કે-"તારે પાંચ વાર બોલવાનું 'હું શુદ્ધાત્મા છું' તારી વિધિ થઈ ગઈ." કોઈ અઢાર વર્ષનો હોય એને કહે કે - " 'મન વચન કાયાથી તદ્દન જુદો એવો શુદ્ધાત્મા છું' તારે આ

બોલવાનું." તો એવી રીતના એકને લખાવે કે - "મન વચન કાયાની તમામ સંગી ક્રિયાઓથી અસંગ એવો હું શુદ્ધાત્મા છું." આવાં અલગ-અલગ વાક્યો લખાવતા. એકસરખી વિધિ કે એવું કાંઈ હતું નહિ. આવાં અલગ-અલગ જેટલાં ભેગાં થયાં ને એટલાં બધાં મેં ભેગાં કર્યાં. મેં ને નટુકાકાએ. પછી ખેતસીભાઈ આપણા, એના mother એ જ્ઞાન લીધું તો એ કહે - "આ શું દાદાએ બોલાવ્યું મને કાંઈ ખબર નો પડી." એટલે મને જેટલાં વાક્ય યાદ હતાં ને એ બધાં લખી આપ્યાં. પછી એને તો આમ... ઘડી કરીને મૂકે...એટલે નોટના પાનાની આઠ ઘડી થાય. ને પછી એ વાંચવું હોય ત્યારે એ ખોલે. આમ....અઠવાડિયા પછી મને કહે - "નવનીત, એ પાનાં ફાટી ગયાં." આઠ-આઠ ઘડી કરીને મૂક્યાં હોય, પોલ્કાની અંદર મૂક્યા હોય. - "હવે લખી આપ." મેં કીધું - "હવે મને મોઢે યાદ નથી બધાં ય. જેટલાં હતાં એટલાં બધાં ય લખી આપ્યાં હતાં તમને." આઠ પાનાં લખી આપ્યાં હતાં. મને કહે - "આવું છપાવી શકાય કે નહિ ?". - "છપાવાય ને." મેં કીધું - "માજી ! પાંચ હજાર રૂપિયા ખર્ચો લાગે એનો." તો કહે - "છે મારી પાસે." એટલે મેં ખેતસીભાઈને વાત કરી કે - "માજીની ઈચ્છા થઈ છે 'ચરણવિધિ' છપાવવાની." આ એમાંથી આ 'નવ કલમ' આ તે બધું, અલગ-અલગ ઠેકાણેથી આ ભેગું કર્યું છે. કારણ કે મારા મગજમાં પહેલેથી હતું કે ધર્મ એકસરખો હોવો જોઈએ. જેમ CD હોય, તો એક CD હોય તો દરેક player માં વાગવી જોઈએ ને ? Audio Casette હોય તો દરેક player માં વાગવી જોઈએ. એમ ધર્મ પણ દરેકના આમ....... એકસરખી જ મોંઢામાં બધી વાત નીકળવી જોઈએ. એ મારા મગજમાં પહેલેથી હતું. એટલે જ્ઞાન લીધું એને માટે આવશ્યક વસ્તુ થઈ ગઈ. એટલે આ તમારે એ 'નિત્યક્રમ' છે ને એમાંથી લગભગ આડત્રીસ........આડત્રીસેક પદ હશે. આ આરતીને બધું થઈને. એમાંથી કાંઈ પણ તમે મોંઢે કરી લ્યો, એ તમારે માટે 'સોનાની લગડી' જેવું કામ કરશે. કોઈપણ. એટલે આ તમારે Youthવાળા તો કોઈપણ જેને જે રાગ ફાવતો હોય ને, એક પદ મોઢે કરી લેશો તો તમારું કામ થઈ જશે.

## યુવા મહાત્માઓને કવિરાજનો સંદેશ

**અક્ષય:** આવી રહેલી 'ગુરુપૂર્ણિમા' વિશે તથા JSSY ને આપના તરફથી સંદેશો....

**કવિરાજશ્રી:** બસ. આ જ્ઞાનમાં આગળ રહીએ. પાંચ આજ્ઞામાં રહીએ. અને કલ્યાણકારી જે પણ આપણને સોંપાય. એમાં એવું નથી કે સત્સંગમાં બેઠાં એટલે જ કલ્યાણ થયું. સેવાનું પણ કોઈ કામ ઉપાડી લ્યો. તન-મન-ધનથી જે રીતે આપણે એકબીજાને મદદરૂપ થઈ પડીએ એવી રીતે. જેમ આ.....આપણે આ જે જગ્યામાં recording કરીએ છીએ. આ દલપતભાઈને ઝવેરબેનની જગ્યા છે. આ અત્યારે આ જગ્યાએ બેઠા છીએ, ઉપાશ્રય જેવું પણ, મહારાજ સાહેબનો ઉતારો પણ ચાલે છે. બહેનોનો સત્સંગ પણ અહિયાં થાય છે. કવિરાજના પદોનું પણ અહિયાં recording થાય છે. આવું

બધું.....બધા કામ માટે કામ લાગે છે. આવું આપણી પાસે કોઈ આશ્રય સ્થાન હોય, ધન વધારે હોય તો સત્સંગના કામમાં વપરાય તો બહુ સારું. હું તો ઘણાને કહું છું કે તમે લગ્ન પ્રસંગે એકસો-એકનો ચાંદલો આપો એને બદલે એટલી CD આપોને તો એના ઘરમાં એ વહેલી મોડી સંભળાતી-વગાડાતી થઈ જશે. આવી રીતે .......બસ..... એટલે આપણે જ્ઞાન-પ્રસારણના નિમિત્ત પણ બની જઈએ આ રીતે. આ મોટામાં મોટું કોઈપણને. આપણે કોઈપણ સેવા ઉપાડી લેશોને એ દાદાને ત્યાં બધી ૧૦૦% એમાં જમા થાય છે.

**અક્ષય:** કવિરાજશ્રી ! આપનું આ નૈમિત્તિક યોગદાનપણું જે દાદાજી, અક્રમ વિજ્ઞાન, બધા મહાત્માઓ અને જગત માટે બહુ અજોડ છે, unique છે. કારણ કે સંગીતની ભાષા તથા ગાયન જગતમાં બધે સ્વીકૃત છે. અને આવી ભક્તિમાં જ્યારે હૃદયના ભાવ ભળે...... ત્યારે અદ્‌ભુત પરિણામો, સ્થિતિ સર્જાઈ શકે. અને JSSY, Mumbai, ભારત અને JSSY Inc. બધા આપને દાદા ભગવાનની સાક્ષીએ હૃદયપૂર્વકનાં વંદન કરે છે. અને કવિરાજશ્રીનો interview લેવા માટે અમને JSSY, Mumbai, India ને જે તક મળી તે માટે અમે JSSY, Mumbai, India, કવિરાજશ્રી તથા JSSY Inc. નો ખરા હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

જય સચ્ચિદાનંદ !!!!!! જય સચ્ચિદાનંદ !!!!!!

**કવિરાજશ્રી:** સંગીતને કોઈ સીમા નથી હોતી. એને કોઈ વાડો, પંથ નથી હોતા. દરેકના હૃદયમાં સંગીતનાં બીજ પડ્યાં હોય છે. અને જેનામાં.....હૃદયમાં આ સંગીતનું બીજ નહિ પડ્યું હોય ને, એ જીવ આતંકવાદી બની શકે છે. બાકી સંગીતનું એક પણ બીજ પડ્યું હશે ને એ માણસ કોઈદી આતંકવાદી નહિ બને.

'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો', - Kavirajshri ends the Interview with Kirtan Bhakti.

જય સચ્ચિદાનંદ !!!!!! જય સચ્ચિદાનંદ !!!!!!

**Courtesy : Interview Team**

- Akshay Vora
- Nitesh Ranavat
- Zaverben D. Jain
- Ruchir Shukla
- Haresh Patel
- Jimit Patel
- Ramtirth Patel
- Apt. Kamleshanand Mehta
- Arvindbhai Patel

2.



પદ. ૨

"મન વચન કાયાથી તદ્દન જુદો એવો"

WEDNESDAY 31

પૂજ્ય કનુદાદાની આજ્ઞા શીરોમાન્ય રાખીને રી-સર્ચ સેંટર માટે આ લખાણ થયું છે

એપ્રીલ ૧૯૬૯માં પૂજ્ય દાદા ભગવાન પ્રથમ વાર માટુંગા ફલીનાં બેન શ્રી લીલાવતી અમૃતલાલ ભિમાણીનાં ઘરે સતસંગ માટે બહાર નીકળ્યાં. એ વખતે હું તો રવિવારનાં બે સીનેમા, એક નાટક જોનારો જીવ હતો. બાદમાં ૧૭ મે ૧૯૬૯ નાં રોજ જ્ઞાનવીધી દાદર થઈ. એ વખતે દાદા

THURSDAY 1

શરૂઆતમાં શ્રી સહજાનંદ સ્વામી, વલ્લભાચાર્ય જીસસ ક્રાઈસ્ટ, જરથોસ્ત, ગુરૂ નાનક સાહેબ, અલ્લાતાલા બુદ્ધ, અને અનેક સંતોને "વ્યવહાર" થી નમસ્કાર કરાવતા. આ નમસ્કાર લગભગ ૩૦ થી ૩૫ મીનીટ ચાલતાં. બાદમાં જ્ઞાનવીધી ૩૦ થી ૩૫ મીનીટ, અને આશરે ૨૦ મીનીટમાં સમજણ દેતાં ઉપરોક્ત દરેક ધર્મનાં સ્થાપકો, સાધુ, સાધ્વી અને ભક્તોને નમસ્કાર કરાવી જાતિ-પંથનાં સીમાડાથી અલિપ્ત

MONDAY 5

એવું સુંદર વાતાવરણ હતું, અને પ્રથમ
જ્ઞાનવાક્ય જ "હું શુદ્ધાત્મા છું" એ આવરણ
ભેદી બુલંદ અવાજથી હૃદય સુધી એ નાદ
પૂર્ણ જ પહોંચી જતો, પ્રથમ શરૂઆતનાં વાક્યોમાં જ
"મન, વચન, કાયાથી તદ્દન ભિન્ન એવો હું શુદ્ધાત્મા છું"
એવું ફીટ થઈ જતું કે શરીર જુદું છે. અને તેમાં
"હું" બોલનારો કોઈક જુદો છે" પછી તો સત્સંગમાં
વૈષ્ણવો 'બહેન શામળા' ગુરુ પાસે માંગતાં, એવાં
ખુલાસાઓ ~~[illegible]~~ વી. સાંભળીને પહેલી

TUESDAY 6

પહેલી લાઈન લખાઈ ગઈ.
પછી દાદા સત્સંગમાં બેઠેલા ખુમારી પૂર્વક
બોલે, 'વૈષ્ણવનાં અમે કૃષ્ણ છીએ'
જૈનોનાં મહાવીર છીએ, હિન્દુનાં શંકર છીએ
રામ છીએ. મુસ્લીમનાં પયગંબર છીએ. આવું
બોલે, ત્યારે એટલું મીઠું લાગતું કે દાદામાં
બધાં જ ધર્મનો સાર ભરેલો છે નવનીત
બચપણથી સંગીત શીખવાનો ખૂબ શોખ હોવાથી આવું

બધું સાંભળીને આ શબ્દોને સંગીતમાં ગાયાં હોય, તો કઈ રીતે ગાઈ શકાય? એવું ગુરુમુખે સહજ રીતે આ દાદાનાં શ્રી મુખે જ નીકળેલાં ખુમારી ભર્યાં, નીર અહંકારી શબ્દો કવિતા રૂપમાં ગાઈ શકાય એવી રીતે ગોઠવાઈ ગયાં. ઠાકોરની જાત્રામાં 'ગોકુળ થી સોમનાથ' સાથે શ્રી દ્વારકા આખું દર્શન, એ જ રીતે "ત્રિ-શૂળ ધર્યું" જામ ઝેર પચાવ્યાં એ ઔરંગાબાદ પાસે શીવાલયનાં દર્શન વખતે નીકળેલા શબ્દો છે.

SATURDAY 10

પીરની દરગાહમાં "આ અલ્લાહ પરવરદિગાર," એવી રીતે ભૂમિ સ્પર્શના વખતે જ નીકળેલા શબ્દો હતા, ઉપરાંત સૂક્ષ્મ સત્સંગ જ્યારે નીકળે, ત્યારે અંદર એવું થાય કે આ શબ્દોમાં એવી વાણી(ધારા) સાંભળી નથી. અને પછી ઘરે આવીને સવારનાં પાંચ વાગ્યે આ પીને એવું એવું

Evening

11 SUNDAY

લખાતું ગયું. જે વાણી દાદાશ્રીનાં મુખેથી નીકળે કે એનું સ્વર-સંગીતમાં કેમ રૂપાંતર થાય એવું મગજમાં રમ્યાં કરે. અને સવારનાં લખાઈ જાય.



## ૩. કવિરાજ રચિત પદો બાબતે શ્રી દાદાભગવાનનાં સહજ વચનો

આ નવનીત કવિનાં પદોમાં સચોડું અમૃત ભર્યું છે. કવિ તો આપણા સંઘનું ફૂલ છે. કવિનાં કેવી સહજ રીતે પદો લખાયાં છે ! જાતે કરવા જાય તો એક અક્ષર પણ ના લખાય. દરેક પદમાં બહુ ઊંચામાં ઊંચી, 'ટૉપ' ભક્તિ પૂરી છે.

આ તો સો-બસો વર્ષ પછી લોક વખાણશે ! ત્યાં લોકો જન્મ ખોળે, ક્યાં જન્મ્યો હતો ? જન્મસ્થાન ખોળે, એની માનું નામ ખોળે. આ તો કબ્રસ્તાનમાં ગયા પછી લોક ખોળે છે, કોણ હતા ? આ તો હાજરીમાં ખોળે એવી પુણ્યૈ લોકોની હોતી નથી.

ખરો કવિ ખોળી કાઢ્યો ! કોણે શોધન કર્યું હશે આ ? ગજબનો કવિ પાક્યો છે !

★★★★

આ નવનીતનાં બે પદ અજાણ્યો ગાશે તોયે આત્મિક અસર થાય. આ દસ લાખ વર્ષમાં ધર્મથી જો ખુશ થયા હોય તો આ જ કાળમાં. આ છોકરાંને બુદ્ધિનો બળાપો નહીં, તે પદો ખુશ થઈને ગાય ને પેલાં તો બુદ્ધિનાં કોથળાં !

★★★★

આ પદો બોલવા માટે છે, સમજવા માટે નથી. બોલે એટલું કામ થાય આ છોકરાને તો. આ પદો છે, તે એ તો બાળકો બોલે તો તો બહુ હિતકારી છે. આ અણસમજણથી પણ બરફને અડે તોયે કેવી ઠંડક લાગે ! ને આ પદો ગાશે ને, તે મહીં ઠંડક થઈ જાય. આ મહીં ઠંડક રહે તો છોકરાંય સીધાં રહે. આ તો મહીં અશાંતિ હોય, પછી તોફાનમસ્તી બધુંય કરે.

આ પદો ઘેર ચાલુ થઈ જાય ને, તોય ભક્તિ જ છે. તેથી કવિ કહે છે ને, 'આ પદો ઠેર ઠેર ગવાશે ને પોતે તો ખૂણામાં તાલી વગાડશે.'

મહીં એક-એક પદમાં સમકિત પૂરેલું છે. બહાર તો પદોમાં સમકિત હોય તો જડે ને !

★★★★

'સિનેમા'નાં ગીતો ગાય તો મહીં પરમાણુ નાટકી થયા કરે. બોલથી, શબ્દથી તો બહુ ફેર થયા કરે. આ 'સિનેમા'માં કૃષ્ણની ભક્તિ હોય, પણ પરમાણુ તો નાટકી જ થાય ! ત્યારે આ કવિનાં પદો તો ગજબનાં ઊંચા પરમાણુ થયા કરે. આ મહીં તો શુદ્ધ છે, પણ બહારનું શુદ્ધ થાય ને પરમાણુમાં ઊંચા ફેરફાર થાય. આ પદો 'જ્ઞાન'થી ભરપૂર છે, તે ગાય તો "જ્ઞાની" થતો જાય અને 'સિનેમા'નાં ગીતો ગાય તો 'ઍક્ટર' કે 'ઍક્ટ્રેસ' થતો જાય ને ભક્તિનાં પદો ગાય તો ભક્ત થતો જાય.

★★★★

નવનીતના રાગમાં કોમળ પરમાણુ છે, 'સિનેમા'ના રાગમાં ન હોય. આ 'ટૅપરૅકર્ડ'માં કવિના અવાજ સાથે શબ્દો જશે ત્યારે જગતને સમજાશે. મુખ્ય વસ્તુ કવિનો અવાજ છે. આપણો કવિ ગાશે એટલે બધું જ ફરી જશે ! તેનો રણકાર જ બહુ લાંબો વખત ચાલશે ને લોક પરિણમશે. કવિ તો ભારી કામ કરી રહ્યો છે. કવિમાં સુંદરતા ભરેલી છે, તેનો અવાજ સુંદર છે. 'રેડિયો' ઉપર આવશે ત્યારે ઘેર-ઘેર છોકરાં સચ્ચિદાનંદ ગાશે.

★★★★

આ કવિનાં પદો, તે તો અચરજ છે. આખું હિન્દુસ્તાન હું ફર્યો, પણ આવાં પદો મેં જોયાં જ નથી. આ તો કૃપાનું ફળ છે. આ કવિનાં પદો તો ગજબનાં છે. આવી કુદરતી બક્ષિસ હિન્દુસ્તાનમાં કોઈ કવિને હોય એવું સાંભળ્યું જ નથી. આ પદો, એ તો આપ્તપુરુષને માટેનાં છે, પણ કોઈનેય ખરી કિંમત થતી નથી. આ કવિનાં એક-એક પદો તો ગજબનું આશ્ચર્ય છે. આ તો 'બક્ષિસ' કહેવાય. બક્ષિસ તો હોય, પણ ''જ્ઞાની પુરુષ''નું નિમિત્ત મળે તો એ ખીલી ઊઠે. બધાંને જુદી જુદી બક્ષિસો હોય.

★★★★

જગતનાં લોકો જેનું મૂલ્ય નથી કરતાં તેને 'જ્ઞાન' મળે તો પણ અમૂલ્ય થઈ જાય. પહેલાં આ નવનીતને કોઈ બોલાવતું નહોતું. હવે તો બધાને નવાઈ લાગે છે. હવે તેની દયા ના ખાશો. ''જ્ઞાની પુરુષ''નો હાથ છે. હવે બધા તેની કિંમત સમજી ગયા છે. ''જ્ઞાની''નો પ્રતાપ કેવો છે ?

★★★★

આ કવિનાં પદો અકબર બાદશાહે સાંભળ્યાં હોત તો આખો ઔરંગાબાદ જિલ્લો ભેટમાં આપી દેત, એવાં તો કવિનાં પદો ગજબનાં છે. આ કવિનાં પદોમાંથી સૂક્ષ્મ વ્યવહાર અને તેથીય આગળનો સૂક્ષ્મતર વ્યવહાર અને સૂક્ષ્મતમ વ્યવહાર જાણવાનો મળે તેમ છે. એ તો જે કોઈ એમાંથી તારવણી કાઢી શકશે તે કામ કાઢી જશે.

★★★★

કવિનાં પદો ગાવાથી મહીંનો કચરો-માલ ધોવાતો જાય અને બહાર લોકો ગાય છે એ તો તાન ચઢાવવા માટે.

★★★★

આ દેહના બે ભાગ છે, 'હોમ ઍન્ડ ફૉરિન' ! 'હોમ'માં તો છીએ જ, પણ કવિનાં પદોથી તો 'ફૉરિન' પણ ચોખ્ખું રહે. અનંત અવતારનું સોનાનું ભાજન તે એંઠું થઈ ગયું છે, પદો ગાઈએ તે ચોખ્ખું થતું જાય.

★★★★

અજ્ઞાની જો આ પદો ગાય તો તેને ક્રોધ-માન-માયા અને લોભ સહિત હોય અને વ્યવહારમાં ઊંચું હોય ખરું, પણ પેલું હોવાથી ગાતાં ગાતાં બજાર સાંભરે. આપણને તો સંપૂર્ણ શુદ્ધાત્મામાં જ મુકામ હોય.

★★★★

કવિએ જે ગાયું તેનાથી નિજધર્મ ઉત્પન્ન થાય. કવિને તો આત્માનો રંગ છે, તેનું તો આત્માનું 'મ્યૂઝિક' છે. આપણા 'બૅન્ડ'માં નવનીત કવિ, એ તો મોટામાં મોટું નિમિત્ત છે, તેને લીધે 'બૅન્ડ' સુંદર લાગે છે. તે કવિનું ભાગ્ય તો ગજબ ઊઘડવાનું બાકી છે.

★★★★

આ કવિને સાંભળો એટલે બહાર બજારમાં મીઠાઈ લેવા ના જવું પડે ! તેણે તો ભાતભાતની અને જાતજાતની મીઠાઈઓ પીરસી છે. બહારની મીઠાઈઓ તો ભેળસેળવાળી ને ગંધાતી ! મનુષ્યોનો સ્વભાવ કેવો છે ? કે બહુ ઊંચી જાતની મીઠાઈઓ મૂકી હોય તો જલેબી નજરમાં ન આવે, ને જંગલમાં જલેબી મૂકી હોય તો ?

આ કવિએ ૭૪૦ પદો લખ્યાં છે, તે નરી આંખે ઊંચા પ્રકારની મીઠાઈઓ છે, પણ આ કાળના માણસોને નજરમાં આવતી નથી.

કવિએ બે જ પદ મૂક્યાં હોત તો બધાં રોજ ગાત. જલેબી અને લાડુ બે જ હોત તો લોક ખાત, પણ એણે તો નર્યાં પકવાન-પકવાન જ પીરસ્યાં છે, તે શું ખાય ને શું ના ખાય ? તેવું તેણે તો પાંચસો-છસો પદો રચી નાખ્યાં છે, તે લોક કયું વાંચે ને કયું ના વાંચે ? બાકી, શું શું થવાનું છે, તે બધું ભવિષ્ય કવિએ ભાખ્યું છે.

★★★★

આ નવનીતે 'એમ્યુનિશન ફૅક્ટરી' કાઢી. લખ લખ કરીને હથિયારો બહાર પાડ્યાં જ કરે છે !

આ 'મુક્તિ-સુખ' પુસ્તક નવનીતભાઈનાં પદોનું છે. આ પદો અહીં ગાય ને અમને ત્યાં ઠેઠ પહોંચે, કારણ 'ધીસ ઈઝ ધી કૅશ બૅન્ક ઈન ધી વર્લ્ડ' !

આ કવિએ કોની ઉપર પદ લખ્યાં છે ? મહીં જે 'દાદા' બેઠેલાં છે ને, તેમની પર, અને તે જ પોતાનું 'સ્વરૂપ' છે. આ પદો તો જેમ ગાય તેમ પોતાનું 'સ્વરૂપ' પ્રગટ થતું જાય, એક-એક વાક્યે પોતાનું 'સ્વરૂપ' પ્રગટ થાય. આ તો રોજ પદો ગાય તોય નવાં ને નવાં જ. દરેક વસ્તુ થોડા દિવસોમાં જૂની થઈ જાય. આ સત્સંગ તો નિત નવો. હીરાની ખાણ હોય, પણ જગતનાં લોકોને ખબર ના હોય ત્યાં સુધી કિંમત ના કરે.

★★★★

આ કવિનાં પદો થકી પોતાના આત્માની જ ભક્તિ કરવાની છે.

આ પદો ગાઓ એટલે મહીં બેઠેલાં ભગવાન જમા કરે કે આ 'ટાઈમ' મારે માટે કાઢ્યો, અત્યાર સુધીમાં સંસારમાં જ પડેલાં અને મારે હારુ એકુય દહાડો કાઢ્યો જ નથી ! એ શું કહે છે ? 'એક અવતાર મારે માટે કાઢ, તો અનંત અવતારનું સાટું વળી જશે.'

આ તો પદો બોલવાં, એ પોતાની જ કીર્તનભક્તિ છે, પોતાની કીર્તનભક્તિ થાય છે, 'દાદા'ની જ કીર્તનભક્તિ થાય છે.

★★★★

આ તો હજી કવિ ગરબા લખશે ને અંબા માતાના ગરબા ગવાશે ત્યારે માતાજી આવીને ઊભાં રહેશે. આજના ગરબામાં બરકત જ ક્યાં છે ? આજના ગરબાઓમાં જુઓ તો ખરાં, આ છોકરાઓ પણ ગાય છે "...તાંબાના બેડલે પાણી નહીં ભરું !" આ આપણો કવિ ગરબા ગવડાવે ત્યારે જોજો જગત આફરીન થશે. આ કવિએ કયો ધર્મ ગાયો ? વીતરાગધર્મ. બાકીના બધા જ ધર્મો લૌકિક છે.

★★★★

આ પદો શાથી ગવડાવવાનાં ? આ જૂની ઘરેડમાંથી કાઢવા માટે આ પદો ગવડાવવાનાં. ઘરેડ ખોટી નહોતી, પણ 'ફ્રૅક્ચર' થઈ ગયેલી, તે આ 'અક્રમમાર્ગ' નીકળ્યો. આજ સુધી કવિઓ એકરાગી પદ ગાતાં. સાખી એટલે સાખી, ભૈરવ એટલે ભૈરવ. આ નવનીતે તો બધા જ રાગો ભેગા કરી દીધા છે, એક પદમાં અનેક રાગો આ કવિએ તો વણી લીધા છે. બધા આજ સુધીના કવિઓએ એક છંદમાં એક-એક પદ ગાયેલાં. આ કવિએ તો એક પદમાં અનેક છંદ ગાવા માંડ્યા છે. આ 'નેચરલ

પ્રોડક્શન' છે. અમારી તળપદી બોલીને કવિએ જે રીતે અસલ કાઠિયાવાડી ગુજરાતી ભાષામાં પદમાં ઉતારી છે એનું 'વેલ્ડિંગ' અજોડ છે. અમે ''જ્ઞાની'' ભલે હોઈએ, પણ અમારાથી આવી એક પણ line લખી ન શકાય. કવિને સાંભળતા અમારામાં ઝણઝણાટી થવા માંડે છે અને પુદ્ગલ ઠંડું પડ્યું હોય ત્યારે એમાં ક્રાંતિ-ગીતોથી અમને પણ ગરમી આવી જાય છે. ''જ્ઞાની'' છીએ તેથી શું ? અમારી પણ પ્રકૃતિ તો ખરી ને !

★★★★

જો સમજણ પડે તો આ કવિની 'મુક્તિ-સુખ' પદની ચોપડીમાં આ જગતનાં તમામ શાસ્ત્રો આવી જાય છે. આ લોકો તો દળેલાંને પાછું દળ દળ કરે છે. ભલે બુદ્ધિ વિપરીત છે, છતાં કસાયેલી છે, તે સમ્યક્‌ને ધારણ કરશે. હજુ આ કાળ એટલો બધો બગડી નથી ગયો કે લોક સમજી ના શકે. હજુ પાંચ વર્ષ પછી લોક કવિનાં પદો સમજી શકશે. કવિનું એક વાક્ય 'સમજે' તોયે 'જ્ઞાન' પામે તેમ છે.

★★★★

આ કવિના પુસ્તકનો આરાધક વર્ગ છે, સમજદાર વર્ગ નથી. આગળના અધ્યાપકો, આચાર્યો અને તત્ત્વવેત્તાઓ છે, તે જ સમજી શકે. કવિએ એક દહાડો ખરું કહી દીધું ! મેં તેને પૂછ્યું, 'અલ્યા, તને બધું સમજાઈ ગયું ?' ત્યારે કવિ કહે, 'દાદા, તમે આપ્યું છે તે જ જાણ્યું છે, પણ આ પદોના અર્થ કે કક્કો કશું જ હું જાણું નહીં.' કવિ તો બિચારો પારેવા જેવો છે. 'હું તો જ્ઞાન અને આ પ્રત્યક્ષ મોક્ષ સિવાય કશું જ બીજું જાણું નહીં' તેમ કવિ કહે છે.

★★★★

આ કવિને તો કપાળે માત્ર હાથ જ લગાડેલો ! તે કવિની મહીં 'દાદા' બેસે ને પદો લખાવે છે. આ તો રોજનાં એક-એક પદ લખાય છે. તે આ કવિનાં પદો તો જગત્‌કલ્યાણ માટે છે. એનાં તો એક-એક વાક્ય અજાયબી છે, તેથી જ અમે એનાં એક વાક્યનેય છેકવાની ના પાડેલી છે.

★★★★

આ નવનીતનાં સો પદ પૂરાં થયાં. આ નવનીતની પાછળ હું બેઠો છું. મારી શક્તિઓ છે, તેની તૈયારી જોઈએ કે થઈ જાય !

★★★★

આ કવિ અને તેની વહુ 'જ્ઞાન' લીધાં પહેલાં ગોટલાં અને છોડિયાં જેવાં હતાં, હવે હાફૂસ જેવાં થયાં છે.

આ કવિને ત્રણ વર્ષ થયાં, ઉલ્લાસ ઘટતો નથી ! ઊલટાનો તેનો ઉલ્લાસ વધતો જાય છે. કવિ તો આખો વખત ખોવાઈ ગયેલો જ રહે છે, તે ઘેર જાય ને 'દમયંતી'ને જુએ ત્યારે જ તેને ખબર પડે કે ઘેર આવ્યો !

★★★★

કવિને 'જ્ઞાન'નો સંયોગ ખૂટતો હતો, મારો સંયોગ ખૂટતો હતો, તે હવે હું ભેગો થયો ને 'જ્ઞાન' મળ્યું એટલે ઘણું ગજબનું 'સાયન્સ' નીકળ્યું છે. 'ઇંગ્લિશ' આવડતું નહોતું, તે અંગ્રેજીમાં પદ રચી લાવ્યો ! કવિનાં રચેલામાં, તેમાં સુધારો ક્યારેય કોઈએ કરવો નહીં, એ તો પહેલાંનું 'ટૅપ' કરેલું તે નીકળે છે. કવિ માલ ભરી લાવેલો, તે તેની સાહજિક શક્તિ છે ! પાછલો ભરેલો માલ નીકળવા માંડ્યો છે.

★★★★

આ કવિ છે, તે માત્ર હાથ મૂક્યા પછી જાણે કે તેની જીભે પ્રત્યક્ષ સરસ્વતી આવીને વસી ગઈ છે ! તે રોજ 'વર્લ્ડ'ની અજાયબીવાળા એકએક પદ રચે છે. ''જ્ઞાની'' ચાહે સો કરે ! આ કવિને તો 'કવિ' જ કહેવાય, જેના મુખે પ્રત્યક્ષ સરસ્વતી નીકળે છે, નહીંતર એક-એક વાક્યનું બનાવવું ખૂબ મુશ્કેલ છે. 'દાદા'ની અંદર સૂક્ષ્મતમ સરસ્વતી છે અને નવનીતમાં સૂક્ષ્મ સરસ્વતી છે, નહીં તો આટલાં બધાં પદો રચાય નહીં, નીકળે નહીં.

★★★★

આ નવનીતે હું જે ગદ્યમાં બોલ્યો તે પદ્યમાં લખી નાખ્યું છે. કવિનાં પદોમાં તો વ્યવહારધર્મ ને નિશ્ચયધર્મ બધું જ છે, અમારું બોલાયેલું લખાયું છે, તે તેમાંથી શાસ્ત્રોરૂપે બહાર પડશે. જગતના તમામ ધર્મો વાંચે અને ધારણ કરે ત્યારે મર્મ નીકળે, એવો સો ટકા મર્મ થાય ત્યારે તેમાંથી અર્ક નીકળે ને આ સીધો જ્ઞાનાર્ક જ અહીં આપવામાં આવે છે અને એ જ્ઞાનાર્ક આ કવિએ પદમાં ઉતારેલો છે. તે હું કંઈ એને ભણાવવા નહોતો ગયો, પણ આ જે વાણી બોલેલો, 'જ્ઞાન' બોલેલો તે એણે પદમાં વણી લીધું છે અને તે આ તો રોજનું એક પદ લખાય એય અજાયબી છે ને ! આ તો માર્ગ નવો છે, તે નવી ઢબનું બધું.

★★★★

આ જ્ઞાનાવતાર છે, જે માગવું હોય તે માગી લેજો. અમે તો કહીએ છીએ, કે 'તમારે જે માગવું હોય તે માગી લ્યો.' આ કવિએ બધું જ માગી લીધું છે ને તેને આપ્યું પણ છે. ''સર્વસ્વ અમારું અર્પણ છે...'' આ પદ કવિએ કેવું ગજબનું ગાયું છે ! આટલું જ જો બોલે તોય તે અમુક અંશે આત્મા પામે તેવું છે.

આ નવનીતનું "સર્વસ્વ અમારું અર્પણ છે..." એ પદ પાંચ 'મિનિટ' ગાય તોય બસ થઈ ગયું. આ 'રિયલ પ્રાર્થના' છે. દિવસમાં જો એક વાર સવારમાં કરે તો આખો દિવસ મહીંની ગ્રંથિઓ લોકોને હોવા છતાં સમાધિ રહે.

આ કવિનાં કોઈ પણ એક શબ્દ ઉપર છેકો ના મારશો ! તે સાહજિક છે ને કુદરતી રીતે 'જ્ઞાન' પદોમાં વણાયું છે.

★★★★

જ્યારથી જગતની ઉત્પત્તિ થઈ છે ત્યારથી તીર્થંકરો સિવાય કોઈ વાત્સલ્યમૂર્તિ થયું જ નથી. નિષ્પક્ષપાતી હોય તો જ વાત્સલ્યમૂર્તિ થઈ શકે. આ કવિને કંઈ અમે કહેવા ગયેલા કે અમને 'વાત્સલ્યમૂર્તિ' કહેજે ? તેણે તો પદમાં લખી નાખ્યું : "વાત્સલ્યમૂર્તિ તમે, એક જ મા અમને." કવિએ તો અમારું નામ બદલી નાખ્યું.

'ભગવાન'ની નકલ કરનાર તો કોઈક નીકળશે, પણ 'વાત્સલ્યમૂર્તિ'ની નકલ કરનાર કોઈ નહીં નીકળે, એટલે તેણે 'વાત્સલ્યમૂર્તિ' પાડ્યું. આ કવિને હું શિખવાડવા જ નથી જતો, પણ "જ્ઞાની પુરુષ"ની તેની ઉપર કૃપા છે એટલે તેનો એક શબ્દ પણ વિરોધાભાસ ના હોય ! એટલે તેનું એક વાક્ય પણ છેકવાની મેં ના પાડી છે.

★★★★

આ ભગવાનનો પ્રકાશ જરા બહાર પડે તો 'વર્લ્ડ' પ્રકાશમાન થઈ જાય. આ ભગવાનનો પ્રકાશ 'દાદા' પાસે અને એનો પ્રકાશ કવિ પાસે ! તે એ પ્રકાશ બહાર જશે તો, ત્યારે 'વર્લ્ડ' અજાયબ થઈ જશે.

★★★★

કવિએ શુક્લધ્યાનની શ્રેણીથી આ પદો લખેલાં છે. લખનાર પણ સમ્યક્દર્શનવાળો હોવો જોઈએ. માણસ બહુ ત્યારે ધર્મધ્યાનથી લખે, પણ આ તો શુક્લધ્યાનથી લખે છે. કવિ ઉપર તો ભગવાનની જબરદસ્ત કૃપા ઊતરી છે. આ કવિએ શુક્લધ્યાનનાં પદમાં રહીને પદો રચ્યાં છે, બીજાં રચે છે તે ધર્મધ્યાનમાં રહીને રચે છે.

આ કવિએ જે પદ લખ્યાં છે તે મોક્ષનું કારણ છે. શુક્લધ્યાનની શ્રેણી ઉપર કોઈ પણ પુસ્તક લખાયું હોય તો તે પહેલવહેલું જ નવનીત કવિનાં પદોનું છે. આ કવિનાં પદોનો જે વ્યવહાર રાખશે તો તે વખતે સંપૂર્ણ શુદ્ધાત્મામાં રહેશે.

★★★★

ભગવાનના વખતમાં સુષમ-દુષમકાળ, ત્યારે આ કવિનું એક જ પદ આપ્યું હોત તો કહેત, 'મારે હવે કોઈ જ્ઞાનની જરૂર

નથી.' ત્યારે ભગવાનની હાજરી હતી, તે એક જ પદ મોક્ષ આપે એવું છે. જ્યારે ભગવાનની હાજરી ને ''જ્ઞાની પુરુષ''ની હાજરી હોય ત્યારે એક જ પદ મુક્તિ ભણી લઈ જાય એવું છે, પણ આ કાળ વિચિત્ર અને લોકો બગવાયેલાં તેથી 'બહુ વખત વાંચવાનું' કહીએ છીએ. ''જ્ઞાની''ઓ હોય તો કલ્યાણ થાય ને ના હોય તો શુભમાં પડી રહેજે, અશુભમાં ના પડીશ. શુભમાં હશે તો 'જ્ઞાન' મળી રહેશે.

આ તો 'વિક્રમ ઉદયમાન' કવિએ લખ્યું છે. તે મૂળથી 'અક્રમ' છે અને અત્યારે 'વિક્રમ ઉદય' થયો છે, ટોચ ઉપર પહોંચ્યું છે. આ કવિનો એક-એક શબ્દ નૈમિત્તિક નીકળ્યો છે. તીર્થંકરો હોત ને, તો એનાં કર્મોની એમ ને એમ જ મુક્તિ કરી મોક્ષે લઈ જાત.

★★★★

આ તો કવિને જેટલું દેખાયું તેટલું પદોમાં તેણે લખ્યું છે, તો પછી 'દાદા'ની મહીં તે કેટલું હશે ? ઓહોહો ! આ તો કોઈ ગજબનો પુરુષ પ્રગટ્યો છે !! કવિને એવું લાગ્યું કે 'આ તો દસ લાખ વર્ષે આવો પુરુષ પાક્યો છે' એટલે તેણે લખ્યું.

કવિ નવનીત તો ગજબનો છે ! તેને તો, 'દાદા' જેમ છે તેમ હું સમજ્યો છું તેમ જગત આખુંય 'દાદા'ને સમજે, એ એક જ ધૂન છે.

★★★★

આ કવિને અમારે સૂચના આપવી નથી પડી અને મોતી પરોવીને એમણે માળા બનાવી, પણ સજ્જડ 'જ્ઞાન' પરોવી દીધું છે.

★★★★

આપણે આ ગવડાવીએ છીએ શા માટે ? ગાવાથી એટલો 'ટાઈમ' ચિત્ત એક થયું. આખું જગત અનંત ચિત્તમાં પડ્યું છે. એક બાજુ શુદ્ધાત્મા ને બીજી બાજુ શુદ્ધાત્માનાં પદો, એની ભજના ને ભક્તિ થાય છે. એ જેટલો વખત થયું એટલો વખત એકચિત્ત થયું, તે એટલો 'ટાઈમ' તો કામ થઈ જ જાય.

★★★★

આ મહીં જે પ્રતિષ્ઠિત આત્મા છે તે આ કવિનાં પદો ગાય છે ! તે એને 'ટેસ્ટ' પડ્યો તેથી ગાય છે, પણ આ ગાવાથી તો તેનો

વંશ નિર્વંશ થશે. એ પ્રતિષ્ઠિત આત્મા તે નિશ્ચેતન-ચેતન છે, પણ આ આત્મા માટેનાં જ પદો છે, તે ગાવાથી આત્મા તો હાજર રહે ને બહારનો ભાગ ચોખ્ખો થતો જાય. તેથી જ અમે કહીએ છીએ ને, કે 'ઘેર બેઠાં હો તો પણ ગાયા કરજો અને અમારી હાજરીમાં ગાય તો તો ગજબનું ફળ મળે.'

★★★★

ચિત્તવૃત્તિની મલિનતા એટલે શું ? કે 'પ્લસ દસ નંબર' કે 'માઈનસ દસ નંબર', તે 'નંબર' વગરનાં ચશ્માં થાય પછી સમાધાન થઈ જાય. આ પદો ગાવાં, ચિત્તવૃત્તિની મલિનતા દૂર કરવા માટે છે. પદોના અર્થ કરવાનીય જરૂર નહીં. અર્થ કોને કરવાની જરૂર ? અહીં બેસી રહેનારને. હવે તો પરમાર્થ પ્રાપ્ત થયો, આત્મા પ્રાપ્ત થયો. હવે તો ચિત્તવૃત્તિની મલિનતા દૂર કરવા માટે પદ ગાવાનાં. આ ગાવાથી લોખંડ ઉપર પથ્થર ઘસે તો ઘસારો થાય, તેમ આ પદો ગાવાથી ચિત્તવૃત્તિ ઉપર ઘસારો પડે ને ચોખ્ખું થતું જાય.

આ પદો છે, એ બહુ વખત બોલશો, બહુ વખત સાંભળશો ત્યારે ચિત્તવૃત્તિ શુદ્ધ થશે ને ત્યારે ઉઘાડી આંખે સમાધિ થાય અને જ્યાં જુઓ ત્યાં પરમાત્મા દેખાય. આત્મા તો શુદ્ધ કરી આપ્યો, પણ ચિત્તની શુદ્ધિ આ પદો ગાવાથી થયા કરશે.

★★★★

આ કવિનાં પદો કોઈ ''જ્ઞાની''એ લખ્યાં હોય એવાં છે ને ? આ તો કહ્યું છે, 'એક શબ્દ છેકશો નહીં. ત્રિકાળ સત્ય છે.' આ તો કવિને પૂછીએ તો એ કહે, 'અર્થ નથી આવડતો !' કારણ આ સહજકૃપાથી પદો લખાયાં છે.

★★★★

આ કવિએ જો પોતે લખ્યું હોત તો તે બધાના અર્થ એ કરી આપે, પણ આ તો સહજ લખાયું છે, 'દાદા' પણ એના અર્થ ના કરે. 'દાદા' અર્થાર્થી નથી, મોક્ષાર્થી છે. મોક્ષની દુકાન છે અહીં તો !

આ કવિનાં પદોમાં મનેય સોળ આની પૂરી ખબર ન પડે. આ તો ભવિષ્યમાં શું શું થવાનું છે તે નીકળે છે ! તે કવિનેય તેનાં પદનાં અર્થ સમજ ન પડે, કારણ આ તો મહીં 'ટેપ' કરેલું તે નીકળે છે.

★★★★

આત્માનો સ્વભાવ જ્ઞાયક છે. તે તેને કંઈક જ્ઞેય તો જોઈએ જ ને ! આ પદો, એ તો આત્માનો ખોરાક છે, 'વિટામિન' છે.

★★★★

આ કવિએ પદમાં એક-એક શબ્દ એવો મૂકેલો છે કે તે ગાય ત્યારે શુદ્ધાત્માની બહાર જઈ જ ના શકે.

આ પદો કવિ જે રીતે ગવડાવે છે તે રીતે સારા રાગથી (ઢાળ-ચાલથી) ગવાય, તો આત્મામાં રહી શકે. આત્મા પણ સહજસ્વભાવી છે.

★★★★

આત્મા તો જ્ઞાતા-દ્રષ્ટા છે, પણ મન છે એને પરોવી રાખવાની જરૂર છે. આ સોયને જેમ દોરામાં પરોવી રાખે છે તેમ ! આ પદો છે, આ ગાઈએ એટલે મન એમાં પરોવાયેલું રહે અને પોતે તો જ્ઞાતા-દ્રષ્ટા જ છે.

આ કવિ નવનીતનાં પદો વાંચે ત્યારે બહારનું નાટક, ઊંચાંમાં ઊંચું મોક્ષનું નાટક હોય અને 'પોતાનાં' પદમાં પણ રહે. ગજબનું મહાતમ આ કવિનાં પદોનું છે, માટે અનુકૂળતાએ અવશ્ય ગાવા.

★★★★

આ કવિનાં પદો એવાં સરસ છે, તે આખો દહાડો ગા ગા કરે તોય આત્મા પ્રગટ થાય. આ તો કેવી રીતે ગાવાનું ? કે 'રૂમ'માં બેસીને પોતે જ ગાય ને પોતે જ સાંભળે, જાણે કે ગાનાર અને સાંભળનાર જુદા હોય. એથી બીજાં મછરાં પેસે નહીં ! પદો શુદ્ધાત્માને અનુલક્ષીને હોય, તે 'સ્વરૂપ' પ્રગટ થાય. આ તો સાંભળનાર પોતે જ એમાં ભૂલ કાઢે એવી રીતે સાંભળે, એવી રીતે ગાવું જોઈએ.

આ કવિના એક-એક પદમાં અજાયબી ભરી છે. આનાથી આત્મા મળે નહીં, પણ આત્મા હાજર થાય, આનંદ થાય, કારણ "જ્ઞાની"ની પ્રસાદી છે. આત્મા તો "જ્ઞાની" પાસે જ છે.

★★★★

સંદર્ભ :


૧. મહાત્મા શ્રી નટુભાઇ બી. પટેલની સત્સંગ નોધપોથી

૨. અક્રમ વિજ્ઞાન જુલાઇ ૨૦૧૩ મેગેઝીન

૩. સ્વરુપ વિજ્ઞાન ભાગ-૧,૨,૩.



## ૪. કવિરાજશ્રીનાં પદોના પ્રથમ પુસ્તક 'મુક્તિસુખ-૧'ની પ્રસ્તાવના :

-શ્રી ચન્દ્રકાંતભાઈ પટેલ (અક્રમવિજ્ઞાનનાં દ્વાર ખોલનાર ભાવિતીર્થંકર સાહેબ)

ન જોયાં, ન જાણ્યાં, ન અનુભવ્યાં, એવા આશ્ચર્યોની પરંપરાથી સભર વર્તમાન આશ્ચર્ય યુગકાળમાં, અપૂર્વશ્રુત પરમપાવનકારી જ્ઞાનગંગાથી, અભયદાની સહજ-સુખનો અનુભવ પ્રત્યક્ષપણે કરાવતા, વાત્સલ્યની સજીવન મૂર્તિ એવા જ્ઞાની પુરુષ પૂજ્ય દાદાની ચેતનવાણી છેલ્લાં દસેક વર્ષોથી સતત વહેતી રહીને તીવ્ર મુમુક્ષુ મહાત્માઓને સહજસુખ તથા સહજાનંદ પમાડી રહી છે. તેઓશ્રીની વાણીને વૈજ્ઞાનિક રીતે તાદશ પદ્યમય રૂપાંતર, કરવાનું મહાન કાર્ય સમકિતિ મહાત્મા કવિશ્રી નવનીતભાઈ ગોકુળદાસ સંઘવી મારફતે પાર પાડવાનું સર્જાયું છે. જેની કોઈ પ્રસ્તાવના નથી, જેની કોઈ સમાપ્તિ નથી, સમસ્ત વિશ્વનું સ્વયં સંકલન. એવા 'વાત્સલ્યમૂર્તિ દાદાશ્રી'નું અતિ અતિ ગહન, અતિ અતિ દુર્લભ ઓળખાણ પાડતાં, સ્વયં સહજ સ્ફૂરણથી, સહજ અને સરળ રીતે, સજીવન મોક્ષદાતા પ્રત્યક્ષ જ્ઞાની પુરુષની સાક્ષાત્ પ્રગટ સરસ્વતીને પદ્યમાં સંકલિત કરીને સૌ મુમુક્ષુ મહાત્માઓ તથા સુજ્ઞ જનસમુદાય ઉપર સ્વ-ધર્મ પ્રકાશ ક્ષેત્રે અતિ મહાન ઉપકાર કર્યો છે મહાત્મા કવિરાજશ્રીએ. "મારા માથે હાથ મૂકી દાદા ભગવંતે આશીર્વાદ આપ્યા છે અને જેની કૃપાથી સાક્ષાત્ સરસ્વતી કલમ અને જીભ પર આવીને બેસી જાય છે એવા દાદા ભગવાનની કૃપાએ અને પ્રેરણાએ આ ભક્તિ-પુષ્પમાળ ગુંથાય છે" તેમ કવિશ્રીએ લખેલું જ્યારે વાંચ્યું ત્યારે સર્વજ્ઞ દાદા ભગવંત પ્રત્યેની તેમની અસીમ ભક્તિથી મારું હૃદય ખૂબ જ આનંદિત બની રહ્યું.

આ કાવ્યપંક્તિઓ સહજભાવે સ્ફૂરણ પામી છે. પૂજ્ય દાદાશ્રીની સર્વ ધર્મ પ્રત્યે ઉત્કર્ષની જે શુદ્ધ ભાવનાઓ છે તેમાં તેમની વીતરાગતાનાં જ દર્શન થાય છે. પ્રત્યેક પંક્તિમાં પૂજ્ય દાદાશ્રીની આત્મવિચારધારાને વણી લેવામાં આવી છે; અને જ્યાં જ્યાં જ્ઞાન પ્રત્યક્ષ થયું છે ત્યાં તે ખૂબીપૂર્વક સહજ ભાવે ગૂંથાઈને અદ્ભુત રચના થઈ છે. શુદ્ધ ચૈતન્યને જાગ્રત કરતાં આ પદો શુદ્ધ ચૈતન્યની જ ભક્તિરૂપે ગવાયાં હોય તેમ પણ આપણા અનુભવમાં આવે છે. આત્માને પ્રત્યક્ષપણે ગાયો હોય અને તે પણ જ્ઞાનરૂપી જાગૃત અવસ્થામાં, તો તે અહીંયાં જ, એમ મુમુક્ષુઓને લાગ્યા વગર નહીં રહે એમ હું દઢપણે કહી શકીશ. આત્મા અને અનાત્માના ભેદને પૂર્ણ પણે ગવાયા હોય તો તે અહીંયા જ છે. આ ગ્રંથને કાવ્યમાળા કહેવા કરતાં જ્ઞાનગ્રંથ કહેવો જ વધારે ઉચિત તથા યોગ્ય છે. પૂજ્ય દાદાશ્રીની ભક્તિ પણ શુદ્ધ ચૈતન્યને લક્ષમાં રાખીને કરવામાં આવી છે. સત્પુરુષ એ જ પ્રત્યક્ષ મોક્ષ છે એમ કવિશ્રી કહે છે.

આ કાવ્યગ્રંથમાળાની શ્રેણી ૧ની પ્રસ્તાવના લખતાં એક વસ્તુ કહીશ કે તેના પ્રાસ, રાગ વગેરે બાબતમાં અજ્ઞાન

છું; છતાં કવિશ્રીના સ્વમુખે જ્યારે જ્યારે આ પદો ગવાતાં સાંભળવાનો લહાવો મળ્યો છે તે પરથી એક વાત જરૂર જણાવીશ કે તેમાં જ આનંદ છે, સુમેળ છે તથા સહજભાવે સુંદર રાગમાં ભાવથી ગવાય છે ત્યારે એમ જ લાગે છે કે આમાં ઊણપનો સવાલ જ નથી; તે સંપૂર્ણ છે, પરિપૂર્ણ છે.

કવિશ્રીનાં પ્રસ્તુત તથા હવે પછી પ્રકાશમાં આવનારાં પદોમાં 'પરમ પૂજ્ય દાદા ભગવાન'નું અવિરોધાભાસ વૈજ્ઞાનિક જ્ઞાન-પ્રગટ્ય સારા કલ્પકાળના જ્ઞાનનિચોડરૂપે પરિપૂર્ણ વૈજ્ઞાનિક ઢબે અત્યંત સરળતાથી તથા સહજતાથી વણી લેવાયેલું છે. આશા છે કે મુમુક્ષુ જ્ઞાની મહાત્માઓને પરમાર્થ સાધવામાં તે અત્યંત ઉપયોગી થઈ પડશે અને તદર્થે નિજ શુદ્ધ પ્રાર્થના સાથે વિરમું છું.

**ચંદ્રકાંત રણછોડભાઈ પટેલ**
'જય સચ્ચિદાનંદ'

૬૫, કુંજ સોસાયટી,
અલકાપુરી,
વડોદરા. તા. ૧-૧૧-૧૯૭૧લિ.

## ૫. કવિરાજશ્રી રચિત પદોના પ્રથમ પુસ્તક 'મુક્તિસુખ-૧'નું પ્રકાશકીય નિવેદનઃ

સ્વ. શ્રી રસિકભાઈ રામભાઈ પટેલ
સંઘપતિ-વડોદરા.

વિકરાળ એવા કળિયુગના અસંયતી પૂજાના વર્તમાન કાળના અજોડ જ્ઞાનાવતારી પ્રગટ પુરુષ 'વાત્સલ્યમૂર્તિ પૂજ્ય દાદા'ની ભગવાનના આત્માઅનુભવવાણી- પ્રત્યક્ષ સરસ્વતી એવી ચેતનવાણી-તેઓના પરમ આશ્રિત દિવ્યનેત્રી મહાત્મા કવિશ્રી નવનીતભાઈ ગોકુળદાસ સંઘવી રચિત પ્રસ્તુત જ્ઞાનરસપ્રત્યયી પદોમાં ગૂંથાયેલી છે અને તે અત્રે અમે સર્વને આ ગ્રંથમાળાની શ્રેણી ૧નાં પુસ્તકરૂપે ઉપલબ્ધ થાય છે, તે એક અત્યંત આત્મોલ્લાસની હકીકત છે. કવિશ્રી નવનીતભાઈનો, તેઓનાં આવાં છેલ્લાં સવાબે વર્ષના ગાળામાં આજ દિન સુધી રચાયેલાં છસો ઉપરનાં જ્ઞાનપદો થકીનો, સર્વે જ્ઞાનનેત્રી મહાત્માઓ ઉપર અનુપમ ઉપકાર છે, જે શબ્દાતીત છે અને તેના અમે સર્વે ઋણી છીએ. અત્રે કવિશ્રીનો ટૂંક પરિચય આપવાનું ઉચિત સમજું છું.

વંથળી (જિ. જૂનાગઢ)ના ગોકુળદાસ સંઘવી હાલ મુંબઈ (ઘાટકોપર)ના છ પુત્રો પૈકીના ચોથા પુત્ર તે કવિશ્રી નવનીતભાઈ સંઘવી. હાલ તેઓ મુંબઈમાં માટુંગા મુકામે રહીને જગત-કલ્યાણની ઉદાત્ત ભાવનાથી સંસારમાં રહીને 'પરમગુરુ પૂજ્ય દાદા ભગવાન'ની અસીમ કૃપાથી, તેઓની જ્ઞાનગંગા વહેવડાવી રહેવાના પરમ પુરુષાર્થમાં છે. તેઓશ્રીને 'પૂજ્ય દાદા' શ્રી ભગવંત થકી, બે એક વર્ષ ઉપર જ્ઞાનચક્ષુ પ્રાપ્ત થયાં અને ત્યારે શ્રીમદ્ દાદાશ્રીએ કવિશ્રીને માથે હાથ મૂકી કહેલું કે તારી જીભે પ્રત્યક્ષ સરસ્વતી રમશે. આ સંદર્ભમાં કવિશ્રી તેઓના મહાત્માશ્રી નટુભાઈ ભાઈલાલભાઈ પટેલ ઉપરના લખેલા એક પત્રમાં લખે છે :

> "જેની કૃપાથી સાક્ષાત્ સરસ્વતી કલમ અને જીભ પર આવીને બેસી જાય છે એવા દાદા ભગવાનની કૃપાએ અને પ્રેરણાએ આ ભક્તિ-પુષ્પમાળ ગૂંથાય છે.
>
> એમાંનાં જે સનાતન સત્યોનો નિચોડ છે, એ કેવળ પ્રભુશ્રી સંગમેશ્વરની જ વાણી છે, મને નિમિત્ત બનાવ્યો છે અને જે કંઈ પણ સાહિત્યિક ક્ષતિઓ હશે તે આ ક્ષુલ્લક દેહધારી નવનીતની છે."
>
> તે પછીના તા. ૬-૬-૬૯ના તેઓના ઉપર્યુક્ત મહાત્માશ્રી ઉપરના પત્રમાં કવિશ્રી લખે છે :
>
> "આપ બધાને જેટલો દાદાશ્રીના અપૂર્વ જ્ઞાનનો લાભ મળ્યો છે, એટલો મને નથી મળ્યો. તેથી આ પુષ્પ-માળની કળીઓમાં કચાશ વર્તાશે. પ્રાસ, ભાવ તથા સત્યો મારી અલ્પ સમજ પ્રમાણે આવ્યાં

હોય તો ક્ષમા ચાહું છું. ભગવાન ભાવનાના ભૂખ્યા છે; પરંતુ એટલી શ્રદ્ધા જરૂર છે કે અમુક પુષ્પો તો હજારો લોકો સાથે બેસીને ગાશે અને એ વખતે મને, ખૂણામાં, 'રામ-ધૂન'માં તાળી વગાડનારનું સદ્ભાગ્ય સાંપડશે તો પણ ઘણુ. કયા પુણ્યયોગે આપણે સહુનો મેળાપ થયો તે સમજાતું નથી. દાદા ભગવંતે વિધિપૂર્વક આજ્ઞા આપી છે તેથી આ પુષ્પમાળ આપને આજે મોકલાણી છે.''

ઉપર્યુક્ત અલ્પ ચિતારથી કવિશ્રીની ઓળખાણ સહેજે મળી જાય તેમ છે. આમાં આપણને તેઓશ્રીની સરળતા તથા પ્રેમનું પ્રત્યક્ષ દર્શન થાય છે. આજે પણ તેઓશ્રીની કલમ આવાં પદની રચનાર્થે નિરંતર ચાલુ જ છે તથા તેઓનાં દૈનિક વ્યવહારકામના કાળમાં કે રાત્રીના નિદ્રાકાળમાં પણ સુષુપ્તાએ તેઓશ્રીનો આજ પુરુષાર્થ કેવળ જગત કલ્યાણાર્થ ભાવનાએ હોય છે !

પ્રસ્તુત પુસ્તકમાં કવિશ્રીની પુષ્પમાળની શ્રેણી ૧ રૂપે કુલ ૧૦૮ પદ મુકાયાં છે. સહર્ષ જણાવવાનું ઉચિત સમજું છું કે આ જ પ્રમાણેનાં ૧૦૮ પદોનાં બીજાં પુસ્તકોના શ્રેણીક્રમમાં તેઓનાં પદો નિયમિત પ્રગટ થતાં રહેશે.

સર્વજ્ઞ દાદાશ્રીની અપૂર્વ અનુભવ જ્ઞાનવાણી ઉતારી લેવામાં તથા હસ્તલિખિત પ્રતો બનાવવામાં દિવ્યનેત્રી સમકિતિ મહાત્માશ્રી નટુભાઈ ભાઈલાલભાઈ પટેલ (વસંત કુટિર, વડોદરા)ની વર્ષોની અથાગ મહેનતનું ફળ આપણને યોગ્ય સમયે પુસ્તકોના રૂપમાં જોવા મળશે તેનો અત્રે સહજ ઉલ્લેખ કરું છું. આ અપાર મહેનતના કારણે આપણને નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધ થનાર શ્રીમદ્ દાદાશ્રીની પ્રત્યક્ષ શ્રુતવાણી અંગેનો ઉપકાર ઘણો જ મોટો છે અને તેના અમે સૌ અત્યંત ઋણી છીએ.

પ્રસ્તુત પદ્યપ્રકાશન આજે આપણી સમક્ષ જે ઉપલબ્ધ થાય છે તેના નિમિત્તમાં શરૂથી તે છેલ્લે પ્રકાશન સુધી 'પૂજ્ય દાદા'ના અત્યંત નિકટ પરિચયી દિવ્યનેત્રી સમકિતિ મહાત્માશ્રી કનુભાઈ જે જીવનકાળ દરમિયાન ધંધાર્થે 'પૂજ્ય દાદા'ની સાથે જ રહેલા, તેઓશ્રીના સ્વર્ગસ્થ પિતાશ્રી કાન્તિભાઈ આપાભાઈ પટેલ (ભાદરણ ગામ)ના તેઓ વડીલ પુત્ર છે તથા પરમ પૂજ્ય 'દાદાશ્રી' થકી ઈ.સ. ૧૯૬૩માં દિવ્યચક્ષુ પ્રાપ્ત કરીને તેઓશ્રીના નિકટ પરિચયથી સર્વવિશુદ્ધ જ્ઞાનપુષ્ટિ પામતા રહ્યા છે અને પામી રહ્યા છે. પરમ પૂજનીય ''દાદા''ની છાયા જ બની રહેલા તેઓશ્રીની પ્રેરણા જ આ પ્રકાશનમાં અત્યંત મદદરૂપ રહી છે અને તેઓને મારા તથા સમકિતિ મહાત્માઓના અત્યંત ભક્તિપૂર્વક શુક્લ અંતઃકરણના નમસ્કાર હો.

આ પુસ્તકના પ્રકાશનમાં બ્લોકો તથા સંકલના તૈયાર કરી કળામય રીતે બહાર પાડવામાં મહાત્માશ્રી જીતુભાઈ

વિનુભાઈ પટેલ (મુંબઈ) તરફથી જે કિમતી મદદ તથા સહકાર સાંપડ્યાં છે તે બદલ તેમનો અત્રે આભાર માનું છું. ઉપરાંત, આ પ્રકાશનમાં પ્રુફ રીડીંગ તથા અન્ય સર્વ સહકારમાં જે જે સમકિતિ મહાત્માઓના સહયોગ તથા સહકાર સાંપડ્યાં છે તે સર્વેનો પણ શુદ્ધ ભાવે આભાર માનું છું અને અપેક્ષા છે કે અન્ય પ્રકાશનોમાં પણ સૌની આ મુજબ સારી રીતે મદદ મળતી રહેશે.

આ પુસ્તકમાં છાપકામની જે કાંઈ ક્ષતિઓ કે ભૂલો રહી ગઈ હોય તેની ક્ષમા માગી લઉં છું. છતાં અગત્યની શુદ્ધિઓ સૂચવી છે તે અનુસરવા વિનંતી કરું છું.

વર્તમાને ભરતક્ષેત્રે વિચરી, સર્વવિશુદ્ધ સંપૂર્ણ જ્ઞાનરસગંગા વહેવડાવીને તેનાં શુદ્ધ સ્પંદનો જગાવી રહેલા 'વાત્સલ્યમૂર્તિ' પરમાશ્ચર્ય કારી 'સર્વજ્ઞ દાદાશ્રી'ના જન્મદિને (કાર્તિક સુદ ૧૪, ૨૦૨૮) પ્રસ્તુત પ્રથમ 'પદ્ય' પ્રકાશન તેઓના પરમચરણોમાં મહાત્મા કવિશ્રી તરફથી તથા અમ સર્વે તરફથી એક અજોડ આત્મતર્પણરૂપ બની રહો એ જ અભ્યર્થના.

'ભારતી'
ભૂતડી ઝાંપા રોડ,
વડોદરા. તા. ૧-૧૧-૧૯૭૧

લિ.
**રસિકભાઈ રામભાઈ પટેલ**
'જય સચ્ચિદાનંદ'

# ૬. કવિરાજશ્રી નવનીત સંઘવીનાં પદો અંગે ઉપોદ્‌ઘાત

**સ્વ. શ્રી જી. એ. શાહ**
**સ્થાપક ટ્રસ્ટી**
**વીતરાગ વિજ્ઞાન ચેરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન,**
**હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર, કામરેજ, સુરત.**

'વિજ્ઞાન'ની ભૂમિકા ઉપર ભક્તિની ધારાથી ભીંજાયેલા કવિરાજ શ્રી નવનીત સંઘવી આલોકિત આ પદો આત્મ-પ્રકાશના સિતારા જેવા છે અને એ સ્વ-પર પૃથક્ કરનાર પારદર્શક પારાશીશી જેવા છે, જે પોતાનાં જ્ઞાન- ભક્તિનાં અનુભવગમ્ય પ્રમાણોને માણવા માટે મિજબાનીરૂપ છે ! તેમાં મર્મભેદક ગહનતા છે, સૌમ્ય પ્રતાપ છે, અને દશાને વધુ દેદીપ્યમાન કરવાનું સામર્થ્ય છે, જે વર્તના અને વાણી દ્વારા પ્રતિબિંબિત થાય છે. પોતાનાં મન-વચન-કાયાથી અનુભવાયેલા આત્માના અભિવ્યક્ત થતાં લક્ષણો આ પદો દ્વારા જાણી-માણી શકાય છે !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'ભવાંતક/અપ્પારવ/શમણાં')**

★★★★

વિરહનો શોક શ્લોક બની વિરાટની વંદના કરે છે ! એ વિરાટ કદમમાં પોતાના કદમ મિલાવવાથી પોતાનો વ્યાપ પણ વર્ધમાન બનતો જાય છે. વિરહાંની વેદનામાં પોતાના સર્વ વણઉકેલ્યા પ્રશ્નો વીસરી શાશ્વત પ્રેમસ્વરૂપ 'દાદા ભગવાન'ની સાથે ઐક્ય સાધવા માટેનું એક પરિણામ પ્રદર્શક માધ્યમ છે આ કવિરાજ શ્રી નવનીત સંઘવી ! અને પોતાનું પ્રેમસ્વરૂપ જેમ જેમ ખીલતું જાય અને ખૂલતું જાય તે જ સાચી પ્રેમાંજલિ છે. બાકી, પ્રેમની જીવંત પ્રતિમાને વળી પ્રેમાંજલિ કેવી ?! મહાનદીને વળી ખોબા પાણીની અંજલિની જરૂર શી ?! સૂર્યના પ્રકાશને નિહાળવા મીણબત્તીની જરૂર શી ?! એમનો જીવમાત્ર માટેનો અભેદ, નિરપેક્ષ, નિર્વ્યાજ પ્રેમ પ્રત્યેક રૂંવાડે અને પ્રત્યેક ચેષ્ટામાં જાણે જગત સામે તાદૃશ થતો હોય તેમ અનુભવાતું ! તે પ્રેમસ્વરૂપ 'દાદા ભગવાન'નાં ગાનથી પોતે પ્રેમમય બનતો જાય છે, પોતાનું જીવન સરસ સંગીતમય બનતું જાય છે, પોતાનું અવનિ પરનું અસ્તિત્વ સાર્થક બને છે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'પ્રેમાંજલિ')**

★★★★

સદ્‌ગુરુ માટેનો અનન્ય અહોભાવ પ્રગટાવવામાં કવિરાજ શ્રી નવનીત સંઘવીની સંગીતમય સરવાણીમાં પ્રાદુર્ભાવ પામેલા ગુરુપૂર્ણિમાનાં પદો ખૂબ જ ઉપકારક થયાં છે અને એ જ અહોભાવ સદ્‌ગુરુ સમકક્ષ પૂનમનાં પૂર્ણ શીતલ પ્રકાશમાં લઈ જશે.

સદ્‌ગુરુનાં ગુણલાં ગાતાં ગાતાં આત્મિક વર્ધમાન કલાએ ચંદ્રની જેમ પૂર્ણત્વની પૂર્ણિમા પ્રગટશે. આ પૂનમની પૂર્ણતા અને આત્મિક ગુણોના તારલાઓની અસંગ નિરંજન રંગોળી આ ગુરુપૂર્ણિમાનાં પદોમાં રચાઈ છે. અનેક આત્મિક ગુણો વિશાળ વ્યોમમાં વેરાયેલા તારલાની જેમ હૃદયવ્યોમમાં ઝબૂકશે. આત્મસૌરભથી ગવાયેલા ગુરુપૂર્ણિમાનાં પદો સદ્‌ગુરુતુલ્ય બનવા માટેનું પરિમાણદાયક પ્રેરકબળ છે !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'ગુરુપૂર્ણિમા')**

★★★★

કવિરાજ શ્રી નવનીત સંઘવીની કલમે કંડારેલા સીમંધર સ્વામીનાં પદો ગાતાં પોતાનાં મન-વચનકાયાનો સુસંવાદી એકત્વયોગ સિદ્ધ થાય છે. આ પદાંગીનાં પદો ગાતાં જાણે આપણે જિનેશ્વર પ્રભુ શ્રી સીમંધર સ્વામીની સંમુખ હોઈએ, એમનાં દર્શન અને દેશનાથી લાભાન્વિત બનીએ એવો નિશ્ચયાત્મક ભાવ પ્રગટે છે. વિદ્યમાન અરિહંતનાં ગુણલાં ગાનારાઓ પોતાનાં વિભાવિક પરમાણુઓ પ્ર-શુદ્ધ થતાં સહેજાસહેજ ક્ષેત્રાંતર અનુભવે છે, પૂર્ણત્વના પંથે પ્રગતિ થાય છે. ધન્યવાદ છે કવિરાજ શ્રી નવનીત સંઘવીને, જેમણે આવા આત્યંતિક મુક્તિનાં અજવાળાં રેલાવ્યાં.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'પદાંગી')**

★★★★

વ્યવહાર બને તહેવાર અને જીવન બને સુખ સુરભિત, એવાં છે આ પદો ! સંસાર અને સ્વ-સાક્ષાત્કારના અનેક કોયડાઓને સુલઝાવતો આ છે કાવ્યમય, સુરીલી ચાવીઓનો ઝૂમખો !! સ્નેહશૂન્ય સંબંધોમાં અને બહારથી પણ આપણી પ્રકૃતિને છંછેડે તેવા સંજોગોમાં અતિ મધુર કંઠે ગવાયેલાં કવિરાજ શ્રી નવનીત સંઘવી નિમિત્તે સહજ નિસૃત થયેલાં આ પદો જાણે કે વર્ષાનાં મેઘબિંદુ છે, જે પોતાના વર્તમાન જીવનને, માનવભવને મહેકતો કરી શીતળતા અને પ્રસન્નતાથી પરિવારની પરિમલ પ્રસારશે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'સુબોધિ')**

★★★★

પદની સુરાવલિ સંજ્ઞાસ્વરૂપ છે, જે શબ્દોથી પર જઈ શાશ્વતનું સ્તવન કરે છે. આ પદો દ્વારા મુમુક્ષુ પોતાના જીવનની તમામ અવસ્થાઓમાં અવિનાશી આત્મસત્તામાં રહી શકે અને પરભાવમાં ન આવે એવી વીતરાગ ચાવીઓ આપેલી છે, જે

મોક્ષમાર્ગનાં બાધક કારણો સામે તત્ત્વકવચ સમાન છે. આ પદોને કયા શબ્દોથી બિરદાવીએ ?! અદ્યતન પરિસ્થિતિ અને પર્યાયોમાં 'પુરાણ પુરુષ' પરમાત્મા હાજર થાય છે. પ્રત્યેક પદ પલવારમાં કોટિ યુગોથી અજ્ઞાન-અંધકારમાં અટવાયેલા જીવને 'સ્વ'ની રમણતામાં પ્ર-વાહિત અને પ્રકાશિત કરે છે, ભક્તિ-ભાવની તેજ-ધારામાં 'બુદ્ધિ' બુદ્ધી બની શુક્લધ્યાનમાં પરિણતિ પામે છે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'અંધિયારા કોટિ યુગ કા')**

★★★★

આ પદો સહજ રીતે સરેલી જ્ઞાનભક્તિની ધારા છે ! એ ગાતાં કે સાંભળતાં જગ-જંજાળની વિસ્મૃતિ થાય છે. કલાકોના કલાકો સુધી આસનસ્થ રહી મંત્રમુગ્ધ બની આ પદો લોકો સાંભળે છે અને જેમ પદ-રચના કરતા કવિરાજ શ્રી નવનીત સંઘવીને થાક અનુભવાતો નથી, તેમ ભાવુક શ્રાવકને સમય-સ્થળનું વિસ્મરણ થાય છે. કવિરાજ જાણે કે લોકહૈયામાં બેસી લોકભાવનાનો પદ-પ્રકાશ કરે છે, જે પ્રકાશનું અન્વેષણ યુગોથી કરતા હતા તે પદ-રચનામાં અનુભવાય છે. 'સ્વ'-રૂપનાં અજ્ઞાનથી ગ્રસ્ત-ત્રસ્ત જીવ મહામુક્તિની મહક માણે છે, પોતાના 'અવ્યય-અચ્યુત' પદને સ્થિર કરાવે એવાં છે આ પદો !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'મારું સ્વરૂપ મુજને')**

★★★★

વર્તમાન અરિહંતનાં અહોગાન અહીં આપણને તીર્થંકરની પર્ષદામાં લઈ જાય એવા સમર્થ રીતે ઉદ્‌ગારિત થયા છે કવિરાજ શ્રી નવનીત સંઘવી દ્વારા. કવિરાજ આ પદો દ્વારા મુક્તિ માટે મુમુક્ષુનાં હૃદયમાં ક્ષાત્રતેજ અને નિજાનંદી નિઃશંકતા પ્રગટાવે છે. રાગનું વૈવિધ્ય અને શબ્દોની સ્વયંભૂ ગૂંથણી ચિત્તને એક લક્ષાભિગમે પરોવી પરમાનંદને ઉરમાં ઊભરાવે છે, મંત્રમુગ્ધ બની શ્રવણ સાથે તાદાત્મ્ય થતાં અદ્વૈત સર્જાય છે. અહીં છે અંતરનો ઉત્કટ પોકાર—એવો પ્રબળ પ્રભાવક કે પ્રભુને ઉર-મંદિરમાં હાજર થવું જ પડે ! પ્રભુની હાજરીથી સ્વકીય પ્રભુતાનું પ્રાગટ્ય સંભવે છે. સંસારગામી વૃત્તિ-રુચિની વિરતિ પોતાના 'વિરાટ' વૈભવમાં વિલીન થાય, એવી કંડારેલી છે પદ-પ્રતિમાજીઓ કવિરાજે !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'જેની સ્મૃતિથી ઉરનું')**

★★★★

પંખી ઊડે છે બે પાંખોથી ! મોક્ષમાર્ગની પણ બે પાંખો : ભક્તિ અને 'જ્ઞાન'. કવિરાજ શ્રી નવનીતનાં પદો મોક્ષમાર્ગની બે

પાંખો સમાન છે. ભક્તિ-ગાન કરતાં કરતાં હૃદય નિર્મળ અને નિષ્કલંક બને છે અને ‘જ્ઞાન’ એ હૃદયમાં પરમાત્મ-પ્રકાશ રેલાવે છે. આવા પરમાત્મ-પ્રકાશને રેલાવનાર પદો મુક્તિની મંજિલ તરફ જવા માટે અનેરી વિરાસત છે. ખરેખર તો પરમાત્માનાં આંગીરૂપ આ પદો મુમુક્ષુ અને ભાવુક હૈયાને પોતાના ‘સ્વરૂપ’ની આત્મિક આંગી કરી આપે છે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – ‘અય શ્વેતાંગી આભના ફરિશ્તા’)**

★★★★

સૂરમાં સામર્થ્ય છે સંવેદનને સ્થિર કરવાનું. ભટકતી ચિત્તવૃત્તિઓને સૂરના સાથિયામાં પૂરી પોતાનું ‘સ્વ’ત્વ આલોકિત કરવા કવિરાજ શ્રી નવનીતનાં પદો અજબનું ઐશ્વર્ય ધરાવે છે. સૂરમાં લીન બનતાં સંસારી ભાવ લય પામતો જાય છે અને આત્માની વર્ધમાન દશા સંપન્ન થાય છે. પદોના રાગોનું અને તાલનું વૈવિધ્ય પદોને વૈવિધ્ય બક્ષી બિરદાવે છે. વૈવિધ્યને કારણે પદો અન્નપૂર્ણાનાં છપ્પન પકવાન જેવાં અદ્ભુત રસદાર બને છે. આ તો જાણે મા શારદાએ કરેલી પરમાત્માની સ્તવના છે !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – ‘તપ્ત ધરા પર પહેલી વર્ષાના’)**

★★★★

સાહિત્યના અલંકારો કવિરાજ શ્રી નવનીતનાં પદોમાં પ્રયોજાઈ ગૌરવ અનુભવે છે ! તે પદોનાં મર્મને ચોંટદાર અને સુપાચ્ય બનાવે છે. જાણે સોળ શણગાર સજી સરસ્વતીદેવી સ્વયં ‘સ્વ’સૂર સ્પંદિત કરતાં હોય એવી એમની સંગીતમઢી શૈલી છે. તેઓ વિસરાયેલી રામલીલા કે ભવાઈ જેવા પ્રકારોની પરંપરાને પણ પદોમાં વણી લે છે. ગુજરાતી ભાષાને અંગ્રેજી, અર્ધમાગધી, હિન્દી, ઉર્દૂ વગેરે ભાષાના શબ્દોથી સમૃદ્ધ બનાવે છે. પ્રાચીન પરંપરા સાથે આધુનિક પર્યાયો, જેમ કે “જે હાર્ડ ડિસ્કે, સંસારી શક્તિ; ભર સૉફ્ટવેરે, સત્સંગ ને ભક્તિ” એમનાં પદોમાં સંયોજાય છે. ખરેખર ગુજરાતી ગિરા ગર્વ લઈ શકે તેવી સમૃદ્ધ શબ્દાવલિથી શણગારેલાં આ પદો અક્ષય ખજાનો છે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – ‘આત્માના અન્વય ગુણો’)**

★★★★

કવિરાજ શ્રી નવનીતનાં પદો કાળની સીમાઓને ઉત્ક્રમે છે, તેમાં ભૂત કે ભવિષ્યને થંભાવી વર્તમાનનો વિલાસ વિભૂષિત થાય છે. વર્ષો પહેલાં લખાયેલાં પદોનો એક શબ્દ પણ ન બદલી શકાય એવી આ રચનાઓ દેવકૃત અતિશય જેવી લાગે છે.

કવિરાજ શ્રી નવનીતે વહેતા કાળની સાથે કર મિલાવી શાશ્વતનાં શૃંગાર સજ્યાં છે અને તેથી જ આપણે ગાઈ ઊઠીએ છીએ :

**‘‘કવિની કરજો કવ્વાલિ, થબાકા સંગ દઈ તાલી;**
**ઝળકશે જ્ઞાન બ્રહ્માંડી, પ્રગટ ‘દાદા’ તણી વાણી.’’**

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – ‘’દાદા‘ના દરબારે, ગુરુપૂનમ’)**

★★★★

કવિરાજ શ્રી નવનીતની આત્મિક દશા ઘણી વાર સર્વોચ્ચ શિખરને સર કરે છે અને કેવળજ્ઞાનનાં અણમોલ મોતી એમનાં પદોમાં તેઓ વરસાવે છે. આ તો જાણે ‘પરકાયાપ્રવેશ’ના જેવો પ્રયોગ થયો અને પોતે જ ‘દાદા ભગવાન’સ્વરૂપ તત્કાલ બની તેમની દેશનારૂપ વાણી પદોમાં ગુંજરિત થાય છે. ‘જ્ઞાન’ અને ‘વિજ્ઞાન’ કવિરાજ શ્રી નવનીતનાં પદોમાં અંતર્હિત હોય છે. તેઓશ્રીનાં પદો ‘દાદા ભગવાન’નું ‘વિજ્ઞાન’ યથાર્થ રીતે સમજાવી રમતાં-રમાડતાં પોતાની આત્મદશાને ઊર્ધ્વ કરવા માટે ઉપકારક બને છે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – ‘કૃષ્ણ ભગવાન ઉવાચ’)**

★★★★

અલૌકિક પદોના વિધાતા કવિરાજ શ્રી નવનીતની કલમમાંથી નિરંતર નિજાનંદની સરિતા વહી મુક્તિસાગરમાં એકાકાર બને છે, જેમાં આકંઠ સ્નાન કર્યા વિના કોઈ રહી શકે નહીં. પોતાની ભૂલો જોઈ અને પોતાના ‘સ્વ’ને પરિશુદ્ધ કરી પરમાનંદની યાત્રા માટેનું પાથેય તેમનાં પદોમાં પિરસાયું છે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – ‘મોક્ષ મળે છે ’નિયમ‘થી’)**

★★★★

આ પદો ‘‘જ્ઞાની પુરુષ’’નાં માધ્યમથી મહાવિદેહક્ષેત્રે પ્રયાણ કરવા માટે મુમુક્ષુને જબરદસ્ત પ્રેરકબળ પૂરું પાડે છે. કવિરાજ શ્રી નવનીત સંઘવીએ સુરીલાં પદોમાં દાદા ભગવાન અને સીમંધર સ્વામીને આપની સમક્ષ તાદશ કરી દીધાં છે. શબ્દો પણ કેવા ? ભાષાની ચુસ્ત રૂઢિને ગાંઠ્યા વિના ગુંજન કરે છે. શબ્દોની એક અભિનવ Dictonary કરવી પડે એમ છે. ગુજરાતી, ગામઠી, કચ્છી, લોકબોલી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, અર્ધમાગધી, મારવાડી, ઉર્દૂ – અરે ! અનેક ભાષાના શબ્દો પદોમાં સ્થાન જમાવી મગરૂબી અનુભવે છે. શબ્દો સ્વયં ખેલતા-ખીલતા કવિરાજને ખોળે પદમાં ગોઠવાવાની

પ્રતીક્ષા કરે છે. અલંકાર, રૂપકોનું વૈવિધ્ય, કથનયોગ સહજ રીતે સમધારિત થયેલા છે. આ દૈવી દિવ્ય પદો પરમાર્થ-સાધક પ્રસન્ન સુરીલી યાત્રા છે. લયબદ્ધ આ સુરીલાં પદોની સહજ-સરળ પદાવલિ આત્મિક પરિમલ પ્રગટાવે છે, એનું આત્મ ઐશ્વર્ય ઊભરે છે. પદોના લયમાં જગત વિલય થાય છે અને આત્મદશા ઝંકૃત બને છે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'તીર્થંકર વિહરમાન')**

★★★★

પ્રત્યેક પળ આત્માભિમુખ બને એવાં આ સુંદર પદોની કવિરાજ શ્રી નવનીત સંઘવી દ્વારા આવિષ્કાર પામેલી રચના મૃત્યુની ગમગીની દૂર કરી માનવજીવનને સાર્થકતા બક્ષે ને ખૂબ જ ઉપયોગ અને જાગૃતિ સાથે જીવવાનો પ્રકાશ અને પ્રેરણા સહુને આપે !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'ભવ-નિવેડો')**

★★★★

પદ-પ્રસારી સૂરની સ્વર્ણિમ લેશ્યા 'પદ' એ માત્ર શબ્દોનું સમાયોજન નથી કે માત્ર સ્થૂળ અર્થ એનું પ્રયોજન નથી ! જેનાં ઉરમાંથી પદ-સરિતા નિસરી તેની નિજાનંદી પરમાત્મીય પરિણતિ અને અશેષ સમર્પિત ભક્તિભાવનાં ત્રિવેણી સંગમનું પ્રતીક છે પ્રત્યેક પદ !!

... તેના પ્રત્યેક અક્ષરના યથાર્થ ગુંજન સાથે હૃદયસ્પર્શક અને પરિવર્તક લેશ્યા સર્જાય છે, એવી પદ-સરિતાનાં વહાવનારના મુખેથી જ જ્યારે શબ્દો તેના સૂર-રાગ અને તાલ સાથે સંગીતના શણગાર સજી રજૂ થાય છે ત્યારે તે જ પ્રકારની ભાવના અને ભક્તિનાં ઉદ્દીપક બનીને 'સ્વ'નાં સહજ ઉઘાડનું નિમિત્ત બને છે.

કેસેટોમાં કવિરાજનું હૃદય સંપૂર્ણ સૂક્ષ્મતમ આલેખ સાથે આલોકિત બન્યું છે, જે ધ્વનિ દ્વારા અન્યનાં હૃદયને પણ એકમેવ અનન્ય ભાવે આત્માભિમુખ આલોકિત કરવાની ક્ષમતા ધરાવે છે !

... આવો, ફુદરડી ફરતી કેસેટની સાથે ગુંજતી 'સ્વ'-ગીતમાલા આપણને પણ સંસારની ફેરફુદરડીમાંથી મુક્ત કરવા જગવિસ્મૃતકર નિજાનંદમાં નિમગ્ન કરે.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'નવનિત્યમ્')**

★★★★

કેવું અચરજ આ 'અક્રમ વિજ્ઞાન'નું ! આજથી પચીસ વર્ષ પહેલાં રચાયેલાં પદો, આજે પણ એટલાં જ, કદાચ વિશેષ તાજા, હૃદયને સ્પર્શતા અનુભવાય છે, એક પણ શબ્દનો ફેરફાર કર્યા વિના ! અને એવા ગુજરાતી-હિન્દી-મારવાડી-કચ્છી-અંગ્રેજી એમ વિવિધ ભાષામાં સ્વયંભૂ સ્ફુરેલાં અનેકાનેક પદો 'અક્રમ વિજ્ઞાન'ના મર્મ-માહાત્મ્યનો અપ્રતિમ અક્ષરદેહ છે. આ જ છે પ્રગટ-પ્રત્યક્ષ ''જ્ઞાની પુરુષ''નો કૃપા-પ્રાદુર્ભૂત અતિશય ! પદ-ગાન વખતે સૂક્ષ્મ પ્રત્યક્ષ 'દાદા'ની અને શાસનદેવ-દેવીઓની અગોચર વિદ્યમાનતા અનુભવાય છે. આ જ છે શાશ્વતીની સુરાવલિ, જે 'સ્વ'ને સજાવે છે, સમૃદ્ધ કરે છે, સાકાર કરે છે. તેથી જ 'દાદા ભગવાન'ની પાંચમી આજ્ઞા-'શુદ્ધાત્માના ચોપડે રકમ જમા કરાવવી'- આ પદોને સમાવિષ્ટ કરે છે. મુક્તિ-સુખ શ્રેણી : ૧૧નાં અભિનવ પદો સ્વ-પદનો સહજ ઉઘાડ કરી નિજાનંદની લહાણી કરે એ જ ભાવના. વ્યવહાર-નિશ્ચયને અનેક પાસાઓથી પદાવલિમાં સપુલક પ્રસ્તુત કરતાં નિજનિખારી આ પદો 'પરમ'ને પામવા માટે સૌને પ્રકૃષ્ટ નિમિત્તરૂપે અત્યંત ઉપકારક બનશે જ.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'મુક્તિ-સુખ : ૧૧')**

★★★★

ચુંબકીય ચેતનાનો સંચાર કવિરાજ શ્રી નવનીતનાં પદોમાં છે ચુંબકીય ચેતનાનો સંચાર ! પદ ગાતાં-સાંભળતાં જ જગતની જંજાળનું સહજ વિસ્મરણ થાય છે અને આત્મપ્રદેશોનાં આનંદક આલોકમાં આગમન થાય છે. વિરલ ઘટના છે—સતત ત્રણ દાયકાથી પદો રચાય, બારસોથી વધુ પદો; રચનાર કવિશ્રી, ગાનાર કવિશ્રી, સંગીતનિર્દેશક કવિશ્રી, એના પરનાં વિવરણ-વાર્તિકકાર કવિશ્રી ! આવી બહુઆયામી, બહુમુખી પ્રતિભા 'દાદા ભગવાન'ના આશીર્વાદનો અનુપમ ઉપહાર છે. અરે, કવિરાજ જ શા માટે ? એ પદોના પ્રભાવ-પ્રતાપ એવા છે કે ઘણા મહાત્માઓ પણ સ્વયં પદસર્જક બની ગયા છે. પોતાના ઉરોદ્‌ગાર સ્વ-રચિત પદોમાં અભિવ્યક્ત કરનારા અનેક પદવિધાયકોના જનક કવિરાજની આ 'પદ'-યાત્રા સંગીતમય, મૃદુલ-મર્મપ્રકાશક, જીવનમુક્તદશા સંપન્ન કરાવતી, આત્યંતિક મુક્તિના પ્રત્યેક કદમે કરિશ્મા સર્જે છે ! પદોનું ગાન-શ્રવણ વારંવાર થાય છે, દરેક વખતે કંઈ નવા જ ફોડ પડે છે, નૂતન દર્શન થાય છે, શબ્દોની પારમાણ્વિક શક્તિ અંદરના સ્રોતો ખોલી નાખે છે. આ એક અજબની વાત છે, જે વર્ધમાન આત્મદશાની દ્યોતક બને છે. ભાષાંતર કરનારે જે-તે ભાષાની રચના કરનારમાં પરકાયા-પ્રવેશ કરી શકે, તો જ તેના આંતરદર્શનને ઝીલી શકે. અહીં કવિરાજ શ્રી 'દાદા ભગવાન'-'સીમંધર સ્વામી' આદિમાં દશા-ઊર્ધ્વતા પામી, સ્વગતોક્તિરૂપ प्रकाशमें પદરચના કરે છે, જાણે 'શબ્દો' પોતે જ બોલતા હોય ! પદોમાં અલંકારો, ઉપમાઓ, રાગ-વૈવિધ્ય, હાસ્ય, કરુણ, શાંત, અદ્‌ભુત રસ-સરિતા, નાટ્યાત્મક

રજૂઆત, વ્યવહારની વિવેચનાત્મક વ્યાખ્યાઓ, સ્તુતિ-પ્રાર્થનામાં આંતર-તડપન, કમજોરી-કષાય પર કુસુમવત્ કુષ્ઠારઘાત, મૌલિક પ્રસ્તુતિ, જગતનું વિસ્મરણ કરાવતી વિરલ તાદાત્મ્યતા, પ્રશમરસની પ્રશાંત સરવરના 'કેવળી' કમળને ખિલવતી સઘળી ઐં-હ્રીં-શ્રીં-ધીંનો આંતરગર્ભ છે. આ પદો ઘણી વાર આપ્તપુત્રોના સત્સંગ-સ્વાધ્યાયની આધારશિલા બને છે. આવા અનેકાંતનાં અજવાળા ફેલાવી આત્માભિગમના માર્ગમાં પ્રસન્ન પુષ્પો પાથરતાં કવિરાજ શ્રી નવનીતના મુક્તિ-સુખ : ૧૧ને આપના કર્ણ-કર-સુમનમાં મૂકતા, 'અક્રમ વિજ્ઞાન'નાં ઓવારણા લેતા, કવિરાજનું અહોભાવીય અભિવાદન કરું છું.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'મુક્તિ-સુખ : ૧૧')**

★★★★

અક્રમ વિજ્ઞાની 'દાદા ભગવાને' મહાવિદેહક્ષેત્રમાં વિહરમાન વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી સાથે અભેદ, અતૂટ, અહર્નિશ આરાધક અનન્ય અનુસંધાન કરાવ્યું છે. પછી તો... એ પ્રશસ્ત પ્રેમ પદોમાં પ્રગટ થયો. સ્વતઃ સર્યા શબ્દો સ્વાનંદે... 'દાદા'નો દીવડો, 'દાદા'ના આશિષે, 'નવનીત'માં દેદીપ્યમાન બની, 'અરિહંત'નાં ઓવારણાં લેતો અપ્રયાસ અજવાળ્યો અને આ જે છે તે છે... મારા માટે, તમારા માટે, સૌ મુમુક્ષુ માટે. 'સ્પંદન' સ્પર્શે તો એ 'દાદા'ના... આપના.. આપને અર્પણ !!!

સ્વર્વાદિની

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'પદાંગી')**

★★★★

નવનીત = નૌ(નવ) + નીત. નવનો એક અર્થ છે 'નૈયા' અને કવિરાજનાં પદોની 'નૈયા' ભવસાગર પાર કરાવવા સહાયક અને સમર્થ છે જ. વળી क्षणे क्षणे नवतां उपैति तदेव रूपं रमणीयतायाः ! પુનશ્ચ પુનશ્ચ કવિરાજનાં પદોનું ગુંજન-શ્રવણ કરતાં પ્રત્યેક પળે કોઈ નૂતન મર્મ હૃદયમાં પ્રકાશે છે અને આત્મરમણતાસહિતની પરમ રમ્યતા અનુભવાય છે.

'न भूतो, न भविष्यति' જેવા જ્ઞાનાવતાર "અક્રમ વિજ્ઞાની" 'દાદા ભગવાન'નું એક અનુપમ આશ્ચર્ય એટલે શ્રી કવિરાજ નવનીત સંઘવી ! એમનાં પદો દ્વારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવમાં ગ્રહિત અવસ્થાઓ મુમુક્ષુ જોઈ-જાણી

તેમાંથી પર અને પાર થવાની શક્તિ પ્રાપ્ત કરે છે. આ પદો હસાવે છે, ભીના રૂમાલ સાથે રડાવે છે, સાગરની ધીરગંભીરતા સર્જે છે, શાંત સરોવરના પરમાનંદીય પંકજ ખીલવે છે, રૌદ્ર અને ભયાનક રસમાંથી મુક્ત કરી નિજદશાને સ્વ-શૃંગારયુક્ત કરે છે. શાશ્વતી સર્વક્ષેત્રીય વિહારયાત્રા કરાવતા મહાવિદેહક્ષેત્રે શ્રી સીમંધર સ્વામીની પર્ષદામાં લઈ જાય છે. અતીત, વર્તમાન અને અનાગતના તીર્થંકરોનો 'દાદાઈ' જ્ઞાનાર્ક પદોમાં સુરભિત થાય છે. એવા તો અનેરાં શબ્દચિત્રો ને દૃષ્ટાંતો છે કે અગમનાં અજવાળાં 'આંખો' સામે દૃશ્યરૂપે પ્રકાશી જાય છે.

'કિમ્ કર્તવ્ય મૂઢ'ને 'અક્રમ'નો અધ્યાત્મ-ક્રમ દર્શાવે છે, હતાશને હર્ષવિભોર કરે છે, વિભ્રાંતને વિમલ વિરાટ મંચ પર લાવે છે, વિનોદ દ્વારા વિષાદનું નિરસન કરે છે ! કેવી છે એમના શબ્દોની તાકાત ?! અરે, શબ્દોના સહારે જિનેશ્વર પ્રભુ સીમંધર સ્વામીને અને સંપૂજ્ય 'દાદા ભગવાન'ને આંતરચક્ષુ સંમુખ કરી દે છે. ભાવિના સંકેતો તથા વર્તમાનની વિકરાળ અને વિપરીત વિનાશક બુદ્ધિનો વિસ્ફોટ કરનારા કવિરાજનાં આ પદો એટલે પરમાત્મપદનાં પ્રાંગણમાં પ્રવેશવાનાં પ્રહ્‌લાદક 'પાસ' !

સંપૂજ્ય 'દાદા ભગવાન'ના આશીર્વાદથી કવિરાજની નિસર્ગદત્ત પ્રતિભા પ્રાદુર્ભાવ પામી – આ એક વિરલ ઘટના છે, જાણે આગામી અનેક શતકો સુધી મુક્ત રીતે મહાલવા માટે બ્રહ્માંડી 'વ્યવસ્થિતે' કરેલું આ પ્રયોજન છે.

રચનાર પોતે, ગાનાર પણ પોતે, વિવરણ કરનાર પણ પોતે, સંગીતે મઢનાર પણ પોતે. વાહ રે ! એક નવનીતમાં આવી વિવિધ શક્તિઓનો સંચય થયો છે !! જેને આગામી અનેક વર્ષો સુધી તે જ સ્વરૂપે મુમુક્ષુઓ અને જિજ્ઞાસુઓ પામી શકે તે હેતુથી તૈયાર થયેલી આ C.D. સૌને સર્વાંગ સ્વ-પદ સંપન્ન કરવા પ્રેરક બનો એવી 'દાદા ભગવાન'ને પ્રાર્થના !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'પરમાનંદીય')**

★★★★

''અક્રમ વિજ્ઞાની'' સંગમેશ્વર સંપૂજ્ય શ્રી 'દાદા ભગવાન'ની કૃપા-આશિષ એવાં વરસ્યાં કે કવિરાજનાં ઉરમંદિરમાં 'મા શારદા' સ્વયં શાશ્વતું આસન લગાવીને બેસી ગયાં અને તેમના આંતર્-ધ્વનિને કવિરાજ લોકકલ્યાણ અર્થે લિપિબદ્ધ કરતા જ રહ્યા. આ પદો 'દાદા ભગવાન'ના 'અક્રમ વિજ્ઞાન' દિગ્દર્શિત વ્યવહાર અને નિશ્ચયનું સંતુલન કરે છે અને આત્યંતિક મુક્તિના પંથે મુમુક્ષુને લઈ જાય છે ! એમાં કવિરાજનાં પદોની પાવક પ્રેરણા પુરુષાર્થવર્ધક બને છે, જાગૃતિની જ્યોતિ જ્વલંત રાખે છે, નિશ્ચયમાં સ્થૈર્ય રખાવે છે ને વ્યવહારમાં નિશ્ચય-પ્રકાશક પ્રતિબોધ આપે છે, માર્ગનાં અંતરાયો અને અટકણોનું નિરાવરણ કરે છે, પ્રત્યેક રાગ વીતરાગતા તરફ દોરી જાય છે, પ્રત્યેક સૂર સ્વ-સૂર બને છે અને જીવનમુક્તિની

મહેક માણી શકાય છે. અલૌકિક એવી આ પદ-રચના મુમુક્ષુને ભાવવિભોર કરે છે, ભક્તિસભર કરે છે, મુક્તિ-પુલકિત કરે છે, જાણે કૃષ્ણ ભગવાને રાસ રમાડ્યો હોય તેમ પદોની રસધારા અવિરત પ્રવહે છે. C.D.માં ચક્રાકારે ધ્વનિ-અંકિત થયેલી આ પંક્તિઓ ભવ-ભ્રમણનાં ચકરાવામાંથી મુક્ત કરી પરમાનંદની પરિમલ પમાડે છે. એ છે સુરીલાં, સત્ત્વસંપન્ન, સ્વ-પરપ્રકાશક, પદ-ઊર્જાથી અવિરત ગતિમાન 'દાદાશ્રી'નું નવનીત સુદર્શન (Right Vision) ! 'દાદા ભગવાન'નું અધ્યાત્મ-વિજ્ઞાન, સત્સંગ-સરિતા અને 'દાદા'ની જીવનચર્યાની સાથે સંકળાયેલા સઘળા અલૌકિક પ્રસંગોના ઐતિહાસિક દસ્તાવેજરૂપ સમગ્ર પદોને આ રીતે C.D.માં કંડારવાના આ પ્રકલ્પને તેમ જ તે માટે સંનિષ્ઠ સેવા-સંપત્તિ આપનાર સહુ મહાત્માઓને મારા ખૂબ, ખૂબ ધન્યવાદ !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'સ્વર્વાદિની')**

★★★★

બંધનમાં છે નર્યો બળાપો, પરવશતાની પીડા અપરંપાર અને મુક્તિમાં છે સહજ, સ્વતઃ પ્રસવી, સ્વવશ સનાતન સુખ. બંધન છે પોતાની ભૂલોનું, ભ્રાંતિનું, આગ્રહ-આડાઈનું, ક્રોધ-માન-માયા-લોભ-રાગદ્વેષનું, અણસમજ અને અજ્ઞાનનું ! એમાંથી મુક્તિ અપાવે એવા કવિરાજ શ્રી નવનીત સંઘવીનાં 'જ્ઞાન'-ભક્તિનાં પદોનું સંચયન એટલે મુક્તિ-સુખ સંચયન ! આ પદો અજ્ઞાન-માન્યતાઓની ભુલભુલામણીમાંથી આપણને બહાર કાઢે છે. પોતાના 'નિજ' રૂપને નીરખવા, નિતાંત નિસ્યંદન, 'નિજ'નાં સ્વનંદન, પ્રત્યક્ષ 'દાદા ભગવાન'ની ગુણભજના, એમની સાથે પોતાના 'તાર' મિલાવી એ રૂપ થવાની ઝંખના અને વિષાદયોગ, 'પૂર્ણત્વ' પ્રગટ શ્રી સીમંધર સ્વામીનું સાંનિધ્ય, એ બધાંમાં અંતરાયરૂપ આચ્છાદનોનું ભેદાંકન થાય એવી મર્મસ્પર્શી પદ-સંરચના—જાણે કે સાક્ષાત્ સરસ્વતીનો ઉપકારક, ઉત્કર્ષક ઉપહાર ! પદોનો વૈવિધ્યવૈભવ સર્વાંગીભાવે, સર્વકાલ સૌને 'પોતાકીય' લાગે તેવો છે. શબ્દ-સૂર-રાગ-ઢાળ-કલ્પન-દૃષ્ટાંત-સહજ અલંકરણથી ઓપતાં આ પદો જાણે પોતાના જ ખોવાયેલા ખુશીના ખજાનાનું ઉત્ખનન કરતાં હોય એમ લાગે. કવિરાજનાં પદોની વિશિષ્ટતા એ છે કે એની ભાષા અન્યભાષીને પણ એટલી જ સ્પર્શી જાય છે-એવા છે એ શબ્દ-સૂરનાં ચેતન-સ્પંદી તરંગ અને ગૂંથણી ! સંસ્કૃતની સહોદર ભાષાઓ-ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી વગેરેમાં માત્ર ગુજરાતી પ્રત્યય નીકળી જતાં પદો 'જ્ઞાન'- વાણીની પ્રભાવક સૂત્રધારા બની જાય છે ! અને પાછાં કચ્છી, હિન્દી, મરાઠી, અંગ્રેજી એમ અન્ય ભાષામાં રચિત એમનાં થોડાં પદો પણ છે. અનેકાંતની આરસી જેવું આ પદ-સંચયન માનવીને જકડતી તમામ સ્થૂળ-સૂક્ષ્મ

શૃંખલાઓમાંથી મુક્ત કરી 'પોતાના' અખૂટ અને અક્ષય સુખને સદા આસ્વાદ કરાવતું રહે એવી સંગમેશ્વર સંપૂજ્ય શ્રી 'દાદા ભગવાન'ને પ્રાર્થના !

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'મુક્તિ-સુખ સંચયન')**

★★★★

મહાવીરની દેશના ગૌતમસ્વામીએ જગત સમક્ષ રજૂ કરી, તો અહીં અક્રમ વિજ્ઞાની 'દાદા ભગવાન'ની વાણી કવિરાજનાં કવન અને ગુંજન દ્વારા સમગ્ર બ્રહ્માંડને ઝંકૃત કરી રહી છે ! માત્ર પોતાનાં જ કલ્યાણ અર્થે નહીં, પણ તે ગુંજનના તરંગો દ્વારા સમગ્ર બ્રહ્માંડનાં કલ્યાણનું નિમિત્ત બની શકે એવા આ પદો સાક્ષાત્ સરસ્વતી શબ્દ, સૂર અને રાગ સાથે પોતાનો પ્રભાવ પ્રસારે છે. સરસ્વતી દેવી સ્વયં 'અક્રમ વિજ્ઞાન'નાં ઓવારણા લે છે. 'દાદાજી' સ્વયં કહેતા : ''આ પદોમાંથી એક પણ શબ્દ છેકી શકાય એવો નથી.'' જ્યાં મૂળ નિમિત્તની કૃપાથી સાક્ષાત્ સરસ્વતી પરમતત્ત્વીય તખ્તા પર હોય ત્યારે કવિરાજ પોતે પડદા પાછળ રહી આ ચૈતન્યના અનંત ઐશ્વર્યની સ્વપરિણતિદાયક પ્રભાવનાથી પુલકિત બને છે !

સંપૂજ્ય શ્રી 'દાદા ભગવાન' સ્વયં સ્વ-પદની સ્તુતિ અને સ્મૃતિ માટે કવિરાજનાં પદોની પ્રશંસા કરતા. ખરેખર તો એ પ્રશંસામાં પોતાના પ્રચ્છન્ન પરમતત્ત્વનો પ્રાદુર્ભાવ કરવાનો પુરુષાર્થ છે. 'દાદાજી'એ પોતાની હાજરીમાં જ આ પદો ગાયાં અને ગવડાવ્યાં !

પદોમાં જ્ઞાન-રશ્મિ છે, ભક્તિની ભરતી છે, ભૂલો અને ભ્રાંતિને ભસ્મીભૂત કરતા અગનગોળા છે, સંયમ અને શીલનાં પારદર્શી પર્યાયો છે, 'સ્વ' માટેની શૂરતા અને સમર્પણના રણનાદ છે, મનોગ્રંથિનું ભેદાંકન છે, કષાયમુક્ત થવાની કલા છે. આ પદો ગાય ત્યારે બહાર ધર્મધ્યાન અને અંદર શુક્લધ્યાન તથા 'દાદા ભગવાન'નું નિદિધ્યાસન સહેજે રહે. પદો દ્વારા પોતાના જ આત્માની ભક્તિ થાય છે. આત્માનો વૈભવ છલકાય એવાં આ ચિત્તશુદ્ધિનાં શ્રેષ્ઠ સાધનને 'દાદાજી'એ પોતાની પાંચમી આજ્ઞામાં સમાવિષ્ટ કર્યું છે. આમ, આ પદો છે 'જ્ઞાન'ને આત્મસાત્ કરવાનું, હૃદયંગમ અને ગેય નિજ-ગૌરવસંપન્ન સાધન !! સ્વાભાવિક છે કે સ્વાનંદે લખાયેલાં આ પદો માટે કદરદાન તો એ સાંભળીને એવો ભાવવિભોર થાય છે કે પોતાનું સર્વસ્વ તેમના કદમે ન્યોછાવર કરી દે, પણ અવિનાશી તત્ત્વના ગાયક કવિરાજને વિશ્વની આ વિનાશી-ભૌતિક ચીજોની લેશમાત્ર વાંછના નથી ! કવિરાજની નિરંતરની નિરપેક્ષતા, નિર્ભુક્ષુકતા, નિર્લોભિતા, નિર્મલતા અને

નિજાનંદના પ્રતિબિંબ અને પ્રતિઘોષ પ્રત્યેક પદમાં દશ્ય-શ્રાવ્ય બને છે. તે અનુભવ-પ્રમાણ જ સૌનાં ચિત્તની શુદ્ધિ કરી સિદ્ધત્વનાં લક્ષાંકે પહોંચવા પદે પદે પગલાં ભરવાં માટે નિમંત્રણ આપે છે !!

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'સત્તરંગિણી')**

★★★★

સત્તર 'કૅસેટો'ની આ છે : સત્તરંગિણી– સત્ + તરંગિણી ! સત્ એટલે અવિનાશી આત્મા; તરંગિણી એટલે સરિતા !! તરંગો સાથે કલ કલ નિનાદ કરતી સરિતા સાગરને ભેટવા વહે છે; બસ, તે જ રીતે સંસારમાં સુમધુર, સુસંવાદી સંગીત સમેત સિદ્ધિના સાગરને-અસીમ સત્‌ને વરવા જીવનસરિતા વહે જાય : આ છે અમારી ભાવના !!! 'કૅસેટો'માં છે શબ્દ-સૂર સંગીત તરંગિત, 'સત્યમ્-શિવમ્-સુંદરમ્' ઝંકૃત, પ્રતિષ્ઠિત પ્રક્ષાલક અને 'સ્વરૂપ'-નિખારક કવિરાજ શ્રી નવનીત સંઘવીનાં પદો ! અને એ પદો કેવાં છે ?... તો એ એવાં કે; જેથી થાય 'જ્ઞાન'-ભક્તિ, જેથી પરવારે પરપરિણતિ, જેથી નિરંતર નિરાકુળ સ્થિતિ, જેથી થાય જગતની વિસ્મૃતિ, જેથી પ્રગટે 'સ્વ' માટે પ્રીતિ, જેથી ત્રિકરણે પ્રગટે કાંતિ, જેથી ભાગે સઘળી ભ્રાંતિ, જેથી વહે વિમલ વૃત્તિ, જેથી પાંગળે અનંતી શક્તિ, જેથી સર્વભાવ વિરતિ, જેથી રોમે રોમે હો તૃપ્તિ, જેથી પ્રકાશે આતમજ્યોતિ, જેથી રહે નિશ્ચયે જાગૃતિ. આ છે પ્રાર્થના : હે 'દાદા' વાત્સલ્યમૂર્તિ, સૌની હો પરમાર્થક પ્ર-ગતિ, સૌ પામો શાંતિઃ શાંતિઃ શાંતિઃ, શાંતિની ઈતિમાં હો સર્વાંગ મુક્તિ. જગત્‌કલ્યાણે, અમારી આ છે આહુતિ, 'દાદા' પ્યારા, કરો અમ ભાવના-પૂર્તિ.

**(સંદર્ભ : શ્રી કવિરાજ પદ પુસ્તક – 'સત્તરંગિણી')**

★★★★



## ૭.૧ વર્તમાન જ્ઞાનીપુરુષ પૂજ્ય કનુદાદાજીનો ટેલિફોનિક વિડિયો સત્સંગ શ્રી કવિરાજ સાથે (૨૪-૯-૨૦૧૯)

Knoxville, TN, USA

**દાદાજીઃ** આજ્ઞાધર્મ એ આપણો જીવનધર્મ છે. આજ્ઞાતપ એ આપણું અંતરતપ છે; કે જેથી કરીને આપણા ગમે તે ઉદયકર્મ આવે તે-તે સમભાવે એનો નિકાલ સ્વરૂપે આપણે તેની સાથે રહી શકીએ. એટલું જ કરવાનું છે બીજું કશું નહીં. અને ખૂબ આરામ કરજો, Complete આરામ કરજો અને તમને અને દમયંતીબેનને અમારા જય સચ્ચિદાનંદ, અને ભરતને પણ તમે અદ્ભુત તૈયાર કર્યો છે. ઘણું સારું થયું છે. તમે ઘણું કામ આપ્યું છે અને દાદાએ જ કહ્યું છે કે એમની પદ રચનાઓ જ કામ કરવાની છે. બીજું કશું કામ કરવાનું નથી. અને એ તો પોતે છે જ પાછા. દાદાએ ખાસ કહ્યું છે, એક-એક પદ રચના ઉપર આગળ બધા રિસર્ચ કરશે એની ઉપર. અને મારા ખૂબ આશીર્વાદ છે. અને બધા બહુ આનંદપૂર્વક...

**કવિરાજઃ** આપનું હાસ્ય હજી એવું જ છે.આપનું હાસ્ય આ ઉંમરે પણ બહુ સરસ છે.

**દાદાજીઃ** દમયંતી, તું કવિરાજની ખબર નથી રાખતી? બરાબર ધ્યાન નથી રાખતી? ના ના .. બહુ રાખું છું આખી જીંદગી રાખ્યું છે તેં તો.

**દમયંતીબેનઃ** ના, ના, આ તો દાદા જેટલું રખાવે એટલું રાખું. આપણે તો એ જ કામ.

**દાદાજીઃ** ના, ના, તું તો બહુ જ પાકી છે. તું તો પહેલેથી જ સમજી ગઈ હતી.

દમયંતીબેનઃ દાદાકૃપા.

**દાદાજીઃ** કૃપા એટલી ઉતરી છે. કૃપા વસ્તુ એ શબ્દ નથી. એ કૃપા શું છે એ શુદ્ધાત્માનું દિવ્ય પ્રવહન છે; પ્રવહન છે. કવિરાજ સાંભળતા હશે.

**દમયંતીઃ** હા, સાંભળે છે.

**દાદાજીઃ** પ્રવહન છે આપણાં શુદ્ધાત્માનું, દિવ્ય પ્રકાશનું પ્રવહન છે કૃપા તો. અને કૃપા એ શરીરના માધ્યમથી બધાને લાભ આપે જ. અને સૂક્ષ્મતાએ આપણને લાભ તો મલે જ છે. હવે બધાને ભરતને, બીનાને અને છોકરાઓને મારા ખૂબ-ખૂબ આશીર્વાદ છે.

જય સચ્ચિદાનંદ! ચાલો આપણે એક નાની પ્રાર્થના બોલી લઈએ?

સ્પીકર ઉપર મૂકો એટલે કવિરાજ પણ સાંભળે.

**દાદાશ્રી:** હે અંતર્યામી દાદા ભગવાન વીતરાગ પરમાત્મા ! હે અંતર્યામી શ્રી સીમંધર સ્વામી અરિહંત પરમાત્મા ! હે અંતર્યામી શ્રી કૃષ્ણ ભગવાન નારાયણ સ્વરૂપ પરમાત્મા ! હે અંતર્યામી શ્રી શિવ પરમ કલ્યાણ સ્વરૂપ પરમાત્મા !

આપ જે દ્રવ્યગુણ અવસ્થાથી બધામાં બિરાજેલા છો, તે જ દ્રવ્ય ગુણ અવસ્થાથી મારામાં પણ બિરાજેલા છો. આપનું વીતરાગ પરમાત્મા સ્વરૂપ જે દ્રવ્યગુણ અવસ્થાથી છે, તે જ દ્રવ્યગુણ અવસ્થાથી મારું પ્રગટ શુદ્ધાત્મા સ્વરૂપ છે. હે મારા મહીંલા શુદ્ધાત્મા ભગવાન ! હું આજ્ઞાધારી આપને અભેદભાવે અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. પ્રમાદવશ, અજાગૃતિથી મારાથી આજ્ઞાધર્મના જીવનમાં જે-જે ભૂલો ને ત્રુટિઓ થઈ છે તે સર્વેને હૃદયથી આપની પાસે મૂકીને તેનો પસ્તાવો કરું છું અને આપ મારા મહીંલા શુદ્ધાત્મા પાસે, દાદા ભગવાન પાસે, પ્રાજ્ઞ શુદ્ધાત્મા ભગવાન પાસે હું ક્ષમા માંગું છું. મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો અને ફરીથી આવી ભૂલો ના કરું એવી આપ મને શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

હે મારા મહીંલા શુદ્ધાત્મા ભગવાન ! પ્રાજ્ઞ પુરુષ દાદા ભગવાન ! મને આજ્ઞાધારી ઉપર એવી કૃપા કરો કે મારા વ્યવહાર દૃષ્ટિની પહેલી આજ્ઞામાં રહેલા બધા ભેદભાવ મટી જાય અને હું અભેદ સ્વરૂપે આપનામાં એકાકાર થઈ જઉં, તન્મયાકાર થઈ જઉં અને સચ્ચિદાનંદમય અંતિમ શ્વાસે ઠરીને હું અદ્‌ભુત સમાધિએ કરીને હું જીવી જઉં અને મોક્ષમાર્ગના પ્રયાણે યથાર્થપણે પ્રયાણ કરતો રહું.

જય સચ્ચિદાનંદ ! જય સત્ ચિત્ આનંદ !!

## ૭.૨ મારા મોટા ભાઈ કવિરાજ નવનીતભાઈ

અમારા પરિવારમાં સૌથી મોટાં બેન સમરતબેન કપુરચંદ મહેતા, એ પછી બીજા નંબરનાં બેન ધીરજબેન હિંમતલાલ કોરડીયા, પછી ત્રીજા નંબરનાં બેન લીલીબેન અમૃતલાલ ભીમાણી, એ પછી બધા ભાઈઓનો જન્મ થયો. રસિકલાલ ગોકળદાસ સંઘવી, નવીનચંદ્ર ગોકળદાસ સંઘવી, મનસુખલાલ ગોકળદાસ સંઘવી અને પછી નવનીતભાઈ સંઘવી અને એમના પછી ચોથા નંબરનાં બેન જયાબેન ચીમનલાલ શેઠ, ત્યારબાદ જયંતિલાલ ગોકળદાસ સંઘવી અને સૌથી નાના ભૂપેન્દ્ર ગોકળદાસ સંઘવી. ભૂપેન્દ્રભાઈ અને જયાબેન હયાત છે.

૧૯૬૬માં અમારા મોટાભાઈ નવીનભાઈ, બુચનું કામ કરતા હતા. અમારા બીજા ભાઈ મનસુખભાઈ ઈન્ડિયા રેડિયો એન્ડ ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશનમાં મેનેજર હતા. અને B. Com ભણેલા હતા. અને એમને ઇલેક્ટ્રોનિકનું સારું એવું નોલેજ હતું અને હું ભૂપેન્દ્ર સંઘવી એ મારી જીવનની શરૂઆત ઈમ્પોર્ટ લાયસન્સની દલાલીથી શરૂ થઈ હતી. અન ૧૯૬૬માં મારું બહુ સરસ ચાલતું હતું. એ વખતે નવીનભાઈના મનમાં કઈ મોટો ધંધો કરવાની ઈચ્છા હતી. એટલે એમણે મનસુખભાઈને પ્રપોઝ કર્યું અને મને પણ કહ્યું આપણે ત્રણે સાથે મળીને કંઈક ઇલેક્ટ્રોનિકનો ધંધો કરીએ. મનસુખ ને નૉલેજ છે અને તને ઈમ્પોર્ટ લાયસન્સની સમજ છે, તો કંઈક કામ કરીએ અને અમે એ વખતે પ્રીમિયર રેડિયો એન્ડ ઈલેક્ટ્રોનિક્સ, ત્રિભોવન રોડ પર શરૂ કર્યું. એ અરસામાં અમારા કવિરાજભાઈ નવનીત પ્રકાશનવાળા બિલ્ડીગમાં નોકરી કરતા હતા અને દમયંતીભાભી શાળામાં શિક્ષક તરીકે હતાં અને એ લોકોનું ગુજરાન તેમાંથી ચાલતું હતું. એ પછી અમે ૧૯૬૬માં જે ધંધો ચાલુ કર્યો તો એમાં એક વર્ષમાં કંઈ ખાસ મજા ન આવી. ધંધામાં પ્રોફિટ થયો દશ હજાર જેવો અને મારી ઈમ્પોર્ટ લાયસન્સની જે દલાલીનું કામ હતું તે બહુ જ સરસ ચાલતું હતું. એટલે ભાઈઓએ મને સમજાવેલો કે તારે દલાલીના ધંધામાં જે પૈસા આવે તે પણ આ ધંધામાં નાખવા. એટલે મને નાનો હોવાને કારણે કાંઈ સમજ ન હતી પણ પછી મને બહુ અફસોસ થયો કે મારી દલાલીની income દસ ગણી એ વર્ષમાં થઈ હતી એ બધી મારે ભાઈઓને સાથે આપી દેવી પડી.

એટલે ૧૯૬૬ના End માં આ જે નવું શરૂ કરેલું તે ૧૯૬૭માં મને બહુ અફસોસ થયો કે મારાથી ભૂલ થઈ ગઈ કે મારે આવી રીતે ધંધામાં જોડાવુ જોઈતું ના હતું. ત્યારે લીલીબેને મારા ચહેરા પર જે જોયું કે આ નારાજ છે કે નર્વસ છે તો એ મને દાદા પાસે લઈ ગયેલા અને દાદાએ મારા પર વિધિ કરી અને કહ્યું કે અમે તારો આજે અહંકાર કાઢી નાખ્યો છે અને પછી કહ્યું કે ‘જો, તમે લોકો ભેગા થયા પછી તું વધારે કમાતો થયો છે, હવે સંયોગ ઊભો થયો છે સારો, તમારું family આખું તરી જશે અને આગળ વધશે અને હવે તોડવામાં તું નિમિત્ત ના બનતો; નહીતર જિંદગીભર દલાલનો દલાલ રહી જઈશ.



તારી બુદ્ધિ, તારું ચાતુર્ય કામે લગાવ અને ધંધો કર'. અને આ વાતથી મને પણ સમજાયું કે આમાં લાંબેગાળે આપણા બધાનું હિત છે એટલે અમે ૧૯૬૮માં પ્રીમિયમ ઈમ્પોર્ટ ઈન્ડસ્ટ્રીયલ કંપની ચાલુ કરી અને એ અરસામાં અમારા ભાઈ નવનીતભાઈને નોકરીમાં કંઈ પ્રોબ્લમ થયો અને એને ત્યાંથી રજા મળી ગઈ અને એને તે વખતે રૂા.૧૫૦ જેટલો પગાર મળતો હતો.

અમે જે કંપની શરૂ કરી એમાં અમે ત્રણ ભાઈઓ જ હતા. અને પછી નવીનભાઈને અને મને એમ થયું કે નવનીતભાઈને નોકરી નથી તો આપણે ત્યાં નોકરીમાં રાખી દઈએ તો શું વાંધો છે ? એટલે એમણે અમારે ત્યાં ૨૦૦ રૂા.માં નોકરી શરૂ કરી. એ પછી તો બધું સરસ ચાલવા મંડ્યું. અને પછી દાદાનું જ્ઞાન અમને બધાને મળ્યું. બધાંના નિમિત્ત અમારા લીલીબેન હતા. અને જે દિવસે કવિરાજે જ્ઞાન લીધેલું તે દિવસે તો ઉજાસ-ઉજાસ થઈ ગયેલો. ઓહોહો, એમને તો બહુ ચમત્કાર જેવું થયું હતું. અને પરિણામે અમારો બધાનો સંયોગ સારો રહ્યો અને બધું સારું આગળ ચાલતું હતું. અને કવિરાજને અમે નોકરીમાં રાખેલા પણ એમનું ખરેખર તો ધ્યાન હતું દાદામાં જ. અને દાદાના સત્સંગમાં એમને જવા માટે બહુ જ તાલાવેલી થતી કારણ કે તેમાંથી બહુ પદો નીકળતાં. એ બાર-સાડાબાર વાગે ઑફિસમાં આવે અને પાંચ વાગે દાદાના સત્સંગમાં જવા તલપાપડ હોય અને મને સમજાતું, કેમ કે મેં પણ જ્ઞાન લીધેલું. એટલે મને થયું કે આપણા ઘરમાં બીજા કોઈ તો નહી પણ આ ભાઈને, એમનું જીવન પ્રોબ્લેમવાળું પણ હતું; સારું થાય છે આગળ ચાલે છે એ દાદાના જ્ઞાનમાં આગળ વધે તો શું ખોટું છે ? એટલે બધા ભાઈઓના વિરોધ વચ્ચે પણ હું એમને encourage કરું અને એમને જવા દેતો હતો પાંચ વાગે, જેથી કરીને સત્સંગ થાય. ત્યારબાદ બધું સરસ ચાલતું અને એમનો સત્સંગ પણ સરસ ચાલતો હતો. અને નવાં-નવાં પદો રચાતાં હતાં અને હંમેશા ઑફિસમાં પણ સરસ વાતાવરણ રહેતું. નિરુબેનના ભાઈઓ રેગ્યુલર અમારી ઑફિસમાં આવતા, કનુદાદા આવતા અને દાદા ભગવાન પોતે પણ અમારી ઑફિસમાં આવી ચૂકેલા અને પગલાં કરેલાં. બધા ભાઈઓએ જ્ઞાન લીધેલું પણ જ્ઞાનની જે અસર હતી તે સૌથી વધારે કવિરાજ પર હતી અને એના પછી મારા પર પણ સારી હતી. અને મને શુદ્ધાત્મા જોવાનો અને ડીલ કરવાનો બહુ આનંદ મળતો અને સફળતા પણ મળતી. આવી રીતે બધું આગળ વધતું ગયું. અને કવિરાજને ઑફિસમાં જે કામ કરવાનું હતું, એ માત્ર થોડુંઘણું નામું લખવાનું કામ સોંપે ભાઈ, કારણ કે મારા ભાઈ એકાઉન્ટ લખવામાં બહુ પર્ટીક્યુલર હતા નવીનભાઈ. એટલે એમણે એને બધું શીખવાડી દીધું. અને કવિરાજના અક્ષર બહુ સરસ હતા. એટલે એને એ કામમાં ફાવટ પણ હતી અને સારું ચાલતું હતું.

અને બીજું કામ એમને અમે સોંપતા કે ધંધામાં કાંઈ પણ કોઈપણ જગ્યાએ ઉઘરાણી હોય, ચેક લેવા જવાનું હોય તો એને મોકલવામાં આવતા. કારણ કે બજારમાં દશ બાર પાર્ટીઓ જોડે ધંધો થતો તો હોલસેલનો. બધા એને સારી રીતે

પરિચિત હતા. અને બધાની સાથે જાય અને સત્સંગની વાતો કરે અને સત્સંગની વાતોમાં બધાને એટલો આનંદ આવતો હતો કે પછી તો હંમેશા બધા વેપારીઓ એમ જ કહે કે તમારા ભાઈને મોકલજો ચેક લેવા માટે, બીજા કોઈને નહીં આપીએ ! અને હંમેશા કવિરાજ જાય ૧૫-૨૦ મિનિટ, અડધો કલાક સત્સંગ પણ કરી આવે અને બજારમાં અમારા બધા કરતાં કવિરાજ નવનીતની લોકપ્રિયતા સૌથી વધારે હતી. કારણ કે નિખાલસ સ્વભાવ અને બધા સાથે પ્રેમથી વાતો કરે અને ધંધા કરતાં પણ વધારે વાતો દાદાની અને સત્સંગની થાય. અને બધાને જ્ઞાન સમજાવે એટલે એમની લોકપ્રિયતા કાયમ રહી.

આ રીતે બધું ચાલ્યું અને ૧૯૮૧માં એમને અમેરિકા જવાનો પ્રસંગ ઊભો થયો. એ વખતે અમારા ભાઈઓમાં થોડો વિરોધ થયો કે આ છ મહિના નહી હોય તો કેવી રીતે ચાલશે ? આપણને તકલીફ પડશે એવું બધા વિચારતા હતા. ત્યારે મેં કવિરાજ વિશે એટલું જ ભાઈઓને કહ્યું કે આપણા કુટુંબમાં આજ સુધી કોઈ અમેરિકા ગયું નથી. આ ભાઈને આ લોકો પોતાના ખર્ચે લઈ જાય છે દાદા ભગવાન, અને આટલો સરસ સંયોગ મળ્યો છે તો આપણે વચ્ચે ડખો ન કરાય. એને જવા દો એમાં જ બધાનું કલ્યાણ છે. અને કંઈ પણ કામની તકલીફ હશે તો આપણે બધા સંભાળી લઈશું, હું સંભાળી લઈશ. આવું બધું સમજાવ્યું અને મારું ચાલતું હતું જેથી હું જે કહું તે જ ફાઈનલ થાય. કારણ કે ધંધાની જવાબદારી બધી મારા ઉપર હતી. એટલે મારો વિરોધ ના કરી શકે એવું હતું. એટલે આવા સંજોગોમાં એમનું અમેરિકા જવાનું શરૂ થયું. અને એ પછી તો એ અમેરિકામાં પણ લોકપ્રિય થયા. એમનાં પદો બધાને એટલાં ગમતા કે એમના માટે બધાને અહોભાવ થતો.

આવી રીતે ચાલ્યું અને ૧૯૯૧માં એમને થયું કે મારે હવે દાદાનું જ કામ કરવું છે. અને મારે હવે રિટાયર થવું છે. એ પહેલાં જય સચ્ચિદાનંદ સંઘમાં કાંતિભાઈ, દામજીભાઈ અમારી ઑફિસમાં આવેલા અને એમણે કહેલું કે કવિરાજને હવે રિટાયર થવું છે તો એમના માટે કંઈ ફંડ ભેગુ કરવું છે. એટલે મેં તો કહ્યું કવિરાજની જવાબદારી અમારી છે, સંઘની નથી. તો એ કહે, એમ નહીં અમે સંઘમાંથી જ બધું કરશું. તો એ કહે સૌથી પહેલું નામ અમે તમારું લખવા માંગીએ છીએ તમારા તરફથી પણ આમાં કંઈ લખાવો. તમારે પાછળથી બીજું જે કાંઈ કરવું હોય તે કરજો પણ અમારે સંઘમાંથી મિનિમમ પાંચ-સાત લાખ રૂપિયા ભેગા કરી આપવા છે. જેથી તે રિટાયર થઈને એમની લાઈફ સારી રીતે ચાલી શકે. એટલે અમે કહ્યું અત્યારે ૨૫૦૦૦ રૂા. અમારા પણ લખો તમે. એટલે છેલ્લે છ લાખ જેટલાં ભેગા થયેલા એમ સાંભળેલું. અને પછી છેલ્લે કવિરાજને એક્ચ્યુઅલી કામ કરવાની ઇચ્છા હતી જ નહી. ૧૯૯૧માં એમણે અમને પણ કહેલું કે મારે હવે કામ નથી કરવું. એમને દાદાનું જ કામ કરવું હતું. દાદાનું જ બધું આગળ વધારવું હતું. દાદા હતા નહીં એટલે એમને ફીલ થતું, માટે આમાં જ આગળ વધારવું છે. એટલે દિવાળી ઉપર અમે એમને બીજા ૨૫૦૦૦ રૂા. આપી સન્માન કરી વિદાય આપેલી. બસ, ત્યારપછી તો સત્સંગને બધું ચાલતું અને એમને આનંદ-આનંદ હતો. અને ધીમે-ધીમે બધા કાળક્રમે અમે બધા ભાઈઓ



સ્વ. ગોકુળદાસ મુળજીભાઈ સંઘવી



સ્વ. સુરજબા ગોકુળદાસ સંઘવી



સ્વ. રસિકલાલ ગોકુળદાસ સંઘવી



સ્વ. જયંતિલાલ ગોકુળદાસ સંઘવી



કવિરાજ શ્રી નવનીતભાઈ ગો. સંઘવી



સ્વ. નવીનચંદ્ર ગોકુળદાસ સંઘવી



ભૂપેન્દ્રભાઈ ગોકુળદાસ સંઘવી



સ્વ. મનસુખલાલ ગોકુળદાસ સંઘવી



સ્વ. લીલીબેન અમૃતલાલ ભીમાણી

પણ.. છેલ્લે મનસુખભાઈ એક્સપાયર થઈ ગયા, ૨૦૦૦ની સાલમાં હું યે છૂટો થઈ ગયો એમાંથી અને પછી તો નવીનભાઈ પણ એક્સપાયર થઈ ગયા. અને અત્યારે અમારી કંપની છે પ્રિમયર તે મારો ભત્રીજો જે છેલ્લા ૧૮ વર્ષથી મારી સાથે હતો તે ચલાવે છે અને સારી રીતે ચાલે છે. ત્યાં ઑફિસમાં દાદાના ફોટા પણ છે અને રોજ તેના પર વિધિ અને હાર આજે પણ ચડાવાય છે. કવિરાજ ૨૦૦ રૂા.માં જોઈન થયેલા અને છેલ્લે એમને ૧૫૦૦ રૂા. જેટલો માસિક પગાર હતો.

ભૂપેન્દ્રભાઈ ગોકળદાસ સંઘવી, મુંબઈ
તા. ૩૧-૧૦--૨૦૧૯



## ૭.૩ અમેરીકામાં કવિરાજ

નમો વીતરાગાય

દાદા ભગવાનના અસીમ જય જયકાર હો !!

જય સચ્ચિદાનંદ !

મહાત્મા શ્રી કવિરાજની મુલાકાત મને સપ્ટેમ્બર ૧૯૭૪ના પહેલા અઠવાડિયામાં મુંબઈમાં લલિતામાસીના ઘરે દાદર માં પૂ. દાદા ભગવાનનાં પહેલાં જ દર્શન-સત્સંગ સમયે થયેલ હતી. પ્રથમ વાર જ એમના મુખેથી પદો સાંભળવા મળેલ. ૬ સપ્ટેમ્બર, ૧૯૭૪ના દિવસે જ્યારે મને જ્ઞાન પ્રાપ્ત થયેલ ત્યારે એમનાં મુખેથી 'સર્વસ્વ અમારું અર્પણ હો' બોલાયેલ અને બોલતાં બોલતાં જ જાણે "I અને My" છૂટા પડી ગયા એવો જ અનુભવ થયેલ. શ્રી કવિરાજને મુખેથી જ્યારે જ્યારે આ પદ જ્ઞાનના દિવસે ગવાયું છે ત્યારે સૌ કોઈને એ વાતાવરણમાં અનેરો લ્હાવો મળ્યો છે.

૧૯૭૬માં જ્યારે અમેરિકાથી અમે તરૂલતાબેન સાથે આવેલ ત્યારે કતારગામ, ધાતવા અને કોસમાડા ગામે પાંચ પાંચ દિવસો સો સો મહાત્માઓ જોડે પૂ . દાદા ભગવાન અને શ્રી કવિરાજ જોડે સત્સંગ અને પદોની રમઝટ થયેલ હતી અને મહાત્માઓ અને મુમુક્ષુઓને ઘણો લાભ પ્રાપ્ત થયેલ. આ ત્રણેય ગામોમાં જ્ઞાન અપાયેલ. તેમાં ધાતવા ગામે ૯૧ મુમુક્ષુઓને જ્ઞાન અપાયેલ. એક નોંધનીય વસ્તુ લખવા જેવી છે અને ઈતિહાસમાં બની છે કે પૂ. કનુ દાદાજીના હસ્તે પણ જ્યારે ધાતવા ગામે ૧૯૯૪માં જ્ઞાન અપાયેલ ત્યારે ૯૦ મહાત્માઓને જ્ઞાન અપાયેલ. આ જ દર્શાવે છે કે પૂ. દાદા ભગવાન એ મૂળ પુરુષ છે અને પૂ. કનુ દાદાજી ભગવાનને હસ્તે જ નિમાયેલા અને સર્જન થયેલ જ્ઞાની પુરુષ છે.

૧૯૮૨ની સાલમાં પૂ. દાદા ભગવાન જ્યારે પ્રથમવાર અમેરિકા આવ્યાં ત્યારે શ્રી કવિરાજને પણ અમોએ બોલાવેલ. સંજોગોવશાત્ એમનાં ધર્મપત્ની આવી શક્યાં નહોતાં, પરંતુ આ ટ્રીપમાં જે શ્રી કવિરાજના થકી જે પૂ. દાદા ભગવાનની ઓળખાણ થઈ તે ભૂલી શકાય તેમ નથી. શ્રી કવિરાજ જોડે એટલો બધો પ્રેમ લગાવ હતો. જ્યારે જ્યારે અમો અમેરિકાથી ભારત આવેલ ત્યારે પૂ. દાદા ભગવાન જોડે અલૌકિક લાભ ઉઠાવ્યો છે અને તેના પરિણામે આજે અમારા જીવનમાં બધો જ વિજ્ઞાનનો વિકાસ છે, સંસ્કારનો પણ વિકાસ છે; અને આ જ સંસ્કાર કુટુંબના બાળકોમાં ઉતરી આવ્યા છે.

પૂ. દાદા ભગવાન એકવાર વસંતભાઈને કહે છે કે આજે સામાન્ય રીતે સંજ્ઞા, ઈશારા, વાણી અને મૂળ પુરુષનો વર્તાવ આજના લોકો સમજી શકતા જ નથી પરંતુ જગતના લોકો મોટે ભાગે સંગીતથી જ મૂળ વાતો અને ભગવાનને સમજી

શકશે. બન્યું પણ એમજ. ૧૯૮૨ની શ્રી કવિરાજની મુલાકાત અને સત્સંગ પ્રવાસથી કેટલા બધા મહાત્માઓને પદો ગાતાં શીખવ્યા છે, કેટલી ય કેસેટો બનાવી છે. મોટે ભાગે અમેરિકામાં બધા જ મહાત્માઓની કારમાં શ્રી કવિરાજનાં પદો અને પૂ. દાદા ભગવાનના સત્સંગની કેસેટો ગુંજતી રહેતી હોય છે.

પહેલી ટ્રીપમાં જ્યારે પૂ. દાદા ભગવાન જ્યારે વોશિંગ્ટન ગયેલા અને અમો બધા જ મોટી વાનમાં ડ્રાઈવ કરીને જવાના હતા ત્યારે પૂ. દાદાએ કવિરાજને કહેલું કે તમો આગલી સીટ પર વસંતભાઈ જોડે બેસજો અને બધાને પદો ગાતાં શીખવજો. લગભગ ૬૦૦ માઈલની મુસાફરીમાં બધાને પદો ગાતા કરેલ. અને કોઈને પણ જરા ય થાક ન લાગ્યો.

શ્રી કવિરાજે સત્સંગ પ્રવાસમાં મોટા ભાગનાં બાથરૂમ સિંગરોને પણ પદો ગાતાં કરી દીધાં છે. પહેલી ટ્રીપમાં આવેલ શ્રી ભૂલાભાઈ, મુકુલભાઈ, જયંતીભાઈ, સુરેશભાઈ, શારદાબેન, હરીશભાઈ શાહ, ધીરુભાઈ, દલપતભાઈ વાઘેલા અને બીજા કેટલાય મહાત્માઓ પદો સરસ ગાઈ શકે છે. આજે શ્રી ભૂપતભાઈ પટેલ, શૈલેષભાઈ વકીલ, શ્રી જયંતભાઈ પટેલ, રામતીર્થ વિગેરે આજે શ્રી કવિરાજનાં પદો અમેરિકાની ગુરુપૂર્ણિમાના અલૌકિક અવસરે ગવડાવીને પવિત્ર વાતાવરણ ઊભું કરે છે. રામતીર્થે તો શ્રી કવિરાજ પાસે અમેરિકાથી આવીને સંગીતની ટ્રેનિંગ લીધી છે. આ નવા જનરેશન માં તો તબલા, ઢોલક અને મંજીરાની ટીમ થઈ ગઈ છે અને ૨૪ કલાકની કીર્તનભક્તિ અને ગુરુપૂર્ણિમાના દિવસે ઉપયોગમાં રહે છે. નવાઈની વાત તો એ કે દરેક ગુરુપૂર્ણિમાને દિવસે ત્રણ ત્રણ જનરેશનના મહાત્માઓ ભેગા થાય છે અને પોતપોતાની પ્રગતિ કરી રહ્યા છે.

શ્રી નલીનભાઈ પટેલ અને નરેન્દ્રભાઈ પટેલ ન્યૂયોર્કના અને ત્યાંના મોટાભાગના મહાત્માઓએ મળીને શ્રી કવિરાજના લખાયેલ સર્વે પદો એમની પાસે ગવડાવીને ટેપ કરીને કેસેટો, સી.ડી. અને છેલ્લે તો પેન ડ્રાઈવ કરીને જગત્-કલ્યાણ અર્થે સંપૂર્ણ ભાવથી વહેંચવામાં ઉપયોગ કર્યો છે. દરેક મહાત્માઓ, આપ્તપુત્રો અને દરેક સંઘપતિઓને અચૂક ખ્યાલ રહેવો હોવો જરૂરી છે કે પૂ. દાદાના વિજ્ઞાનમાં આપણી ફક્ત ભાવસત્તા જ છે. પૂ. દાદા ભગવાને કોઈપણ પાસે એક પણ રૂપિયાની માંગણી કરી જ નથી અને મહાત્માઓની ભાવ નિર્જરા થકી બધા જ પ્રકલ્પો જગત્ કલ્યાણને અર્થે અર્પણ થયા જ છે!

દરેક મહાત્માના ઘરોમાં અને કારોમાં શ્રી કવિરાજના પદો વાગતાં જ રહે છે. આ પદો અને સર્વે આરતીઓની રમઝટથી દરેક મહાત્માઓની દશા, સેકંડ જનરેશનનું ડેવલોપમેન્ટ અને નવા જન્મતા અને નવા જન્મેલા બાળકોના સંસ્કારમાં મોટો ફેરફાર થઈ રહેલ છે. મારે ખાસ લખવું જોઈએ કે આવા સંસ્કાર માબાપો આપે તે કરતાં શ્રી કવિરાજના પદો

અને આરતીઓને સાંભળ સાંભળ કરવાથી જ સર્વે બાળકોને પ્રાપ્ત થયા છે. દરેક બાળકોને એમની ખોઈમાં સૂતાં સૂતાં આ સંગીતની સુનાવણી માતા પિતા કરે છે અને નવા સંસ્કાર આપી રહેલ છે.

શ્રી કવિરાજ જોડે અમારો ઘણો ઊંડો સબંધ રહ્યો હતો. જ્યારે કામરેજ ત્રિમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ત્યારે દરેક મહાત્માઓ તો દાદા ભગવાનના પ્રેમમાં જ ખોવાયેલ હતા. શ્રી વિજયજયંતસેન સૂરી આચાર્યશ્રી કહે કે હજુ કંઇ વાતાવરણ જામતું નથી. શ્રી કવિરાજ જોડે વાતચીત કરી અને ત્યારબાદ મોટા ભાગનાં શ્રી સીમંધર સ્વામીનાં પદોની રચના થઈ અને બધાંને જાણે કે મહાવિદેહ ક્ષેત્રમાં બેસાડી દીધાં હતાં !

ત્યારબાદ બે વર્ષ સુધી કોઈ આરતીઓ લખાઈ ન હતી. શ્રી કવિરાજ કહે કે કંઈ અંદરથી નીકળતું જ નથી. બે વર્ષ પછી એટલે કે ૧૯૯૪માં દરેક આરતીઓ લખાઈ હતી. અને આરતીઓ ગાવાની મંદિરમાં શરૂ કરવામાં આવી. અમેરિકામાં ૧૯૯૪ની ગુરુપૂર્ણિમાને દિવસે બધી જ આરતીઓ ગાવામાં આવી. એ વરસે પૂ. કનુદાદાજી, શ્રી અમીન સાહેબ, પાંચ આપ્તપુત્રો અને ઘણા મહાત્માઓની હાજરી હતી. એટલું તો જરૂરથી લખવું જોઈએ કે પદો અને ગરબાની રમઝટ તો શ્રી કવિરાજને જ આભારી છે.

શ્રી કવિરાજ જોડે અમેરિકામાં ઘણા માઈલોની મુસાફરી કાર અને વિમાનથી કરી છે. ૧૯૮૨માં પૂ. દાદા ભગવાન જોડે જે સત્સંગ ટ્રીપ થયેલ તેમાં અને ફરીવાર જ્યારે શ્રી કવિરાજ અમેરિકા આવેલ તે દરમ્યાન એમણે અમેરિકામાં ઓકરિજ, એટલાન્ટા, ટીફ્તોન, વાલ દુસ્તા, જેક્સન, સિનસિનાટી, ડેટ્રોઇટ, શિકાગો, ક્લીવલેન્ડ, બફેલો , ટોરન્ટો, મોન્ટ્રિયાલ, આલબની, ન્યૂયોર્ક, ન્યૂજર્સી, ચાર્લોટ્સવિલ, વોશિંગ્ટન, બાલ્ટિમોર, બ્રિસ્ટોલ, નોક્સવિલ વિગેરે તેમજ ઇંગ્લેન્ડમાં પણ વિવિધ સ્થળોએ સત્સંગ પ્રવાસ અમારી જોડે થયો છે. અન્ય લોકોને ખૂબ જ લાભ મળ્યો છે. તિફ્ટોન, જ્યોર્જિયામાં તો એક સામાજિક કાર્યક્રમમાં એમનાં ગવાતાં પદોની મૂવી કોઈ અમેરિકાને ઉતારી હતી તે તો એ લોકોની ટીવી ચેનલ ઉપર ફરી ફરી બતાવ બતાવ કરી હતી.

ઉત્તમ ફેમિલીના લગભગ ૨૦-૨૫ મેમ્બરો જેકસન ટાઉનમાં હતાં. તે સમયે શ્રી કવિરાજના મુખેથી ગવાયું હતું કે, ‘‘પેલા ઉત્તમના છો ‘રા ડોબાં ચારતા, તે આજે ડોલરના ડુંગર પર બેઠા છે, જેનો મૂળ આધાર ‘ દાદા’ છે.’’

પૂ. દાદા ભગવાનને જ્યારે અમેરિકા બોલાવવાનું નક્કી થતું ત્યારે એમણે કાયમ કહ્યું છે કે તમો અમેરિકા જાવ પછી ત્યાંથી અમને આમંત્રણ લખજો. અને ત્યારપછી પૂ. દાદા ભગવાન સત્સંગ માટે આવ્યા છે. આ સિદ્ધાંત ઉપરથી સર્વે આપ્તપૂત્રો અને સંઘપતિઓએ શીખવાનું કે અમેરિકાના સંઘના આમંત્રણ વગર આવવું એ આજ્ઞા વિરુદ્ધનું કહેવાય. આ

રીતે આવનાર વ્યક્તિને લાલચ હોય છે અને તેથી પોતે પોતાની દિશા ફેરવી કાઢે છે. જે કોઈ સીધા જ આવવાના પ્રયાસો કરે છે. એ તો ભગવાને સૅટ-અપ કરેલ સિસ્ટમને બ્રેક કરી રહ્યા છે.

દરેક મહાત્માઓએ ભગવાનની આજ્ઞા સમજવાની બહુ જ જરૂર છે. તેમાં જય સચ્ચિદાનંદ સંઘના દરેક કાર્યકર્તાઓ ખાસ સમજીને દરેક કાર્ય કરશે તો ભગવાનની આજ્ઞા પ્રમાણે પોતે પોતાની પ્રકૃતિ નિર્જરા કરી શકશે. અને આપણે સૌ કોઈ જગત કલ્યાણને માટે નિમિત્ત બની શકીશું.

૧૯૮૨માં જ્યારે શ્રી કવિરાજ અમેરિકા આવ્યાં અને બધાને સારો લાભ મળ્યો હતો. બીજે વરસે કે કોઈપણ વરસે શ્રી કવિરાજે જાતે દર્શાવ્યું નથી કે મને અમેરિકા ફરી બોલાવો. પૂ. દાદા ભગવાને ૧૯૮૩ માં મને કહેલું કે "તમારે કોઈને પણ અમેરિકા આવવા માટે આમંત્રણ આપવું નહીં, સગા સાળાને પણ આમંત્રણ આપવું નહિ". છેલ્લે છેલ્લે ૧૯૮૭માં વસંતભાઈએ પૂ. દાદા ભગવાન પાસે શ્રી કવિરાજને અમેરિકા બોલાવવાની રજા મેળવી હતી. અને પૂ.શ્રીએ હા પાડી હતી. ત્યારપછી કવિરાજ અમેરિકા આવ્યાં હતા. એમણે કોઈપણ દિવસ સંઘને કે મહાત્મા પાસે અમેરિકા આવવાં માટે માંગણી કરી જ નથી. શ્રી જશુભાઈ શાહ અને શ્રી અમીન સાહેબ પણ જય સચ્ચિદાનંદ સંઘ-યુ.એસ.ની સંમતિથી જ અમેરિકા કે ઈંગ્લેન્ડ સત્સંગ માટે પધાર્યા છે. શ્રી કવિરાજે આ રીતે વિદેશ જવા બાબતે પૂ. દાદા ભગવાનની આજ્ઞા સંપૂર્ણપણે રીતે પાળી છે.

દાદાશ્રીએ મને ૧૯૮૭માં જણાવેલ કે આપણું મુંબઈ કીર્તન કેન્દ્ર કવિરાજ સંભાળશે. દાદા ભગવાનના દેહવિલય અગાઉ જ કવિરાજનું "અંતિમ સલામ" વાળું પદ લખાઈ ગયેલ જે દાદાશ્રીને અમે અમેરિકાની મુસાફરી દરમ્યાન ટેપમાં સંભળાવેલ.

શ્રી કવિરાજનો પૂ. કનુદાદાજીના ૯૦મા જન્મોત્સવ વખતે ફોન Knoxville આવ્યો હતો પૂ. કનુદાદાજી પાસે સંપૂર્ણ પ્રતિક્રમણ કરેલ. ગઈ ગુરુપૂર્ણિમા(૨૦૧૯) વખતે શ્રી વસંતભાઈ એ સર્વે આપ્તપુત્રોને અને સંઘના સર્વે વડીલ કાર્યકર્તાઓને અને જ્યાં જ્યાં ગુરુપૂર્ણિમા ઉજવાય છે ત્યાં એક નાની બુક્લેટ "હજુ પણ 'યુ'ટર્ન લઈ શકાય તેમ છે !! " પોસ્ટથી રવાના કરેલ હતી. કારણ કે આપણી પાસે પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ (શ્રી કનુદાદાજી), પૂ. દાદા ભગવાનની આજ્ઞા અનુસાર હાજર છે જ. શ્રી કવિરાજ અને એવા કેટલાએ મહાત્માઓએ પ્રતિક્રમણ કરી, માફી માંગી લીધી છે. ધન્ય છે એ સર્વેને.

હવે પછી જે કંઈ કામ શ્રી કવિરાજનું જગત્-કલ્યાણ અર્થે કરવાનું લાગે તેની આજ્ઞા પૂ. કનુદાદાજી પાસેથી લેવામાં

આવશે. આ કામગીરી હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર દ્વારા કરવામાં આવશે. આ કાર્યમાં જે કોઈ મહાત્માને ભાવ હોય તો સંસ્થાનો સંપર્ક કરે અને અચૂક જગત કલ્યાણના નિમિત્ત બને એ જ અમારો ભાવ છે.

લિ.. વસંતભાઈ, તરુલતાબેન, શૈલેષ- મનિષા, રામતીર્થ - દિશા- કુબેર, અસીમ - રૂહાની અને સારા એ ઉત્તમ- રૂક્ષ્મણી પરિવાર ના લઘુત્તમ ભાવ અને અભેદ દૃષ્ટિએ નમસ્કાર, નમસ્કાર અને જય સચ્ચિદાનંદ !

અંતે, વસંતભાઈ ના મન-વચન-કાયાથી અત્યાર સુધીમાં જો શ્રી કવિરાજ ને કે કોઈને અમારાથી જાણતાં અજાણતાં સહેજ પણ દુઃખ પહોંચ્યું હોય તો પૂ દાદા ભગવાનની સાક્ષીએ આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરે છે.

જય સચ્ચિદાનંદ !!

તા.૩ નવેમ્બર,૨૦૧૯



**અક્રમ વિજ્ઞાની દાદા ભગવાનની અસીમ કૃપા પ્રાપ્ત કરનાર,**
**પદાવલીની અવિરત પરમ જ્યોત દ્વારા**
**મહાત્માઓના હ્યુદિયામાં અનેરું સ્થાન પ્રાપ્ત કરનાર**

મહાત્મા શ્રી કવિરાજ નવનીત સંઘવી ને અનન્ય
ભાવપૂર્વક સર્વે આપ્તપુત્રોની દિલસભર શ્રદ્ધાંજલિ...

૭.૪




HOLISTIC SCIENCE RESEARCH CENTER
Managed by
**Vitrag Vignan Charitable Research Foundation**
(Trust Reg.No. E/6760/Surat, 3 March 2009)

Vitrag Vignan Charitable Research Foundation

Ref.: HSRC/2019-20/10/122 Date: 22-10-2019

દાદા ભગવાનના અસીમ જય જયકાર હો!

શ્રી ભરતભાઈ નવનીતભાઈ સંઘવી
તથા આપના કુટુંબીજનો.
મુંબઈ

પરમ સ્નેહી શ્રી ભરતભાઈ, ઉજ્જવલભાઈ, દમયંતીબહેન, બીનાબહેન તથા આપનાં સૌ કુટુંબીજનો.

જય સચ્ચિદાનંદ!!

જેમના વિશે ખુદ દાદા ભગવાને કહેલું કે આ કવિરાજ એ બારમું આશ્ચર્ય છે અને ભવિષ્યમાં જેનાં પદ ઉપર લોકો Ph.D. કરશે એવા કવિરાજ શ્રી નવનીતભાઈ ગોકુળદાસ સંઘવીની આખરી વિદાયના સમાચાર જાણી અમોને સૌને ઘણા ખેદની લાગણી થઈ છે. શ્રી દાદા ભગવાનના જગત-કલ્યાણ યજ્ઞના મહાનિમિત્ત બને તે અર્થે પોતાનું સમગ્ર જીવન અર્પણ કરનાર એવા અમારા સૌ મહાત્માઓના હૃદયસ્થ એવા શ્રી કવિરાજની ખોટ સદાય વણપુરાયેલી રહેશે. જય સચ્ચિદાનંદ સંઘ એમનો ઋણમને માટે ઋણી રહેશે. એમના શ્વાસે-શ્વાસે શ્રી દાદા ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિ વણાયેલી હતી અને એમણે શ્રી દાદા ભગવાન તેમજ વર્તમાન જ્ઞાની પુરુષ કનુદાદાજીનો અજોડ રાજીપો પ્રાપ્ત કરી પોતાનું જીવન સાર્થક કરી બતાવ્યું છે. વળી પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રી ભરતભાઈને પણ પદની ગાયકીમાં પ્રવીણતા હાંસલ કરવા પ્રેરિત કરી સંઘવી પરિવારની ભક્તિ પરંપરા જાળવી રાખવાનું મહત્ કાર્ય કરી જય સચ્ચિદાનંદ સંઘ પ્રત્યેની સેવા અખંડ રાખવાની દીર્ઘ દ્રષ્ટિ દર્શાવી છે.

વીતરાગ વિજ્ઞાન ચેરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશનનું ટ્રસ્ટીમંડળ હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર ખાતે કવિરાજ રચિત જ્ઞાન-વિજ્ઞાન સભર પદોના રસ ધરાવતા વિદ્વાનો તથા ફિલોસોફીના વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસ અને સંશોધનની પ્રવૃત્તિને ઉત્તેજન આપી આપણા સૌના લાડીલા કવિરાજને અંજલિ અર્પતું રહેવાની નેમ ધરાવે છે.

સર્વે મહાત્માઓના પરમ ઉપકારી એવા મહાત્માવર્ય કવિરાજ શ્રી નવનીત સંઘવીની મોક્ષમાર્ગની યાત્રા નિર્વિઘ્ને પ્રગતિ પામતી રહે એવી ભાવના સહ અમે સૌ ભારત, અમેરિકા, કેનેડા, યુ. કે., જર્મની, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, યુ. એ. ઈ. વિગેરેના સર્વે મહાત્માઓ વ્યક્તિગત તેમજ સામુહિક રીતે શ્રી સીમંધર સ્વામી ભગવાન તથા શાસન દેવ-દેવીઓને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.

Near Mahavideh Teerth Dham, N.H.8, Kamrej Char Rasta, Surat, Gujarat 394 185
Ph. No. : 02621-250750 Email : hsrcsurat@gamil.com, vvcrf2007@gmail.com
www.holisticscience.org & www.vvcrf.org

Page 1 of 2

Pan No.: AABTV1268N, 80(G) No.: AABTV1268N/423/15-16/T-718/80G(5)/Dated 15-02-2016
Govt. of India NITI DARPAN NGO Registration No GJ/2017/0155433

અસંખ્ય મહાત્માઓને જેનાં દાદા કૃપા સિદ્ધ પડી ગઈ - સાંભળીને ધર્મ-શુક્લ-ધ્યાન ઉત્પન્ન થઈને દાદા ભગવાનની પાંચમી આજ્ઞા પાળવાનું ઉત્કૃષ્ટ નિમિત્ત બને છે એવા અમારા પરમ ઉપકારી શ્રી કવિરાજના ચરણોમાં સૌ મહાત્માઓના લાખ-લાખ વંદન !!

જય સચ્ચિદાનંદ!!

એજ,

આપના સ્નેહાભિલાષી,

| | | |
|---|---|---|
| વસંતભાઈ પટેલ | તરુલતાબેન પટેલ | રામતીર્થ પટેલ (USA) |
| હરીશભાઈ શાહ (USA) | જ્યોતિબેન શાહ (USA) | ભગીરથ પટેલ |
| ડૉ. રવિ પી. કિશ્નન | ડૉ. લલિતા કિશ્નન (USA) | અસીમ પટેલ (USA) |
| મધુકર પટેલ | શોભનાબેન પટેલ | રુચિર શુક્લ |
| સુરેશભાઈ પટેલ | ઇલાબેન પટેલ | નિલેશ ચૌહાણ (જર્મની) |
| યોગેશભાઈ શુક્લ | ડૉ. યશોધરા કર | પ્રદીપભાઈ પટેલ |
| લાલભાઈ પટેલ | લક્ષ્મીબેન પટેલ | મોહિની શાહ |
| શૈલેષભાઈ પટેલ (USA) | મનીષાબેન પટેલ (USA) | અલ્પાબેન ભરૂચવાળા |
| ગુણવંતભાઈ પટેલ | | ગોપીકિશન ત્રિવેદી |
| | | બિપિનભાઈ સિસોદિયા |

Page 2 of 2



૭.૫

[illegible]    ।। ૐ શ્રી દાદા ભગવાન વીતરાગ પરમાત્માને નમો નમઃ ।।    Mo. 9727162333

# જય સચ્ચિદાનંદ સંઘ ટ્રસ્ટ, હિંમતનગર

ઠે. પંચશીલ વિદ્યામંદિર પાસે, નેશનલ હાઈવે નં.-૮, મુ.પો. કાંકરોલ, તા. હિંમતનગર - ૩૮૩ ૦૦૧ (સા.કાં.)

નંબર :

દાદા ભગવાન ના અસીમ જય જયકાર હો!!

તા. ૨૩ [illegible]

સ્નેહી શ્રી ભરતભાઈ, કિંજલભાઈ, દમયંતીબહેન, બીનાબહેન તથા આપનાં સૌ કુટુંબીજનો.

શ્રી દાદા ભગવાન અને વર્તમાનજ્ઞાની પુરુષ શ્રી કનુદાદાજીની અત્યંત કૃપા પ્રાપ્ત તેમ જ હજારો મહાત્માઓના આદરણીય **કવિરાજ શ્રી નવનીતભાઈ સંઘવી** ના દેહવિલય ના સમાચાર જાણી અમો સૌને અતિ ખેદની લાગણી થઈ છે. સાબરકાંઠાના મહાત્માઓની વિનંતીને માન આપીને કવિરાજશ્રીએ ચાર ચાર વખત અમારા વિસ્તારના ગામોમાં પધારી કિર્તનભક્તિ, પદો ગવડાવી, સત્સંગ કરી અક્રમ વિજ્ઞાન ની સમજ આપેલ છે જેના અમો સૌ સદાય ઋણી રહીશું. શ્રી દાદા ભગવાનના જગત કલ્યાણ યજ્ઞના પરમ નિમિત્ત એવા શ્રી કવિરાજની ખોટ સદાય અમોને અને સૌ મહાત્માઓને સાલતી રહેશે.

આજરોજ જય સચ્ચિદાનંદ સંઘ, હિંમતનગર દ્વારા સનાતન સંસ્કાર કેન્દ્ર ખાતે યોજીત ગુણાનુવાદ / પ્રાર્થના સભામાં અમો સૌ મહાત્માઓએ ભેગા મળીને અક્રમ વિજ્ઞાનની દીવાદાંડી રૂપ જ્ઞાન સભર ભક્તિ પદોના નિમિત્તભાવે રચયિતા એવા અમારા પરમ ઉપકારી શ્રી કવિરાજનાં ચરણોમાં વંદન પાઠવી એમની ઉત્તરોત્તર આધ્યાત્મિક પ્રગતિ માટે વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી, શ્રી દાદા ભગવાન તેમજ પ્રગટ જ્ઞાની પુરુષ કનુદાદાજી ને પ્રાર્થના કરી છે. કવિરાજશ્રીની સ્મૃતિમાં એમના દ્વારા રચિત સોએક જેટલાં પદો તેમજ શ્રી દાદા ભગવાન પ્રબોધિત સત્ સાધન સહિતનું પુસ્તક પ્રકાશિત કરવાનું પણ અમો સૌએ ઠરાવ્યું છે.

સ્વરચિત પદો પોતાના ભક્તિ સભર સ્વર અને સંગીતનિયોજનમાં ગાઈને પૂ. શ્રી કવિરાજ સદાને માટે બધાને પ્રેરણા આપતા રહી અમર બની ગયા છે!!

જય સચ્ચિદાનંદ!!

| | |
|---|---|
| ............ જગદીશભાઈ જોષી, સંઘપતિ<br>જય સચ્ચિદાનંદ સંઘ, હિંમતનગર | ............ આપ્તપુત્ર રોહિતભાઈ પટેલ |
| ............ ઈશ્વરભાઈ પટેલ, ટ્રસ્ટી | ............ બાબાભાઈ પટેલ |
| ............ ડૉ. કાંતિભાઈ પટેલ, ટ્રસ્ટી | ............ વિનુભાઈ પટેલ |
| ............ સતીશભાઈ પટેલ, ટ્રસ્ટી | ............ મોહનભાઈ પટેલ |
| ............ અમીતભાઈ પટેલ, ટ્રસ્ટી | ............ ડૉ. જગદીશભાઈ રાવલ |

JAY SACHCHIDANAND SANGH TRUST
At. Kankrol, Ta. Himatnagar-383 001.
Dist. Sabarkantha

P.T.O.

Patel પટેલ અમૃતભાઈ જી.
મુ. [illegible]

Patel પટેલ હિંમતભાઈ ડી.
મુ. [illegible]

[illegible]

D. N. [illegible]

વિનોદચંદ્ર [illegible]

[illegible] પટેલ [illegible]

જયંતિભાઈ [illegible] પટેલ - [illegible]

ઈશ્વરભાઈ [illegible] [illegible]

જશવંતલાલ જી. ચૌહાણ.

પુરુષોત્તમભાઈ હીરાભાઈ પટેલ
- [illegible]

Patel Rasikbhai B Pagle.

ચૌધરી [illegible] [illegible] [illegible]

પંચાલ [illegible] [illegible] [illegible]

પટેલ [illegible] [illegible] [illegible]

શારદાબેન બી ચૌહાણ

નીલાબેન રતિ પટેલ

[illegible]

નીતાબેન જગદીશભાઈ જોષી

પટેલ [illegible] એમ. [illegible]
[illegible]

પુષ્પાબેન [illegible]
[illegible]

કમલાબેન હરેશભાઈ પટેલ

[illegible]

[illegible]

[illegible] સોની

રંજનબેન મહેશભાઈ પટેલ

## ૭.૬ કવિરાજશ્રીનાં પદો અને તેની સમજ અંગેના રિસર્ચ પ્રોજેક્ટ

પૂજ્ય શ્રી દાદા ભગવાનના શબ્દો હતા કે, 'આપ્તવાણી અંગે વર્ષો પછી રિસર્ચ થશે અને અમારું વિજ્ઞાન સાયન્ટિસ્ટોને મળશે, જે એમના શબ્દોમાં વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડશે'. એમ, કવિરાજનાં પદો અંગે પણ શ્રી દાદાજીનાં વચન હતાં કે "આ કવિનાં પદો પર ભવિષ્યમાં રિસર્ચ થશે અને અંદર નર્યું વિજ્ઞાન જ છે." જે ભાવના વર્તમાન જ્ઞાની પુરુષ કનુદાદાજીના નિમિત્તે સાકાર થઈ અને ૨૦૦૯ થી હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર કાર્યરત છે.

ઓક્ટોબર ૨૦૧૨ની બોર્ડ મિટિંગમાં નક્કી થયું કે મુક્તિ સુખ ભાગ-૧ માંથી ૩૬ પદ પર રિસર્ચ આરંભ કરવું. જે ૩૬ પદો હાલ રિસર્ચ માટે લેવાયાં છે તે આપ્તપુત્રો અને કવિરાજને આપીને તેમના તરફથી વિશેષ સમજ લખી મોકલવા જણાવેલ. ત્રણ આપ્તપુત્રોએ તે માટે સહાય કરીને તેમની ઓડિયો સ્ક્રિપ્ટ આપી હતી અને કવિરાજશ્રીએ આ ૩૬ પદોની સમજ, પૂર્વભૂમિકા વગેરે તેમના અક્ષરમાં લખીને ભવિષ્ય માટેનું મટીરિયલ પૂરું પાડ્યું છે, અને આમ રિસર્ચ સેન્ટર પર મોટો ઉપકાર કર્યો છે. તેમની promptness, ડેડીકેશન વગેરે અદ્‌ભુત હતાં. આમાંથી ઘણાં પદો પૂજ્ય કનુદાદાશ્રીએ સમજાવ્યા છે જે તે આઠ ડીવીડી સૅટમાં છે. તે ઉપરાંત, ઘણા પદો અને તેની સમજ પાંચ આજ્ઞા પરમાર્થ ભાગ-૧-૧૩, ભગવાન શું હશે ? વગેરે Subject wise DVD અને Books માં છે.

વખતો વખત કવિરાજ પદ ગાય અને પૂજ્ય કનુદાદાશ્રી સમજાવે. કવિરાજ પણ ઘણી વખત તેમની તળપદી ભાષામાં સમજાવતા કે તે પદ કયા આધારે, ક્યાં લખાયું વગેરે કહીને સોનામાં સુગંધ મેળવતા. આ બધા સત્સંગની ડીવીડીના આઠ સૅટ અત્યાર સુધી શ્રી દાદા ભગવાનની પુણ્યતિથિએ દર વર્ષે બહાર પડયા છે અને મહાત્માઓ ને તેની પ્રભાવના અથવા Nominal Cost થી આપવામાં આવી છે. આ આઠ ડીવીડી-સેટમાં ટોટલ એક સો પદ લેવાયાં છે, તેનું વારંવાર પારાયણ કરવાથી વિજ્ઞાનની સમજ પાકી થાય છે.

ભવિષ્યમાં કવિરાજનાં પદ પરની રિસર્ચ ઘણી પેઢીઓ સુધી હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર મારફત ચાલુ રહેશે. કવિરાજ તરફથી દરેક પ્રસંગો માટેના પદો લખાયેલા છે તે પદો સ્કૂલો, લાઈબ્રેરીમાં, મંદિરોમાં, હૉસ્પિટલમાં, મરણ પ્રસંગે, જાહેર સ્થળોએ ગૂંજે અને જનસામાન્ય સુધી ફેલાય તેવી યોજનામાં છે; પૂરેપૂરો વેગ મળ્યો નથી પણ પ્રયત્નો ચાલુ રહેશે. આ પ્રોજેક્ટ દરેક મહાત્માનો છે અને તે પ્રમાણે આપનો સમય અને ટેકો આપવા વિનંતી.

જય સચ્ચિદાનંદ !

સુરેશભાઈ અને ઈલાબેન પટેલ
૪ નવેમ્બર, ૨૦૧૯

## ૭.૭ મારા Friend, Philosopher & Guide એવા કવિરાજ

મારા Friend, Philosopher & Guide એવા કવિરાજ શ્રી નવનીતભાઈ સંઘવી સાથે મારો છેલ્લાં ૩૪ વર્ષથી પારિવારિક સંપર્ક સતત રહેલ છે. અમારી પ્રથમ મુલાકાત ૧૯૮૫માં જય સચ્ચિદાનંદ સંઘના આદ્ય સકળ સંઘપતિ શ્રી ખેતસીભાઈએ કરાવેલી જે અમો બધાને એમની કારમાં શ્રી દાદા ભગવાનનાં દર્શનાર્થે લઈ ગયેલ. કવિરાજશ્રી દાદા ભગવાનના જન્મોત્સવ વખતે ૧૯૮૭ માં વડોદરા આવેલ ત્યારે અમે કોઈ ખાસ ઓળખાણ વગર જ અમારે ઘેર રોકાવા વિનંતી કરી, ને તરત જ સંમત થઈ ગયા; ન કોઈ મોટાઈ, આનાકાની કે વિશેષતા ! એ પછી તો અનેકવાર પધાર્યા અને અમારી આધ્યાત્મિક પ્રગતિ માટે નાનાં મોટાં ઉપયોગી અંગત સૂચન કરતા. એકવાર કહે, "લાલાભાઈ, તમારા ઘરમાં આરતી નથી કરતા ?" ત્યારથી આરતી અમોએ કરવા માંડી ! અમારા વતન સાકરોડિયા ગામમાં પણ ૧૯૯૨-૯૩-૯૪ દરમ્યાન પધારી સત્સંગ સાથે પદો ગવડાવી જ્ઞાની પુરુષ કનુદાદાજી થકી જ્ઞાનદીક્ષા પામેલ નવા-સવા મહાત્માઓને પદ ગાતાં શીખવાડ્યું. એમને લઈને કેસરિયાજી, શામળાજી, શ્રીમદ્ રાજચંદ્ર વિહાર (ઈડર) , તારંગાજી, મહેસાણા વિગેરેની યાત્રાએ ગયેલા ત્યારે પણ ધર્મ સંબંધી વાતો તથા શ્રી દાદા ભગવાન સાથેનાં સ્મરણો કહેતા, પત્ર વ્યવહાર, ટેલિફોનિક વાતચીત- મેસેજની આપ-લે થતી રહેતી, અને અનાયાસે અમારા પરિવારજનોનું ઘડતર થતું રહ્યું જેનો પ્રતિ ઉપકાર વાળવા અમે કોઈ રીતે સમર્થ નથી. એક પત્રમાં મને 'સર્વમિત્ર' સંબોધન કરી સૌ પ્રત્યે મૈત્રીભાવનો સંદેશ આપ્યો હતો જે મને હરહંમેશ યાદ રહેશે. એકવાર કહે કે કેસરિયાજી તીર્થનું તમારે પૂર્વજન્મનું અનુસંધાન છે. ૨૦૦૩માં સાકરોડિયા ગામ અમારા વતનમાં રોકાયા ત્યારે સવારે ઉઠીને કહે કે અહીં વૈજ્ઞાનિકો રિસર્ચ કરતા હોય એવું મને સ્વપ્ન આવ્યું. એ પછી તો બાર વર્ષ બાદ મારે પ.પૂ. કનુદાદાજીની આજ્ઞાથી હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટરની ટીમમાં સામેલ થવાનું બન્યું !!

એકવાર મેં એમને સ્વામિનારાયણ ભગવાનની દિનચર્યાનું પદ સંભળાવી વિનંતી કરી કે શ્રી દાદા ભગવાન વિશે પણ નિદિધ્યાસનનું આવું પદ લખજો. તરત જ કહે , એવાં અમુક પદ છે જ પણ નવું એક લખીશું અને લખ્યું પણ ખરું. કવિ પોતે જ ગાયક હોય એવું જવલ્લે જ બન્યું છે અને સાથે-સાથે વળી સંગીત નિયોજક પણ હોય એ તો મહદ્ આશ્ચર્ય જ ગણાય જે શ્રી કવિરાજ નવનીતભાઈ સંઘવી બાબતે શ્રી દાદા ભગવાનની કૃપાથી બન્યું છે !! આથી અમો બન્ને ભાઈઓ કવિરાજને અવારનવાર આગ્રહ કર્યા કરતા કે આપની તબિયત સારી છે ત્યાં સુધી આપનાં તમામ પદો ગાઈને રેકોર્ડીંગ કરાવો તો ભાવિ પેઢીને ઘણો જ ફાયદો થાય તેમ છે. કવિરાજ આ કાર્ય શરૂ કરવા સંમત થયા અને આપણે સૌ જાણીએ છીએ કે અમેરિકા-ન્યુજર્સીના મહાત્માઓ શ્રી નલિનભાઈ પટેલ અને નરેન્દ્રભાઈ પટેલ તથા આપ્તપુત્ર યોગેશાનંદજી વિગેરેના ઉલ્લેખનીય

સહયોગથી આ ઐતિહાસિક કાર્ય સુપેરે પાર પડ્યું છે જેથી આગામી હજારો વર્ષો સુધી કવિરાજશ્રીનાં જ્ઞાન-ભક્તિ સભર પદો એમના જ દિવ્ય સૂરમાં રેલાતા રહી સૌને લાભાન્વિત કરતાં જ રહેશે !!

કવિરાજ એટલે ચન્દ્ર જેવું સૌમ્ય શીતળ અને નાના બાળક જેવું નિર્મળ નિખાલસ વ્યક્તિત્વ ! ભક્ત કવિ નરસિંહ મહેતા જેમ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જ્યાં થતી જાણે, ત્યાં પહોંચી જતા એમ કવિરાજ પણ જ્યાં-જ્યાં દાદા ભગવાનનું કીર્તન થતું જાણે ત્યાં-ત્યાં ઉમળકાભેર પહોંચી ભક્તિમાં જોડાઈ જાય !! એમના અંતરમાંથી છલકાતી શ્રી દાદા ભગવાન પ્રત્યેની અહર્નિશ ભક્તિ જે કોઈ એમના સંપર્કમાં આવે તેના હૃદયને અવશ્ય ભીજવી દે, એવા કવિરાજ એ પણ આ કળિકાળના જીવોને શ્રી દાદા ભગવાને અગિયારમા આશ્ચર્યરૂપ અક્રમ વિજ્ઞાનની અનુપમ ભેટની સાથોસાથ આપેલ બીજી અદ્‌ભુત ભેટ છે ! હરકોઈ અવતારી મહાપુરુષો આ રીતે પોતાના મંડળ સહિત જ જગત્-કલ્યાણ અર્થે પધારી આ પૃથ્વીને પાવન કરતા હોય છે. આપણે આવા અક્રમ વિજ્ઞાની શ્રી દાદા ભગવાન, વર્તમાન જ્ઞાની પુરુષ કનુદાદાજી તેમજ કવિરાજશ્રી નવનીતભાઈના રૂબરૂ સત્-સમાગમ પામવા ભાગ્યશાળી બન્યા તે બાબત આપણને સૌને પણ મનુષ્ય જીવનની સાર્થકતાનો અહેસાસ કરાવે છે.

જય સચ્ચિદાનંદ !

**લાલાભાઈ ડી. પટેલ તથા સમગ્ર પરિવારના વંદન**

સાકરોડિયા તા. હિંમતનગર જી. સાબરકાંઠા

## ૭.૮ કવિરાજઃ મારા સંગીત ગુરુ

મહાત્મા રામતીર્થનો મેસેજ આવ્યો કે આપણા લાડીલા કવિરાજ દેવલોક થયા છે. મેસેજ વાંચીને અમે સ્વાભાવિક જ લાગણીઓનો આંચકો અનુભવ્યો કે, હોય નહીં ! આ શું થઈ ગયું ? માત્ર બે અઠવાડિયાં ઉપર જ અમારી સાથે વાતચીત થયેલી ત્યારે એવું કંઈ જ લાગેલું નહીં કે કવિરાજ આટલા ટૂંકા ગાળામાં આપણી વચ્ચે નહીં હોય !

ધીરે-ધીરે વાસ્તવિકતાએ મારા વિચારો ઉપર કાબૂ જમાવવા માંડ્યો. કવિરાજ મારા માટે મારા સંગીત ગુરુ જ નહીં, પરંતુ મારા એક કૌટુંબિક વડીલ જેવા પણ હતા. દરેક પ્રસંગોમાં એમનું guidance મને અચૂક મળતું. દર ગુરુપૂર્ણિમા વખતે મને કાયમ પૂછતા કે આ વખતે કેવું રહ્યું ? તમે કયાં-કયાં પદો લીધેલાં ? રામે શું ગાયેલું ? અમારી વિગતવાર એ વિશે ચર્ચા થતી..... અને આવા બધા વિચારોના વમળમાં અટવાતાં-અટવાતાં તેમનાં જૂનાં સંસ્મરણો અને સલાહ યાદ આવી ગયાં. તેઓ મને કહેતા કે, ‘‘ભૂપતભાઈ, ક્યાંય પણ લાગણીવશ બનવા જેવું નથી’’. આના પરથી મને એમની સાથેનો એક પ્રસંગ યાદ આવે છે.

૧૯૯૭માં પૂજ્ય મહાત્મા ભૂલાભાઈના દેહાંત પછી એમના છોકરા સંજયના ૧૯૯૮માં લગ્ન હતાં. કવિરાજ પણ આ પ્રસંગે અમારી સાથે જ હતા. સાંજે ગણેશ પૂજનની વિધિ પછી ઘરની બધી જ વ્યક્તિઓ ઊભી હતી અને સ્વાભાવિક જ વિધિ કરતા મહારાજ દ્વારા ભૂલાભાઈનું નામ લેવાતાં બધાં જ થોડાં લાગણીવશ થઈ ગયાં હતાં, ઘણાની આંખો પણ ભીની થઈ ગઈ હતી. અને કવિરાજ મારી બાજુમાં ઊભા રહીને આ બધું જોતા હતા. બીજે દિવસે સવારે તેઓ બાથરૂમમાં ન્હાવા માટે ગયા ત્યારે હું બહાર ઊભો હતો કે એમને કંઈક જરૂર પડે તો.. થોડીવારમાં એમણે મને બાથરૂમમાંથી કહ્યું કે કાગળ -પેન લઈ આવો અને હું લખાવું તેમ લખી લો. કવિરાજે મને પદની લાઈન લખાવી કેઃ

‘કુછ બાતેં યાદ આયેં,  દિલ મજબૂત કર લેના;
દો આંસુ કા અભિષેક, દાદા કો ચડા દેના..’’

અને બહાર નીકળીને એમણે એમના કાગળમાં ફેર કરી લીધું, પછી એ કાગળ મને આપીને એમણે મને સમજાવ્યું. આ સાથે એ કાગળ ને કોપી મોકલું છું. આપણા જીવનમાં એવા કેટલાય પ્રસંગો આવશે કે આપણને લાગણીવશ બનાવશે, પરંતુ યાદ રાખજો કે લાગણીઓ હંમેશા પુદ્ગલપક્ષી જ હોય છે; એમાં આત્મા ને કશું જ લેવાદેવા નથી. માટે લાગણીવાળા પ્રસંગોમાં ક્યારે પણ લાગણીવશ ના બનશો. એમની એ સલાહ હજી પણ દરેક પ્રસંગે અમે પાળીએ છીએ અને બને એટલા પ્રસંગમાં involve થયા વગર એના observer રહેવાનો પુરૂષાર્થ કરીએ છીએ. આજે કવિરાજ ભલે આપણી વચ્ચે સ્થૂળ

સ્વરૂપે નથી પરંતુ એમનાં લખેલાં-ગાયેલાં પદો દ્વારા, એમની કીર્તનભક્તિ દ્વારા આપણી સાથે જ છે અને કાયમ રહેશે. આવા આપણા કવિરાજ હરદમ સપને પણ ના ભૂલાય !

ભૂપતભાઈના લઘુત્તમ ભાવે જય સચ્ચિદાનંદ !

ભૂપતભાઈ પટેલ
Sylva, Atlanta, Georgia, USA
૪ નવેમ્બર, ૨૦૧૯

## 7.9 Nagarjee Dada Parivaar Tribute to Shri Kaviraj Navnit Gokuldas Sanghvi

With bottomless gratitude and reverence on behalf of the Sayam Dham Parivaar Los Angeles, California.

To the Whole Parivaar of Mahatma Shri Navnit G. Sanghvi, dearly know as Shri Kaviraj to thousands across our great Mother earth,

It is difficult to put into words the impact of Shri Kaviraj on our whole parivaar. His divine hymns have been a part-and-parcel of our lives for close to four decades. We grew up listening and singing them.

It is undeniable that when we listen and/or sing the divine hymns, our consciousness gets uplifted no matter what state our psyche or consciousness may be in at that time. There is an intangible power behind the divine hymns that have flowed from Shri Kaviraj.

As a young Mahatma, I especially had a tremendous liking for song, so I would spend hours reading, re-writing in a notebook, analyzing, memorizing and singing Shri Kaviraj hymns. When we sing Shri Kaviraj hymns our consciousness becomes purified and we are able to think with clarity. Our mental fog somehow dissipates! The hymns are powerful cleansers for the mind and psyche. They also serve to heal our mental and emotional ailments. Our spirits and hearts experience being uplifted by listening and chanting Shri Kaviraj hymns.

Our mother would always be singing kirtan, or a hymn as she cooks, cleans and even as she just moves around the home. Our sisters would always have Shri Kaviraj hymns playing as they cook, clean or are driving in their cars.

Our youngest uncle, Mahatma Mohanbhai, has been incredibly blessed to spend much time with our beloved Shri Kaviraj and has the great fortune to be instrumental in creating many tools for Mahatmas worldwide to benefit from Shri Kaviraj's divine hymns.

I have personally heard Shri Dada Bhagavan say that one hymn sung with focus and pure intent is equivalent to a 'samayik'! And Shri Dada Bhagavan had told me that if I sing kirtan bhakti for an hour a day, I will have a straight unobstructed path to the final liberation.

We are incredibly fortunate and blessed to have the treasures of hymns (kirtan, paado, aartis, stavans,

prarthnas) left by Shri Kaviraj for the benefit of all of those who are in search of liberation from the cycle of birth-and-death. The vibrations of his hymns uplift all of mankind and all sentient beings on our planet earth.

We also have Bharatbhai, son of Shri Kaviraj and Shri Damyantibawho will continue his legacy and was trained by none other than our very own beloved Shri Kaviraj! How fortunate we are to have such a treasure?!

Please accept our heartfelt condolences. We pray to Shri Dada Bhagavan, Shri Simandhar Swami Prabhuji, Present GyaniPurush Param Pujya Shri Kanudadaji, VitragShashan Dev-Devis and NispakshpatiShashan Dev-Devis that Shri Kaviraj's Pure Soul has an unobstructed path to his final liberation. We pray that the whole Parivaar is graced with peace, serenity, solace and healing at a time of letting go of a physical presence.

Shri KavirajNavnit Sanghvi will live on in our hearts until we reach our final destination of liberation in Siddha Kshetre.

With bottomless gratitude and reverence to the whole parivaar.

Jai Satchidanand!

Shaila Mulji & All Members of Nagarjee Dada Parivar (Singod), L.A.
Jagat Kalyan Ho! Jagat Kalyan Ho! Jagat Kalyan Ho!

## ૭.૧૦ સંસ્મરણો

અમારા પરિવાર સાથે કવિરાજનો એક અલગ અને અનોખો પરિચય હતો. અમોએ ૨૦૦૪માં પરમ પૂજ્ય કનુદાદાજી પાસે જ્ઞાન લીધું. ત્યારથી અમે કેસેટોમાં કે સી.ડી.માં કવિરાજનાં પદો સાંભળતાં અને મને પોતાને સંગીતમાં રસ હોવાથી એમનાં પદો સાંભળવાનું ઘણું ગમતું. અમારા બંને છોકરાઓને (કૃણાલ અને જૈમીન) પણ પદ સાંભળવાનું અને ગાવાનું ખૂબ ગમે.

અમે અમારા ગામે થતી ભક્તિમાં કવિરાજનાં પદો ગવડાવતા, એમાંથી દાદાની કૃપાથી જૈમિન (નાનો પુત્ર) કવિરાજની કેસટોમાં જે સંગીત હોય એ જ સંગીત કીબોર્ડ પર વગાડતાં શીખી ગયો. એ જે રીતે કીબોર્ડ પર music સેટ કરે એ જોઈને મને પોતાને પણ નવાઈ લાગતી. અમારે ત્યાં આપ્તપુત્રોનો સત્સંગ હોય ત્યારે જૈમીન પોતે કવિરાજનાં પદો ગવડાવતો. ૨ એપ્રિલ ૨૦૧૭ એ અમારા બુહારી ગામે જ્યારે સત્સંગ રાખેલો ત્યારે જૈમીનના પદો અને મ્યુઝિક સાંભળીને આપ્તપુત્ર બિહારીઆનંદજી ખૂબ ખુશ થઈ ગયેલા અને ખૂબ વખાણ પણ કરેલાં. ત્યાર પછી સેન્ટર-wise ઉજવાતા ગુરુપૂર્ણિમા ૨૦૧૭ના પ્રોગ્રામમાં જૈમીનને બિહારીઆનંદજીએ કામરેજ ક્ષેત્રે પદો ગવડાવવા માટે તક આપી. અમારા માટે એ ખૂબ આનંદની વાત હતી અને બિહારીઆનંદજીનો એ માટે ઘણો આભાર પણ માનીએ છીએ.

૨૦૧૭ની ગુરુપૂર્ણિમામાં જૈમીન દ્વારા સંગીત સાથે ગવાયેલા ગુરુપૂર્ણિમાનાં પદો પૈકી "ગગન ગાજે ગોખ ગાજે" જ્યારે કવિરાજે પોતે whats'app પર સાંભળ્યું ત્યારે એમણે જૈમીનનો નંબર શોધી સામેથી ફોન કર્યો અને કહ્યું કે "આ પદ સાંભળી એવું લાગ્યું કે કવિ પોતે જાતે જ ગાતો હોય". એ પહેલાં કવિરાજ જોડે અમારો વ્યક્તિગત કોઈ પરિચય ના હતો. અમારા માટે તો આ એક ખૂબ જ મોટી આશ્ચર્ય તેમજ ગૌરવની વાત હતી. જેમનાં પદો અમે આટલાં વર્ષોથી ગાઈએ એ પોતે જો સામેથી આવું કહે તો એનાથી વધારે બીજું શું જોઈએ!

જૈમીનની કવિરાજના પદો ગાવા-ગવડાવવાની પ્રગતિમાં કવિરાજના આશિર્વાદ તેમજ માર્ગદર્શનનો ખૂબ જ મોટો ફાળો છે.

ત્યાર પછી કવિરાજે જૈમીન ને ખૂબ જ પ્રોત્સાહન પૂરું પાડ્યું અને મુંબઈના પ્રોગ્રામમાં જ્યારે જૈમીન ગયેલો ત્યારે એને પોતાની બાજુમાં બેસાડીને પદ ગવડાવવા કહેલું અને ત્યારે પણ કહેલું કે જાણે કવિ પોતે જ ગાતો હોય એવું લાગે છે; અને આ પહેલો એવો જોયો કે જે પોતે જ પદ પણ ગવડાવે અને પોતે જ સંગીત પણ વગાડે અને તે પણ કેસેટમાં પદનું જે original સંગીત હોય એ જ exact વગાડે.

જેનાં પદો આટલાં વર્ષોથી સાંભળતાં હોઈએ અને એમની સાથે ગાવા ગવડાવવાની તક મળે તો એનાથી મોટું અહોભાગ્ય શું હોઈ શકે! જ્યારે જ્યારે જૈમિન પદ ગાતો ત્યારે એમને whats'app પર મોકલતો અને એ પોતે રેર્કોડિંગ સાંભળીને કવિરાજશ્રી એને જરૂરી સૂચન કરતા અને પ્રોત્સાહન પણ આપતા.

હમણાં સપ્ટેમ્બર ૨૦૧૯ના અંતમાં, હિંમતનગર ખાતે પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ કનુદાદાજીના જન્મોત્સવના પ્રોગ્રામમાં ગવાયેલાં પદો બાબતે કવિરાજ સાથે ટેલિફોનિક વાત થયેલી અને એમણે ખૂબ આશીર્વાદ પણ આપેલા. એમણે રાણીઅંબા સોનગઢ ગુરુપૂર્ણિમામાં અમે ગાયેલ થાળ ''આજે મારે થઈ છે આનંદની હેલી'' ના પણ ખૂબ વખાણ કર્યા હતાં.

કવિરાજને અમે આખો પરિવાર ખૂબ જ miss કરીશું. અમારા સૌના કવિરાજને ખૂબ ખૂબ પ્રણામ અને દાદાશ્રીને તેમજ સીમંધર સ્વામીને એ જ પ્રાર્થના કે મોક્ષે જતા સુધી એમનું દર્શન સાચવજો !

જય સચ્ચિદાનંદ!!

- ડૉ. મહેન્દ્રભાઈ, હિનાબેન, કૃણાલ, રિદ્ધિ, જૈમીન(બુહારી)

## કોયલ ઉડી ગઈ...

આપણા જય સચ્ચિદાનંદ સંઘના નાના-મોટા સૌના વ્હાલા પ્યારા એવા કવિરાજ શ્રી નવનીતભાઇ સંઘવી સાહેબ માટે આપણી પાસે કોઇ શબ્દો નથી, ફક્ત અને ફક્ત જ્ઞાની પુરુષો જ કંઇ કહી શકે એમ છે. જન્મ થી મૃત્યુ સુધી પદોમાં એટલા અને એવા શબ્દો કુદરતી મુકયા છે. આપણા જેવા માટેતો સમુદ્ર માં થી છીપલા વીણવા કરતાં પણ વધુ મુશ્કેલ છે. જાણે અચાનક જ કોયલ કંઠીલા શબ્દો સાથે ઉડી ગઈ હોય, એમને આપણે શું અર્પણ કરી શકીએ?

એવા કવિરાજ શ્રી ને લાખ લાખ વંદન છે..

અજયભાઈ પટેલ, સુરત.

## ૭.૧૧ કવિની કરજો કવ્વાલી

તમારા વિશે શું લખીએ કવિરાજ, જેણે પોતે એટલું બધું લખ્યું છે!

તમારા શબ્દો થકી જ તમને વર્ણવી શકાય તેવુ છેઃ ''કવિની કરજો કવ્વાલી, થબાકા સંગ દઈ તાળી''..

અમે નાના હતા ત્યારે ૨૦૦૪માં પપ્પા મમ્મીએ પરમ પૂજ્ય શ્રી કનુદાદાજી પાસે જ્ઞાન લીધું અને ત્યારથી અમે તમારા પદો સાંભળીને જ મોટા થયા છીએ એમ કહીએ તો ચાલે.

નાના હતા ત્યારે તો સાંભળવું ગમતું એટલે સાંભળતાં, બાકી કશુંયે સમજ ન પડતી, પણ જેમ જેમ મોટા થતા ગયા અને આ દાદાનું અલૌકિક જ્ઞાન થોડું ઘણું સમજાતું ગયું, તેમ તેમ દાદા માટે તેમજ જેમના પદો થકી આવા અદ્‌ભુત, અવર્ણનીય અને અલૌકિક જ્ઞાની પુરુષ ની ઓળખાણ થતી ગઈ એવા કવિરાજ માટે અહોભાવ પ્રગટ થતો.

''દા'ડે દા'ડે દાદા માટે, ઉમટ્યાં ખેંચાણ,<br>ધાર્યા નો'તા એવાં એવાં અંદર થ્યાં ખેડાણ''

આવા તે કેવા સંપુર્ણ જ્ઞાની પ્રગટ્યા હશે કે જેમની કૃપાથી કવિરાજ નિમિત્તે આવાં અદ્‌ભુત પદો લખાયાં! અને તે પણ વિજ્ઞાન આખું જેમાં વણાઈ જાય!! ખરેખર ધન્ય છે આ દાદા ને તેમજ ધન્ય છે કવિરાજને!

''કવિ તારા પદો એ જ પ્રેમ પત્ર દાદા જોગ''

દાદાના ચારિત્રને જ્યારે કવિરાજના પદો થકી સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે સૌપ્રથમ અહોભાવ ઉભો થાય, અને પછી એક અંદરથી કવિના જ શબ્દો માં વિરહની વેદના ઉભી થાય.

''હે દાદાજી, તમને નથી મેં જોયા તે મહાદુઃખ!''

તેમ છતાં એ વાત નો આનંદ છે કે પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ કનુદાદા થકી આ જ્ઞાન પામ્યો તેમજ કવિરાજનાં પદો થકી અને દિવ્યપવિત્ર આપ્તપુત્રો થકી આ જ્ઞાનને સમજ્યો તો ખરો.

''અમે કેવાં પુણ્યશાળી, ભગવાનની ભૂમિકા આ દેહે મેં નિહાળી''

કવિરાજનાં પદોએ અમારામાં એવું અદ્‌ભુત સંસ્કાર સિંચન કર્યું છે કે વ્યવહારની કોઈ પણ ગૂંચ આવે ત્યારે અંદરથી કવિરાજના નિમિત્તે દાદાની અસીમ કૃપા થી લખાયેલા પદની તે ગૂંચને ઉકેલનારી ચાવી રૂપે જે તે સંજોગને અનુરૂપ પદની કડી સાથે 'નવનીત' ગુંજી ઉઠે છે અને તે ગૂંચનો ઉકેલ લાવવા માટેની સહજ શક્તિ દાદાની કૃપાથી મળી જાય છે.

"'દાદા' લખાવનાર, 'દાદા' જ સુણનાર, 'દાદા' જ જગાડનાર;
'નવનીત' નિત્ય યાચક કૃપાળુ 'તે', પરમાત્મા મુજ આધાર"..

હર્ષના પ્રસંગમાં કે અંદરની મુંઝવણના પ્રસંગમાં, ભીડમાં કે એકાંતમાં, ગમે ત્યારે અને ગમે ત્યાં, તમારાં પદ સાંભળીને અંદરથી અદ્ભુત ઠંડકની તેમજ આનંદની અનુભૂતિ થાય છે.

આત્મલક્ષી તમારા આ અદ્ભુત પદો, અમોને મોક્ષે જવાના આ અક્રમ માર્ગમાં, કે જેના પથદર્શક દાદા ભગવાન છે, એ માર્ગ પર જાણે આંગળી પકડીને ચાલે એવું લાગે છે.

"ગમ્મે ત્યાંથી ગાશું તોયે દાદાજી પોંખે,
ગમ્મે ત્યારે ગાશું તોયે દાદાજી પોંખે,
આપણાં પદો જ એવાં સમો લાગે લેખે"..

સ્થૂળ સ્વરૂપે તમે આજે અમારી સાથે નથી. પરંતુ સૂક્ષ્મરૂપે, તમારા પદો નિમિત્તે તમે હંમેશા અમારામાં ગુંજતા રહેશો! અને તમારા પદો દ્વારા અમારામાં સિંચાયેલા દાદાઈ સંસ્કાર રૂપે હંમેશા અમર રહેશો.

"પ્રત્યેક સમય સંસિદ્ધમ્ સામગ્રી પૂજા ની,
નવનીત મરે તોય અમર થાય સ્વ-ભજની."

મુંબઈના દર શનિ-રવિના પ્રોગ્રામ માં જ્યારે જ્યારે તમારી સાથે નજર એક થતાં તમારાં મુખ પરનું એ સુંદર હાસ્ય, જે ક્યારેય ભુલાય એવું નથી અને એ હાસ્યને અમે ખૂબજ miss કરીશું. અમારા પરિવાર (ડૉ. મહેન્દ્રભાઈ, બુહારી -પિતા) સાથેનો તમારો અનોખો પરિચય અને અમારા પર તેમજ નાના ભાઈ(જૈમીન) પર તમારી કૃપા આશીર્વાદ અને માર્ગદર્શન કયારેય ભુલાય એવું નથી.

અમારી કવિરાજને ખૂબ જ ભાવ પૂર્વકની શ્રદ્ધાંજલિ છે.
તમારા થકી જ લખાયેલું મારું પ્રિય પદ યાદ આવે છે.

"નીરવતા ભેદાઈ જાય, તેવુ મૌન સ્ત્રવિયું,
ભીતરનાં એકાંતનેય ગાતું કરે કવિ તું"..

-કૃણાલ મહેન્દ્રભાઈ પટેલ (ગામ- બુહારી, બારડોલી)ના લઘુતમ ભાવે જય સચ્ચિદાનંદ !

## 7.12 My Musical 'Guruji'

November 5, 2019

My deepest obeisance to my musical 'Guruji' Shri Kaviraj Navnitbhai Sanghvi. It is with a deep heart that I write this today. My brother and I have listened to Kaviraj's divine Pads, Kirtan Bhakti and Aartis since birth. Since I can remember I had a special interest in music, specifically developed by listening to different *raagas* of Kirtan Bhakti and different Pads of Kaviraj. As I grew older, I began to idolize Kaviraj, that one day I too could sing and play harmonium just like him. My grandparents brought us various instruments from India during their trips. At a very young age, I would sit at the harmonium not knowing how to play or to read, with the Mukti-Sukh book upside down and reciting Pads by heart, thanks to my grandparents' teachings from a very young age. Trips to India always included a special trip to Kaviraj and Damyantikaki's home. Every year at Guru Purnima in the USA I would recite various Pads of Kaviraj, even if it was just a few lines and this interest, like many other Youth at my age, developed into learning at least one Pad every year by heart.

I specifically remember when I was just 4-5 years old during a trip to India, I wasn't feeling well and my Ba called Kaviraj to help cheer me up. The movie Rangeela was a super hit that year, and I just saw it a few days before the phone call. Immediately Kaviraj started singing Jai Jai Kar to the tune and cheered me up!

Later when I was about 8 years old, I asked Kaviraj on the phone to send me a special gift - a Pad - back home with my grandparents, specifically a Pad no one ever sung before. He lovingly wrote the Pad 'Guru Purnima Chhe Ram' just for a small boy like me.

My interest in music developed further, special thanks to Bhupatkaka of Sylva, NC, also a dear 'student' of Kaviraj. We would travel to various cities over the eastern US and attend 24hr Kirtan Bhaktis nearly every month. I also started studying to sing in school through Chorus at this time. It was then that my grandparents, my younger brother and I travelled to India the summer of 2005 so that I could learn basic Sangeet from Kaviraj. We travelled from Juhu to Matunga, for 2 weeks twice a day, to visit Kaviraj and I had the opportunity to sit with him, in the same room that he would sit with Shri Dada Bhagwan and wrote numerous Pads in His divine presence. Kaviraj lovingly planted a seed that year that I will never be able to pay back to him. As a 15-year-old boy, I wasn't able to learn

in the true sense of Hindustani classical music but he taught me the fundamentals of 16 basic *Raagas* that lay a foundation to most Pads and Kirtan Bhakti *raagas*. He left me with his blessing and a short Mantra to recite before singing and continued to encourage me to practice more and more.

This year during PPS Kanudadaji's 90th Birthday Celebrations, I had the chance to listen in on a phone call of Dadaji and Kaviraj. After the call, Kaviraj thanked me for dialing the phone to him and he told me that he watched the celebrations online and that many of Mahatmas present were new to Kaviraj and that he wanted me to pass his Jai Sachchidanand and Pranam to all. Although they were new to Kaviraj, I told him that Kaviraj isn't new to anyone and that his music lives in the hearts of all.

His love for all Mahatmas was absolutely deeper than the oceans combined.

Like many Mahatmas, I've been blessed to know Kaviraj and to learn from him. His gift to mankind in the form of Pads and Kirtan Bhakti is a gift we will never be able to repay and his only *bhaav* was 'Jagat Kalyan' in the purest sense. His Pads are so heart-capturing that even a newcomer can listen to and feel that they are in his presence in the divine court of Shri Simandhar Swami and Shri Dada Bhagwan. He was a true wonder of Shri Dada Bhagwan's grace and will continue to inspire mankind to experience the bliss of Vitrag Vignan for the rest of time.

My deepest condolences to Damyantikaki, Bharatkaka, Kinjalkaka and family.

Jai Sachchidanand,

Ramtirth
Oak Ridge, TN USA

## ૭.૧૩ "સ્મરણાંજલિ"

પ્રતિઃ મહાત્મા દમયંતીબહેન નવનીતભાઈ સંઘવી તથા
ભરતભાઈ, કિન્નરભાઈ અને સમગ્ર પરિવાર, મુંબઈ

"દાદા ભગવાન ના અસીમ જય જયકાર હો"

જય સચ્ચિદાનંદ સંઘ ની સ્થાપના અને તેના મૂલ્યોનું જતન કરનાર સ્તંભરૂપ સાક્ષીઓ જેઓ સંપૂજ્ય દાદા ભગવાન અને પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ પ.પૂ શ્રી કનુદાદાજીના અત્યંત કૃપાપાત્ર રહેલ એવા મહાત્માવર્ય કે.સી મહેતા સાહેબ, ડૉ. જે.પી અમીન સાહેબ, પૂ. રસિકભાઈ કાંતિલાલ પટેલ ની ચાલુ સાલમાં સમયાંતરે વિદાય બાદ અચાનક તા. ૨૨-૧૦-૨૦૧૯ના રોજ મળસ્કે દીપોત્સવ પર્વ શરૂ થવાના બે દિવસ પહેલાં જ કવિરાજશ્રી નવનીતભાઈ સંઘવીએ આપણા સૌ વચ્ચેથી મોક્ષગામી યાત્રાએ પ્રયાણ કર્યું છે.

કવિરાજ માટે જેટલું લખીએ કે કહીએ એટલું ઓછું પડે..શબ્દો ખૂટી પડે.. ફક્ત અહોભાવ જ રહ્યા કરે...!!

પ્રત્યક્ષની વીતરાગ વાણી જેમ છે તેમ ધારણ કરી, કવિની કલમે પદ્યમાં રૂપાંતર થવું, તેને સંગીત સભર સ્વરમાં સિંગર તરીકે ભૂમિકા ભજવી, દાદાનો રાજીપો મેળવનાર "કવિરાજ" તરીકે ઓળખ પામનાર એક અણમોલ, અવિસ્મરણીય જગત્ કલ્યાણના ઉત્તમ નિમિત્તે આપણી વચ્ચેથી વિદાય લીધી છે..!

પ્રગટ પ્રત્યક્ષની હાજરીમાં પ્રગટ પરમાત્માની ભક્તિ "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો" ની અનુપમ ભેટ જગતને નિમિત્ત સ્વરૂપે પ્રાપ્ત કરાવનાર પણ "કવિરાજ"!!

"હું જન્મ મરણ થી મુક્ત એવો શુદ્ધાત્મા છું" એવું અજન્મા શુદ્ધાત્મા પદ, સંપૂજ્ય દાદા ભગવાન અને ત્યારબાદ પ.પૂ કનુદાદાજીની અસીમ કૃપાથી મહાત્માઓને થયેલ "પ્રતીતિ - અનુભવ" અને લક્ષ સાથેની યાત્રામાં "કવિરાજ" આપણા સૌની અંદર "દાદા ભગવાનના અસીમ જય જય કાર હો" ની સ્વરૂપ કીર્તન ભક્તિ અને "પદ ગુંજન" સ્વરૂપે કાયમ હાજર રહી સ્વ—સ્વભાવમાં સ્થિત રહેવામાં ઉપકારી હતાં, છે અને રહેશે.

હે અંતર્યામી શ્રી સીમંધર સ્વામી અરિહંત પરમાત્મા, શ્રી દાદા ભગવાન વીતરાગ પરમાત્મા, પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાનીપરૂષ પ.પૂ કનુદાદાજી, શ્રી કવિરાજ નવનીતભાઈના પ્રતિષ્ઠિત આત્માને આપનાં સુચરણોમાં સ્થાન આપી તેમનો મોક્ષમાર્ગ નીર્અંતરાય રહે એવી કૃપા આશિષની "પ્રાર્થના - અભ્યર્થના" ના અમે સૌ અભિલાષી છીએ.

લિ. વડોદરાના સર્વે મહાત્માઓના જય સચ્ચિદાનંદ !

# Jai Sachchidanand Sangh - USA

**"DADA BHAGWAN NA ASEM JAI JAI KAR HO"**

Oct 24, 2019

Dearest Mahatmas Shree Bharatbhai, Kinjalbhai, Damyantiben, Binaben and Parivaar,

All JSS USA DADA Mahatmas express our heartiest condolences for the passing of Mahatma Shree Kaviraj Navnitbhai Sanghvi physical presence; and yet our hearts are very much filled with his subtle presence in our lives, as someone very much alive. That is reflective of his priceless contributions! Shree Kaviraj is very much part of our entire "DADA" family, and we all are greatly privileged to pray for him to Shree Simandhar Swami, Vitrag Shree Dada Bhagwan, Present Gnani Param Pujya Shree Kanudadaji and to all Shashan Dev-Devis for the uninterrupted divine further journey towards attaining the final liberation from the cycle of birth-and-death.

Shree Kaviraj, with immense blessings and krupa of both Vitrag Dada Bhagwan and present Gnani Purush Param Pujya Shree Kanudadaji winning over the hearts of the spiritual world, all Dada Mahatmas world over! And he has become one of the very key instruments spreading "DADA" science of soul and non-soul and he is a divine cause, which has and will continue to have great impact. His presence and contributions will be celebrated for ages to come and benefit countless spiritually aspiring souls.

When one's heart is aligned with the Divinity of the Universe, from it comes what we have seen in the forms of thousands of Hymns, Aratis, Kirtan Bhakti unfolding Dadaji's science of soul and non-soul in multi-faceted ways. He will be continued inspirational source with Shukla Dhyan and Dharma Dhyan for "DADA" Mahatmas, whenever singing or listening to the Paado. What a wonderful 'nimit' for the benefit of mankind and all sentient beings of our planet Mother Earth. We offer our countless humble hearty salutes to you dear Mahatma Shree Kaviraj Navnitbhai G. Sanghvi. This comes directly from the heart centers of all "DADA" Mahatmas.

All JSS USA Mahatmas have been praying along with and in the divine presence of Gnani Purush Param Pujya Shri Kanudadaji.

JAI SACHCHIDANAND!

Jai Sachchidanand Sangh USA & Dada's Mahatmas

**Mahatma Shree Vasantbhai U. Patel** ______________

**Mahatma Shree Maganbhai Patel** ______________

**Mahatma Shree Shaileshbhai Vakil** ______________

**Mahatma Shree Pravinchandra J. Patel** ______________

**Mahatma Shree Kiranbhai Patel** ______________

**Mahatma Shree Arvindbhai M. Patel** ______________

**Mahatma Shree Ajaybhai Raval** ______________

**Mahatma Shree Ruchirbhai Patel** ______________

અક્રમમાર્ગી - દાદા ભગવાનના કૃપાપાત્ર



કવિરાજ નવનીતભાઈ ગોકળદાસ સંઘવી

પ્રેમ સ્વરૂપ દાદા ભગવાનના કૃપાપાત્ર



દમયંતીબેન નવનીતભાઈ સંઘવી

કુટુંબપ્રેમી - સરળ



ભૂપેન્દ્ર ગોકળદાસ સંઘવી

સફળ કર્મ યોગીણી - વાત્સલ્યમૂર્તિ



ઉષા ભૂપેન્દ્ર સંઘવી

# સંઘવિજય ગાથા

પરમ પૂજ્ય શ્રી ગોકળદાસ મુળજી સંઘવીનો આ વંશ, પ.પૂ. મ.સા. ચારિત્રવિજયના પુનીત આશીર્વાદથી, પિતાશ્રીના સરળ, પ્રમાણિક, ધર્મનિષ્ઠ, કષાય રહિત જીવન વ્યવહારથી, સમાજમાં અને કુટુંબમાં સૌના હૃદય જીતીને, કોઈના પણ વાણી વિચાર કે વર્તનથી દિલ દુભવ્યા વગર, નડ્યા વગર, શુદ્ધ પ્રેમપૂર્વક, આદર્શ જીવન જીવતાં, ૧૨૫ વર્ષના વહાણા બાદ હવે ચોથી-પાંચમી પેઢીમાં પ્રવેશ કરી ચુક્યો છે.

આ કુટુંબમાં આવનારી લક્ષ્મી અને સરસ્વતી સ્વરૂપ વહુઓ પણ આ સંઘવી કુટુંબમાં, પવિત્ર નદીઓના સંગમની જેમ, દૂધમાં સાકર ભળી જાય તેમ, પ્રેમથી ભળી ગઈ છે. આ કુટુંબની દીકરીઓ પણ પરણીને જે ઘરોમાં ગઈ છે તે બધા જ કુટુંબના હૃદયમાં વસીને, બધાના હૃદય જીતીને સસરા અને પિયર એમ બંને પક્ષોને ઉજળા કર્યા છે.

આ કુટુંબના બધા દીકરાઓ એ પણ સ્વબળે, પ્રમાણિકતાથી, કોઈની પાસે હાથ લંબાવ્યા વગર, જાત મહેનતથી, કોઈના પણ દિલ દુભાવ્યા વગર, પ્રચંડ પુરુષાર્થથી, ધંધામાં અને કુટુંબમાં એક મતતા સાથે, ભિન્ન ક્ષેત્રોમાં આગળ વધીને, બધાનો પ્રેમ પામીને, પ્રસિદ્ધિ સાથે, પોત-પોતાના ઘરો સ્થાપીને, જીવનમાં સફળતા સાથે આગેકુચ કરી, સંઘવી કુટુંબની યશગાથામાં પુષ્પો ઉમેરતા રહ્યાં છે.

પિતાશ્રી ગોકળદાસબાપાની આ વંશાવલી પ્રેમ, ધર્મ અને નીતિ સાથે વીતરાગોના અમૃતમાર્ગમાં આગેકુચ કરતી રહે એવા સમાજના સૌ સભ્યોના આશીર્વાદની અપેક્ષા સહ, લઘુતમ ભાવે...

સમસ્ત શ્રી ગોકળદાસ મુળજી સંઘવી કુટુંબના સર્વ સભ્યો

તા.૨૪-૧૦-૨૦૧૯

# * શ્રદ્ધાંજલિ *



શ્રી ગોકળદાસ મુળજી સંઘવીના પરિવારજનો - મુંબઈ
શ્રી ભુપેન્દ્રભાઈ ગોકલદાસ સંઘવી – અડાલજ, ગાંધીનગર

આપના પરિવારના સં. પૂ. દાદાભગવાનના લાડીલા અને જય સચ્ચિદાનંદ સંઘના પૂજ્ય કવિરાજ **શ્રી નવનીતભાઈ** ગોકળદાસ સંઘવીના તા.૨૨-૧૦-૨૦૧૯ને મંગળવારના રોજ સ્વર્ગવાસ બદલ અમો ઘણાંજ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરીએ છીએ.

પંચમ કાળ ઘણો જ કપરો અને કઠીન છે. સગા-સ્નેહીની ગેરહાજરી આપણા સર્વેના મનને વિષાદ અને દુઃખથી ભરી દે છે. પરંતુ આપનું કુટુંબ જૈન ધર્મનું જાણકાર છે. કર્મના સિધ્ધાંત પ્રમાણે જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. આવા દુઃખદ સમયે જેટલી સમતા (શાંતિ) અને ધીરજ રાખી શકાય તેટલી રાખવાનો પ્રયત્ન સર્વે કુટુંબીજનોએ કરવાનો રહે છે.

પુણ્યાત્માની ખોટ હંમેશા આપના કુટુંબને સાલશે અને કુટુંબમાં ન પુરાય તેવી ખોટ ઊભી થઈ છે. તેમની અથાગ તન, મન અને ધનથી સેવા કાયમ યાદીપૂર્ણ રહેશે.

આપના કુટુંબના મિલનસાર, પરોપકારી અને ધરને માટે કંઈક સારૂં કરવાની ભાવનાવાળા દિલાવર અને સૌજન્યશીલ પરમ પુણ્યાત્માને જિનેશ્વર પ્રભુ સદગતના આત્માને પરમોક્ષ અર્પે તેવી અંતઃકરણ પુર્વક પ્રાર્થના કરીએ અને આપના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ અરિહંત પ્રભુ આપે.

આપનો સમગ્ર પરિવાર અમારા સૌનું સાંત્વન સ્વીકારશોજી.

ૐ શાંતિ ... શાંતિ ... શાંતિ

જય જિનેન્દ્ર - જય સચ્ચિદાનંદ

લિ.

**શ્રી લલિત જયંતીલાલ શેઠ પરિવાર (મોટી પાનેલીવાળા)**

૧૦૨/૧૦૩, ઓમ પ્લાઝા, કસ્તુરી ગાર્ડન રોડ, મેક્ષસ મોલ પાછળ, ભાયંદર (વેસ્ટ) ૪૦૧૧૦૧
મોબાઇલ: લલિત - ૦૯૮૯૨૨૫૧૭૦૯

૭.૧૫

|| ૐ નમો વીતરાગાય ||

"દાદા ભગવાનના અસીમ જય જય કાર હો"

આજથી ત્રીસ વર્ષ પહેલા લોસ એંજેલસમાં પૂજ્ય શ્રી કનુ"દાદા"જી પાસે "જ્ઞાન" લીધા પછી નિયમિત રીતે સત્સંગમાં જવાનું શરુ થયું. સંગીતમાં રસ હોઈ, મહાત્માઓ જે પદો ગાતા તે ઝીલતા ઝીલતા મને પણ ધીમે ધીમે પદો ગાવાની ફાવટ આવવા લાગી. પછી તો શ્રી કવિરાજના ગાયેલા પદોની કેસેટ્સ પણ મળી અને એ રીતે કવિરાજ મારા "કેસેટ ગુરુ" બન્યા.

થોડા વર્ષો પછી લોસ એન્જલસમાં જ પૂજ્ય કવિરાજ સાથે રુબરુ મુલાકાત થઈ અને એમની સાથે રેકોર્ડિંગ કરવાનું સૌભાગ્ય પણ મળ્યું. એ રેકોર્ડિંગ વખતનો એક અનુભવ મને કાયમ માટે યાદ રહી ગયો છે, જે એક એક શબ્દ માટેની શ્રી કવિરાજની ચીવટ બતાવે છે.

"દાદા" આરતી પછી ગવાતી "પ્રગટ દાદા" સ્તુતિનું રેકોર્ડિંગ હતું. એમાં 'શરીર છતાંયે અશરીર ભાવે, વિચરે સર્વજ્ઞ એને વંદન કરું છું'......... આ લાઇન આવી જ રીતે ગવાતી મેં હંમેશા સાંભળેલી માટે રેકોર્ડિંગ વખતે સ્વાભાવિક રીતે મેં તો એ જ રીતે ગાયું.

અચાનક જ ઉંચા અવાજે શ્રી કવિરાજે બુમ પાડીને રેકોર્ડિંગ અટકાવ્યું અને બોલ્યા 'અશરીર' ??! સાચો શબ્દ "અશરીરી છે.........અશરી.....રી". એમ "રી" પર અવારનવાર ભાર મુકાવી મુકાવીને પ્રેક્ટિસ કરાવી. અને તે દિવસથી આજ સુધી કાયમ માટે '**અશરીરી**' યાદ રહી ગયું છે અને હવે તો ભૂલમાં પણ 'અશરીર' બોલાતું નથી!!

પૂજ્ય કવિરાજના રચેલા દિવ્યપદોએ મારા જીવનમાં કેટલો મોટો ભાગ ભજવ્યો છે એ વાત કરું તો પ્રતિકૂળ સંજોગોમાં ક્યારેક અંદરથી જ એકાદ લીટી સ્ફુરી નીકળતી તો ક્યારેક બહારથી કવિરાજના પદની એકાદ લીટી વાંચવા/સાંભળવા મળી જતી અને એ એકકજ લીટીએ તરત જ અંદર સ્થિરતા કરાવી હોય એવાતો ઘણા બધા અનુભવો છે (અને આજે પણ થઈ જ રહ્યા છે) કે એ સ્થિરતાને મારાથી શબ્દોમાં વર્ણવી શકાય તેમ પણ નથી.

ક્યારેક પદોનું પુસ્તક લઈને એકલી બેઠી હોઉં ત્યારે અને ક્યારેક તો જાહેરમાં પણ હૃદયના ઊંડાણમાં એમની અનુભવવાણી એટલી તો સ્પર્શી જાય કે ના ઇચ્છવા છતાં પણ આંખો ભીની થઈ ગદ્‌ગદ્‌ થઈ જવાય, રડી પડાય. મારો આ અનુભવ શ્રી કવિરાજને રુબરુ કહેવાનો લહાવો 2000ની સાલમાં કામરેજ તીર્થક્ષેત્રે અચાનક જ મને મળ્યો ત્યારે એમણે મને એક વાક્ય કહ્યું અને એમના જ હસ્તાક્ષરોમાં મારી નોટબુકમાં જ એ વાક્ય લખી આપવા વિનંતી કરી તો એમણે તરત જ લખી પણ આપ્યું જે હું આજે અહીં 'શેર' કરતાં ધન્યતા અનુભવું છું........

"જે ગાઈએ, તેનાથી આપણું પોતાનું હૃદય ભીંજાતું હોય, એ આપણી પોતાની સાધનાનું ચડતું શિખર છે! કવિ નવનીતના જય સચ્ચિદાનંદ! તા. 30/11/2000"

પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ શ્રી કનુ'દાદા"જીએ અમર એવા શુધ્ધાત્માનો અનુભવ કરાવ્યો અને પૂજ્ય શ્રી કવિરાજે રચેલા અમરપદોથી સ્પર્શતા અમરત્વનો અનુભવ પણ મને થઈ શક્યો. પૂજ્ય શ્રી કનુ"દાદા"જીએ મને કહેલું કે જ્યારે પણ તું પદ ગાવાની શરુઆત કરે ત્યારે પહેલા પદને નમન કરી પ્રાર્થના કરજે કે ,

"હે કવિરાજ! તમારા અંદરથી આ જે અનુભવવાણી નીકળી છે તે અમારામાં પરિણામ પામો".

મને આનંદ છે કે મારી નોટબુકમાં લખેલી આ પ્રાર્થના શ્રી કવિરાજને બતાવીને મેં એમના ચરણ સ્પર્શીને એમના આશીર્વાદ પણ મેળવી લીધા હતા.

પૂજ્ય શ્રી કવિરાજને અને એમના રચેલા "દાદાઇપદો"ને નમન કરી એમના દિવ્ય આત્માને મોક્ષ તરફ પ્રયાણના સંજોગો "દાદા ભગવાન"ની કૃપાથી મળતા જ રહે એ જ પ્રાર્થના સાથે લઘુભાવે હિના એ. લિંગાયતના જય સચ્ચિદાનંદ !

નવેમ્બર, ૨૦૧૯

વડોદરા.

## ૭.૧૬ દાદા દરબારના અમૂલ્ય રત્ન

અમારા પરિવારને ૧૯૯૬માં કવિરાજનો પરિચય થયો હતો. મહાવિદેહ તીર્થધામ, સુરત અખંડ કીર્તનભક્તિમાં અમારા આમંત્રણને માન આપીને હાજરી આપી હતી અને અદ્‌ભુત કીર્તનભક્તિ કરાવી હતી. કવિરાજ પાસેથી 'સોની'ની કેસેટો મળી હતી અને તે પદો અમે ખૂબ જ સાંભળતા હતા. પદ માટે ઘણી જિજ્ઞાસા હોવાથી તેઓશ્રીના ઘરે ગયો હતો ત્યારે પ્રેમપૂર્વક ભોજન પ્રસાદી કરાવી હતી. ત્યારબાદ માટુંગા સ્ટેશન સુધી મૂકવા આવ્યા હતા. ઘણા પદોના રાગ માટે ફોન કર્યા હતા અને ફોન પર જ પોતે ગાઈને શીખવાડતા હતા. ૧૯૯૮માં મારા નિવાસસ્થાને આવ્યા હતા ત્યારે 'ઝેર તો તમારે પીવાં જ પડશે' એ પદ ગાઈને સમજ આપી હતી. કવિરાજશ્રીના પદો ગાવાં તથા સાંભળવાં ખૂબ જ ગમતાં હોવાથી દાદાશ્રી માટેનું આકર્ષણ તથા દાદાશ્રીના જ્ઞાનનું સરળ ભાષામાં સિંચન થતું હતું.. કવિરાજશ્રીનાં અમુક પદો જેવાં કે 'દાદા અમારા પરમેશ્વર....' તથા 'ત્રિશલા માતા.... હાલરડું' ગાવાથી પરમ પૂજ્ય શ્રી કનુદાદાજીની વિશેષ કૃપા આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.. કવિરાજશ્રીની હાજરીમાં સુરત શહેરમાં મુક્તિસુખ ભજના તારીખ ૪-૧૦-૨૦૧૫ ના રોજ દેશવિદેશના હજારો મહાત્માઓએ માણ્યો હતો..

કવિરાજ એટલે ત્રિવેણી સંગમ! લખનાર-સંગીતકાર તથા પોતે જ ગાનાર !! જેની વર્લ્ડમાં જોડ મળે એવી નથી ! કવિરાજશ્રીનાં પદો એટલે નિશ્ચયમાં પ્રગતિ કરાવે તથા વ્યવહારની ગૂંચ ઉકેલવા માર્ગદર્શન મળે તથા શક્તિઓ દાદાજીની અસીમ કૃપાથી મળે છે.

'અમે તમારા નરસિંહ મહેતા, તમે અમારા શ્યામ..'.......
'સંગમેશ્વર ને સુકાન સોંપ્યાં છે, નિશ્ચયથી નવનીત ને તારે..... લખ રે'
'પ્રકૃતિથી પાર કરો છેલ્લી હૃદય ઝંખના, મહા મુક્ત દશા આપો જાગૃત સત્સંગમાં
આયખું નિર્જરાવો નિષ્કંપ સમાધિમાં....... દર્શન દેજો...'

કવિરાજ....તમે જ્યાં પણ હશો, પદ-ગુંજન થતાં જ આપશ્રીની યાદ રહેતી હોવાથી, સહુ મહાત્માઓના દિલની દુઆ આપશ્રીની સાથે ને સાથે જ રહેશે !!

જાને વાલે કભી નહીં આતે, જાને વાલે કી યાદ આતી હૈ..

રાજેશભાઈ લાકડાવાલા, સુરત

તારીખ ૪-૧૧-૨૦૧૯

Dada Sharnam Gacchami. Pujya Kaviraj will always be in heart of all Mahatmas. His Divine Pads touches Dada within all of us and beautifies inner living of all Mahatmas in a very special way.

Jai Satchitanand and koti koti Pranam to a great soul on path of Moksha.

- Sanjeev Patel, Baroda.

★★★★★

Jai Sachchidanand to all "DADA" Mahatmas.

WE ENCOURAGE ALL MAHATMAS TO VIEW Shraddhanjali to Our very Dear Shree Kaviraj with Gnani Purush Param Pujya Shree Kanudadaji satsang, courtesy of dedicated work by HSRC team in collaboration with Shree Raj Digital Studio team.

https://m.youtube.com/watch?feature=youtu.be&v=wYmOBAnI0bM

Let us all cherish the invaluable divine contribution of Shree Kaviraj in divine harmony with "DADA" KRUPA to and for us all and the world.

Hearty Jai Sachchidanand !

Jai Sachchidanand Sangh USA.

★★★★★

||ॐ ह्रीं दादा भगवन् सर्वज्ञ शरणं गच्छामि ||

Kotee kotee Vandan & Pranaam to Param Pujya Kaviraj Rajeshwar Navaneet Sanghavi's Deeply Obliging Life Mission (as well as principal Divine Livelihood commission) of Jagat Kalyaan Bhaav, towards & for all Living beings, as well as towards & for all of theirs naturally formed, formatted & formulated Hisaabee Liveliness presence.

Sincere prayers to Shree Simandhar Swami & Vitraag Dada Bhagwan, for your departed soul's journey into the eternally peaceful abode of permanent bliss.

"Dada Bhagawan naa Aseem Jai Jaikaar Ho!"

-Pranav Amin -USA
Jai Sachchidanand.

## निज-पर हित-साधन तत्पर

जिसने राग द्वेष कामादिक जीते, सब जग उसने जान लिया;
सब जीवों को मोक्ष मार्ग का निस्पृह हो ऊपदेश दिया।
बुद्ध, वीर, जिन, हरिहर, ब्रह्मा, या ऊनको स्वाधीन कहूं;
भक्ति भाव से प्रेरित हो, यह चित्त उन्हीं में लीन रहे।
विषयों की आशा नहीं जीनको, साम्य भाव धन रखते हैं;
निज पर के हित साधन को, निशदिन तत्पर रहते हैं।"

"वात्सल्य मूर्ति सर्वज्ञ श्री दादा भगवान, प्रकट परमात्मा श्री कनुदादाजी एवं सभी अक्रम विज्ञानी महात्माओं के हृदय मे वास कर रहे परम पूज्य "कविराज नवनीत भाई संघवी का शुद्धात्मा स्वरूप से मोक्षमार्गी प्रयाणअविस्मरणीय, कोटि कोट वंदनीय है। आप श्री का अवतरण उत्कृष्ट रुप से जीव मात्र के कल्याण का निमित्त रहा है,एवं अनंत काल तक रहने वाला है। आप द्वारा अद्‌भूत रूप से प्रकाशित हजारों रचनाओं द्वारा यह जगत आलोकित हो रहा है, होता रहेगा। भूतकाल के सर्व रचनाकारों के अभूतपूर्व एकत्रित स्वरूप को कोटि कोटि वंदन नमन।

जय सच्चिदानंद !

-सोमचन्द नाहटा,
जोधपुर

## ગુંજી રહ્યા..

ગુંજી રહ્યા કવિ દરેક મન મંદિરે

મન મસ્જિદમાં !

દરેક દેવ દેવીની ભવ્ય સ્તુતિમાં!

મહાવિદેહે સીમંધર સ્વામી ની આરતીમાં!

દરેક મહાત્માની વિધીમાં!

દાદા ભગવાન જય જયકારના

હૃદય ગુંજનમાં!

ગુંજી રહ્યા છે કવિ સારા

બ્રહ્માંડમાં!

- હરીશ શાહ, કેલિફોર્નિયા

# भक्ति की पावन गंगा

भक्ति की पावन गंगा सम,
कविराज जगत् को छोड़ चले।
फैला निज गीतों की सुरभि,
सब रिश्ते नाते तोड़ चले।
सबके अंतर में जगह बना,
बरसा सब पर निज प्रेम चले।
अक्रम विज्ञान को सहज सरल,
मधुरिम गीतों में गूंथ चले।
दिलकश आवाज से दिल हरके,
इक शून्य सृजन कर दूर चले।
दादा - चरणों में लय होने,
वे धार समाधि आज चले।
अगणित गीतों की रचना कर
नवनीत धन्य कर नाम चले।
दादा दर्शन की दिव्य-ज्योति,
ष्प्रसराकर वे स्वधाम चले।

-राजेन्द्र जैन

## ૮. કવિરાજ સંબંધી ઓડિયો–વિડીયોની અગત્યની લીંક

૧. આ ભજનમાળનું સામાયિક ગહન....
https://youtu.be/sfNB_zm_DVo

૨. Akram Vignan Magazine :
July-2013 , July-2018 and July-2019. https://www.jssvitragvignan.org

૩.. કવિરાજનાં પદો–presentation by Apt. Ashokanandaji
https://youtu.be/iDCs-TYf5n4

૪. દાદા ભગવાનના અસીમ જય જયકાર અંગે -કેસરિયાજી
https://youtu.be/cQP0ZrHhvWM

૫. મુક્તિસુખ ભજના – કવિરાજશ્રીનો સુરતમાં પદગુંજનના કાર્યક્રમ નો વિડીયો
Part-1 : https://youtu.be/6VtWoYCDKPw
Part-2: https://youtu.be/kd-3jwU0pEg

૬. કવિરાજશ્રીનાં પદોનાં તમામ ૨૩ પુસ્તકો ની pdf માટેની લિન્ક
http://www.jssvitragvignan.org/books?cat=9

૭. કવિરાજ પદ અને કનુદાદાજીનો સત્સંગ DVD-5 Part-1
https://youtu.be/QNfa2tFPxqo

૮. અંતિમયાત્રા
https://youtu.be/lb5mS1ma8dc

૯. કવિરાજ અંતિમ સંસ્કાર વિધી તા.૨૨ ઑક્ટોબર,૨૦૧૯
https://youtu.be/erKukCCdQIw

૧૦. કવિરાજને શ્રદ્ધાંજલિ- કનુદાદાજી વિડીયો ક્લિપ ૨૩-૧૦-૨૦૧૯
https://youtu.be/hOuxfHrkTaw

૧૧. આપ્તપુત્રો દ્વારા વિધી અને કવિરાજશ્રીની સ્મશાન યાત્રા
https://youtu.be/94eM8e0EXjQ

૧૨. શ્રદ્ધાંજલિ પ્રાર્થનાસભા -મુંબઈ તા.૨૪.૧૦.૨૦૧૯
https://youtu.be/4W62w_1Y9oE

★★★★★

## કવિરાજના પુસ્તકોનું લિસ્ટ

૧. જોશીલું જુલુસ
૨. મુક્તિ-સુખ શ્રેણી (૧) થી (૧૧)
૩. મુક્તિ-સુખ (અંતર ફોરમ)
૪. પદાંગી (અરિહંત વંદનાવલી)
૫. સત્તરંગિણી
૬. સ્વર્વાદિની-સપ્તક : ૦૧ થી ૦૮

કવિરાજશ્રીનાં પદોનાં તમામ ૨૩ પુસ્તકો ની pdf માટેની લિન્ક
http://www.jssvitragvignan.org/books?cat=9

## 10. HSRC Mobile Apps for Audio Satsang & Kaviraj Pad (Hymns)

મુમુક્ષુઓ અને મહાત્માઓ ઘેર બેઠાં મોબાઈલ ઈન્ટરનેટ મારફતે શ્રી દાદા ભગવાન, વર્તમાન જ્ઞાની પુરુષ શ્રી કનુદાદાજી ના ઑડિયો સત્સંગ તથા કવિરાજ શ્રી નવનીતભાઈ સંઘવી રચિત જ્ઞાન ભક્તિ સભર સુમધુર પદો- ભક્તિ ગીતોનો લાભ HSRC ની Mobile App દ્વારા લઈ શકે છે.

HSRC Mobile App-1

Name: Dada Satsang Player

Link : https://play.google.com/store/apps/details?id=com.dadasatsangplayer

આ મોબાઈલ ઍપ મારફત શ્રી દાદા ભગવાનના ઑડિયો સત્સંગ આશરે ૪૦૦૦ કલાકના મૂળ સ્વરૂપમાં ઑનલાઈન (ઈન્ટરનેટથી) સાંભળી શકાય છે. અમુક વિષયની ઑડિયો ક્લિપ પણ છે. તેમ જ વર્તમાન જ્ઞાની પુરૂષ કનુદાદાજીનો ઑડિયો સત્સંગ ૫૦૦ કલાકનો સાંભળી શકાય છે.

HSRC Mobile App-2

Name: Kaviraj Pad Player

Link : https://play.google.com/store/apps/details?id=com.kavirajpadplayer

આ મોબાઈલ ઍપ દ્વારા કવિરાજશ્રીનાં ૧૦૦૦ જેટલાં પદો ઑનલાઈન (ઈન્ટરનેટથી) સાંભળી શકાય છે, મનગમતાં પદનું પ્લે લિસ્ટ બનાવી શકાય છે, જે તે પદ વાગતું હોય ત્યારે તે પદનું લખાણ વાંચી શકાય છે અને તેની pdf ડાઉનલોડ કરી શકાય છે. પ્રસંગ પ્રમાણેનાં પ્લે લિસ્ટ પણ છે.

**નોંધ:** ઉપરોક્ત બંને ઍપ માં એકબીજા ઍપની લિન્ક આપેલ છે. અને ઍન્ડ્રોઈડ તેમ જ આઈ-ફોન માટે ની ઍપ છે iPhone માં safari મારફત સાંભળી શકાય છે. હજારો મહાત્માઓ અને જિજ્ઞાસુઓ આ બંને ઍપનો લાભ લઈ રહ્યા છે.

## ૧૧. કવિરાજનો સૌ મહાત્માઓને સંદેશ

૧૭મી અને ૨૩મી સપ્ટેમ્બરના (કનુદાદાશ્રીના) જન્મોત્સવ ઉજવનાર સૌ મહાત્માઓને ખુશાલી મુબારક. જય હો દાદા ભગવાન ! માતાજીની ગુજરાત પર મહાકૃપા છે અને રક્ષણ છે. જ્ઞાની ગુજરાતમાં પાક્યા એટલે જ ભારત વર્લ્ડનું આધ્યાત્મિક કેન્દ્ર બનશે. જય અંબે !

-કવિરાજ નવનીત સંઘવી
૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૯

કવિરાજની બિમારીમાં જે સત્સંગ ગૃપ, અમેરિકા, લંડનના મહાત્માઓ વિગેરે એ સામૂહિક કે વ્યક્તિગત રીતે કવિરાજની તંદુરસ્તી માટે પ્રાર્થનાઓ ગોઠવી તે બધાનો કવિ-કુટુંબ ખૂબ જ આભાર માને છે.

-કવિરાજ નવનીત સંઘવી
૧૬મી ઓક્ટોબર, ૨૦૧૯

રંગાઈ જાને રંગમાં,
દાદાભગવન્ કેરા સત્સંગમાં, આતમરામ તણા તું રંગમાંઃ
આજે વધશે કાલે વધશે,વધશે રોજ કષાય, એથી ફરીશ તું ચારેયગતિમાં આમને આમ,
રિલેટીવ ને રિયલ માન્યું તેથી ઉભી થઇ આખી આ પઝલ, તેનો નથી રે કોઇ અંત, એમાં ફસાયા આતમરામ;
પોતે બંધ્યો પોતાની  અણસમજણથી, ભ્રાંતિરસના દરિયામાં આમને આમ, એમાંથી છોડાવે દાદાશ્રી,
જ્ઞાની પુરુષ પાસે જ્ઞાન મળતા, છૂટશે ભ્રાંતિ તમામ,ચાખશે મુક્તિ સુખ કાયમનું...
રંગાઈ જાને રંગમાં.

-કવિરાજ નવનીત સંઘવી
૧૬મી ઓક્ટોબર, ૨૦૧૯









કવિરાજના પદ - સમજ અને પૂજ્ય કનુદાદાજીનો સત્સંગ
DVD - 1
ગુરૂપૂર્ણિમા
૩ જૂલાઈ ૨૦૧૨
કેલનપુર, વડોદરા




કવિરાજના પદ - સમજ અને પૂજ્ય કનુદાદાજીનો સત્સંગ
ભાગ - ૨
DVD - 1
મહાપ્રકાશ પર્વ
૨૬ જાન્યુઆરી ૨૦૧૩
કેલનપુર, વડોદરા




કવિરાજના પદ - સમજ અને પૂજ્ય કનુદાદાજીનો સત્સંગ
ભાગ - 3
DVD - 1
ગુરૂપૂર્ણિમા
૨૨ જૂલાઈ ૨૦૧૩




કવિરાજના પદ - સમજ અને સત્સંગ
૧ ફેબ્રુઆરી ૨૦૧૪
શ્રીમતી આર.એન.શેઠ વિદ્યામંદિર, મુંબઈ
DVD - 1
ભાગ - ૪
જય સચ્ચિદાનંદ સંઘ

## કવિરાજનું છેલ્લું પદ ઓક્ટોબર ૫, ૨૦૧૯...એમના પોતાના હસ્તાક્ષરમાં.



એક વાર સપનામાં આવો સીમંધર ભગવાન
પઝસું જગતનાં બિડેલાઈ જાશે તમામ









આ છે તે વૈષ્ણવજન જે નરસિંહ ગુંજ્યો પ્રભાતે રે...







પિતાશ્રી સ્વ. ગોકુળદાસ સંઘવી



માતૃશ્રી સ્વ. સૂરજબેન સંઘવી




HOLISTIC SCIENCE RESEARCH CENTER

Vitrag Vignan Charitable Research Foundation

(Trust Reg. No. E/6760/Surat, 3 March 2009)
Near MahavidehTeerth Dham, N. H. 8, Nansad Road, Kamrej Char Rasta,
Ta. Kamrej, Dist. Surat - 394 185. Tel. : +91 2621-250750
e-mail : hsrcsurat@gmail.com | www.holisticscience.org, www.vvcrf.org
Pan No. AABTV1268N, 80(G) No : AABTV1268N/625/15-16/T-718/80G(5)/Dated : 15-02-2016
Govt. of India NITI DARPAN NGO Registration No. GJ/2017/0155433